|| સ્વામિશ્રીજી ||

Anoopam Mission

**મૂર્તિપ્રતિષ્ઠા વિશેષાંક**

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે
સપ્ટેમ્બર ૨૦૨૪ * વર્ષ ૩૯ * અંક ૬





અમેરિકાના મિડ વેસ્ટ પિયોરિયા સ્થિત
|| ઉપાસના ધામ ||ના નૂતન મંદિરજીમાં બિરાજતા
શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજને ઘણી ખમ્મા !
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સાથે અંતરની વંદના !

SHRI SWAMINARAYAN MANDIR
MURTI PRATISHTHA MAHOTSAV
MIDWEST PEORIA
AUGUST 24-27, 2024



## સંબંધવાળામાં મહારાજ જુઓ !

~ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પપ્પાજી મહારાજ

# પરમ પૂજ્ય ગુરુહરિ પપ્પાજીને પ્રાગટ્ય મંગલપર્વે હૃદયવંદન !

**ભગવાનની** કૃપા, સંતોનાં વચને થતી માહાત્મ્યયુક્ત સેવા, ગદ્ગદ હૃદયની પ્રાર્થના-ભજન અને ગુરુહરિના આશીર્વાદના સુફલરૂપ જીવનના પ્રત્યેક નવા પ્રભાતે બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના વિરાટ આધ્યાત્મિક પરમ દિવ્ય સ્વરૂપનાં મહિમા અને માહાત્મ્ય વધતાં જ જાય છે, વધતાં જ જાય છે.

વીસમી સદીમાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે જે આધ્યાત્મિક ઉત્ક્રાંતિનાં મહા યુગકાર્યો સાકાર કર્યાં છે તેનાં પરિમાણો જેમ જેમ ઊઘડતાં જાય છે તેમ તેમ આ બંને દિવ્ય યુગવિભૂતિઓ પ્રત્યે ભક્તિસભર હૃદયનાં અનંત કોટિ વંદન ધન્યભાવે સહજ જ અર્પણ થાય છે.

બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે સાકાર કરેલાં મહાયુગ કાર્યોમાં એક એટલે જંગમતીર્થોનાં સર્જન ! ૧૯૫૨માં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપના સાક્ષાત્કાર પામી જેઓના જીવનની પ્રત્યેક પળનાં વિચાર, સંવેદના, વાણી-વ્યવહાર અને મૌન સંપૂર્ણરૂપે કેવળ પ્રભુની પ્રેરણાના વાહકરૂપી વહી રહ્યાં તેવા પરમ દિવ્ય જંગમતીર્થ એટલે બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પપ્પાજી ! સપ્ટેમ્બર માસની પહેલી તારીખે તેઓના પ્રાગટ્ય મંગલપર્વે બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પપ્પાજીને અનંત હૃદયવંદન સાથે ભક્તિસભર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ !

નિરંતર બ્રાહ્મીસ્થિતિમાં સ્થિર, અપાર સામર્થ્યના નિયંતા છતાં બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પપ્પાજી સહજ અને અખંડ દાસત્વભાવની પરાકાષ્ઠાએ જીવ્યા. બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની કૃપા, આશીર્વાદ અને દિવ્ય સંકલ્પના સુફલરૂપ એક મહાન આધ્યાત્મિક યુગકાર્યના જ્યોતિર્ધર છતાં પણ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પપ્પાજીને તેનું જાણપણું પણ નહીં !

કેવળ પ્રભુની દિવ્ય પ્રેરણા અને શક્તિના પરમ દિવ્ય વાહકરૂપ જંગમતીર્થ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પપ્પાજી બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ પ્રેરિત આધ્યાત્મિક ઉત્ક્રાંતિને સાકાર કરવામાં સ્વયં યોગીરૂપ થઈ અનેક ચૈતન્યોનાં આધ્યાત્મિક ઉત્થાન દ્વારા તેઓની પરબ્રહ્મની ભક્તિના માર્ગના રાહબર બન્યા, પ્રાણાધાર બન્યા !

બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પપ્પાજીએ સ્વહસ્તાક્ષરમાં આલેખેલા "સંજીવની મંત્ર" પરમ દિવ્ય આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રવૃત્ત સાધકોના સાધનામાર્ગની અમૃત સંજીવની સમાન છે. "સંબંધવાળામાં મહારાજ જુઓ..." કેવળ ત્રણ શબ્દોનું આ વાક્ય 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પ્રબોધિત બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરવા પ્રવૃત્ત સાધકો-મુમુક્ષુ માટે અધ્યાત્મપ્રકાશ યુક્ત મહા માર્ગદર્શક અને પ્રેરણાસૂત્ર છે.

આ મંત્ર અને આ સૂત્રને આપણાં જીવનઆચરણ બનાવીએ તેવા શુભ સંકલ્પ અને પ્રાર્થનાપૂર્ણ હૃદયે કૃપાશિષની યાચના સાથે બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પપ્પાજીને પ્રાગટ્ય મંગલપર્વે શત શત કોટિ વંદન ! ◆

સા.શ્રી...

~ સાધુ મનોજદાસ

SHRI SWAMINARAYAN MANDIR

# MURTI PRATISHTHA MAHOTSAV

MIDWEST PEORIA

AUGUST 24-27, 2024

## પિયોરિયામાં આનંદ છલકાયા, નૂતન મંદિરે પ્રભુ બિરાજ્યા,
## શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ડંકા દિગંતે ગૂંજ્યા !

**સંતભગવંત** સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની કૃપાશિષથી અમેરિકાના મિડ વેસ્ટ ઝોનમાં ઈલિનોઈસ રાજ્યના પિયોરિયા ખાતે અનુપમ મિશનનું વધુ એક હરિમંદિર નિર્માણ પામ્યું અને પ્રભુ ધામધૂમથી તેમાં બિરાજી ગયા. પિયોરિયાના ભક્તોની સેવા, ભક્તિ અને અંતરના પોકારને ગ્રહણ કરી પ્રભુએ આ દિવ્ય સ્થાનમાં બિરાજવાની કૃપા કરી !

પિયોરિયામાં ડૉ. જિતુભાઈ-રીટાબહેન, બિમલભાઈ-પૂજાબહેન, મનુભાઈ-સુધાબહેન, ડૉ. જિતુભાઈ શાહ-દક્ષાબહેન આદિ ભક્તો વર્ષોથી સત્સંગ-ભક્તિ કરતાં હતાં. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા ને સંતો વર્ષોવર્ષ પિયોરિયા પધારતા અને સૌ ભક્તોને સત્સંગ-સમાગમનો લાભ આપતા. એમાં વિશેષ, બિમલભાઈ-પૂજાબહેનના પરિવારને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા સાથે જીવની પ્રીતિ થઈ. જીવન તેઓનાં વચને જિવાવા લાગ્યું. પ્રભુની ભક્તિ અને ભક્તોની સેવા ભગવાનના ભાવથી થતી ગઈ. અઠવાડિક સત્સંગસભા, ઘરસભા, શિબિર અને સમૈયામાં નિયમિત હાજરી આપીને તેઓએ સત્સંગ અતિ દૃઢ કર્યો. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોને સર્વસ્વ માની ભક્તિ થતી ગઈ તો સંતોનો અપાર રાજીપો પ્રાપ્ત થતાં સેવા-ભક્તિમાં ઉમંગ વધતો ગયો, દાન-સમર્પણની સરવાણી વહેવા માંડી અને ઘર ને જીવનને મંદિર બનાવવાના કોડ સાથે સમગ્ર પરિવાર સત્સંગમાં ઓતપ્રોત થયો.

પ્રથમ ઘરમંદિર કર્યું ત્યારે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાનાં માર્ગદર્શન સાંપડ્યાં અને સમય જતાં ઘરમંદિરને હરિમંદિરમાં રૂપાંતરિત કરી તેને અનુપમ મિશનને અર્પણ કરવાના ભાવ પણ તેઓનાં જ પ્રેમ-પ્રાર્થનાને પરિણામે બિમલભાઈ અને પરિવારજનોના હૃદયમાં જાગ્યા. પટ્ટની મૂર્તિના બદલે આરસની મૂર્તિઓ પધરાવવાના તેઓને સંકલ્પ થયા. સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાએ તેઓના આ સંકલ્પને સાકાર કરવા પ્રોત્સાહન અને બળ આપ્યાં. ગત વર્ષ-૨૦૨૩માં લૉસ ઍન્જલસ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કર્યા બાદ સંતભગવંત સાહેબજી સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતો સાથે પિયોરિયા બિમલભાઈના ઘરે પધાર્યા ત્યારે બિમલભાઈ-પૂજાબહેન અને દીકરીઓ સહેલી અને સલોનીના અંતરના ભાવ અને આર્દ્ર પ્રાર્થનાને સંતભગવંત સાહેબજીએ સ્વીકાર્યાં અને પિયોરિયામાં મિડ-વેસ્ટ અમેરિકાનું અનુપમ મિશનનું કેન્દ્ર બનાવવા વિશેષ માર્ગદર્શન આપ્યાં. સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી સાધુ પૂ. રમેશદાસજી અને પૂ. સંદીપદાસજી પણ પિયોરિયા પધાર્યા અને મંદિરનું સ્થાન જોઈ, નૂતન સિંહાસન, મૂર્તિઓ આદિ માટે

બિમલભાઈ અને પરિવાર સાથે ચર્ચા-વિચારણા કરી સંતભગવંત સાહેબજી, પૂ. શાંતિદાદાની રુચિ પ્રમાણે સઘળાં આયોજન કર્યાં. સંતભગવંત સાહેબજીએ તે આયોજન મુજબ કાર્યો હાથ ધરવા અનુમતિ આપી અને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના પ્રાગટ્ય મંગલદિન-૨૭ ઑગસ્ટ ૨૦૨૪ના રોજ પિયોરિયામાં તેઓના ઘરે હરિમંદિરનાં નિર્માણ કરી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ યોજવાની જાહેરાત કરી દીધી. અને આ રીતે ૨૪ ઑગસ્ટથી ૨૭ ઑગસ્ટ ૨૦૨૪ દરમિયાન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનાં ભવ્ય આયોજન થયાં.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શને મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ અનુલક્ષ્યે ભારતમાં સંતો-ભક્તો મંદિર સિંહાસન, મૂર્તિઓ, યજ્ઞ માટેની સામગ્રીઓ, વિવિધ પ્રકાશનો આદિ તૈયાર કરવા માટેની સેવામાં જોડાઈ ગયા. અનુપમ મિશન-અમેરિકાના ટ્રસ્ટીઓ, સ્થાનિક ભક્તો અને વિશેષ તો અમેરિકાના સ્થાનિક સંતો સાધુ પૂ. જયેશદાસજી, પૂ. અરવિંદદાસજી, પૂ. નરેન્દ્રદાસજી, પૂ. કૌશિકદાસજી અને પૂ. આશિષદાસજીનાં સતત વિચરણ, માર્ગદર્શન અને હૂંફથી અમેરિકાના સક્રિય યુવાનોએ મહોત્સવનાં સુંદર આયોજન માટે નેતૃત્વ સ્વીકારી તન, મન, ધન અને સમયનાં સમર્પણ કર્યાં; પરિણામે સમગ્ર મહોત્સવ અત્યંત ભવ્યતા અને ભક્તિભાવ સાથે ઉજવાયો. સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી ઍલનટાઉન મંદિરે અનેક વર્ષોથી યોજાતા યૂથ કેમ્પમાં સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા, પૂ. હર્ષદદાદા ને સંતોનાં પ્રેમ અને જતનના પરિણામે તૈયાર થયેલ યુવાનોની આ નવી પેઢીની માહાત્મ્યસભર સેવા-ભક્તિની સુવાસનો સૌએ અનુભવ કર્યો.

ભારતથી સાધુ પૂ. રમેશદાસજી ઝા, પૂ. રમેશદાસજી દયાળુ, પૂ. રાજુદાસજી, પૂ. સંદીપદાસજી તેમજ ઇંગ્લૅન્ડથી સાધુ પૂ. જયેન્દ્રદાસજી, પૂ. કિરણદાસજી આદિ સંતો પિયોરિયા વહેલા પધાર્યા અને સ્થાનિક ભક્તો-યુવાનોને સાથે રાખી, માર્ગદર્શન આપી સમગ્ર ઉત્સવની તૈયારીમાં બળ પૂર્યાં. ૧૯ ઑગસ્ટના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી સાથે સાધુ પૂ. અશોકદાસજી, પૂ. યજ્ઞેશદાસજી અને ભક્તો ઇંગ્લૅન્ડથી પિયોરિયા પધાર્યા. બિમલભાઈના ઘરે ભાવથી તેઓ સૌનાં સ્વાગત થયાં. આ પ્રસંગે પૂ. મનોજદાસજીએ બિમલભાઈના ઘરને ॥ ઉપાસના ધામ ॥ નામથી અને મહોત્સવસ્થળ કે જે 'ઉપાસના ધામ'-મંદિરેથી આશરે ૨૦ માઇલના અંતરે ચીલીકોથીના 'શ્રી સિસ્ટર્સ પાર્ક' હતું, તેને ॥ શાંતિ ધામ ॥ નામથી ઓળખવા માર્ગદર્શન આપ્યાં. સાંજે 'શાંતિ ધામ' પર સ્વાગતસભા બાદ રક્ષાબંધન પર્વ નિમિત્તે પૂ. મનોજદાસજીએ સૌને રક્ષાસૂત્ર બાંધી આશીર્વાદ આપ્યા.

૨૦ ઑગસ્ટના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા સાથે સાધુ પૂ. ઉત્પલદાસજી, પૂ. મૂકેશદાસજી અને ભક્તો પધાર્યા ત્યારે બિમલભાઈ અને સ્થાનિક ભક્તોએ 'ઉપાસના ધામ' પર અત્યંત ભક્તિભાવે સૌનાં સ્વાગત કર્યાં. 'શાંતિ ધામ' પર સ્વાગતસભામાં પૂ. અશ્વિનદાદાએ સૌને રૂડા આશીર્વાદ આપી બળ પૂર્યાં.

૨૧ ઑગસ્ટના રોજ 'ઉપાસના ધામ' પર મંદિરજીમાં જે સ્થાને શ્રી ઠાકોરજી બિરાજમાન થવાના હતા તે સ્થાને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી અને સંતોનાં દિવ્ય સાંનિધ્યે ગર્તપૂજન અને ગર્તમાં માટીપુરાણ વિધિનો કાર્યક્રમ અત્યંત ભક્તિભાવે સંપન્ન થયો. સ્થાનિક ભક્તો પોતપોતાના નિવાસસ્થાનના આંગણાની માટી લઈને આવ્યા હતા. તેઓ સૌ યુગલ સ્વરૂપે યજમાનપદે પૂજાવિધિમાં સંમિલિત થયા અને સાધુ પૂ. અશોકદાસજી, પૂ. ઉત્પલદાસજી, પૂ. રાજુદાસજીએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર કરી સુંદર વિધિ સંપન્ન કરાવી. ત્યારબાદ વારાફરતી સૌ યજમાનો અને ઉપસ્થિત સૌ ભક્તો-યુવાનો-સંતોએ ગર્તમાં માટી તથા સ્વહસ્તે લિખિત પવિત્ર મંત્રપોથી અર્પણ કરવાનો દિવ્ય લાભ લીધો. આ પ્રસંગે મંદિરજીના સ્વર્ણિમ સિંહાસન પર ચઢાવવાના કળશનાં પણ સંતો દ્વારા પૂજન થયાં

મહોત્સવની સેવા માટે અમેરિકાના ઘણા યુવાનો ૧૯ ઑગસ્ટ સુધીમાં પિયોરિયા આવી ગયા. નિત્ય સેવાયજ્ઞની સાથે સાથે સંતભગવંત સાહેબજીની ચાતુર્માસ માટેની આજ્ઞાનુસાર સવાર-સાંજ નિત્ય ધૂન, આરતી, થાળ, 'વચનામૃત'-'સ્વામીની વાતો'નાં વાંચન, ભજનગાન આદિના કાર્યક્રમની સાથે સૌને પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી અને સંતોનાં દિવ્ય સાંનિધ્ય અને આશીર્વાદના લાભ પણ પ્રાપ્ત થયા.

૨૩મી તારીખે સંતભગવંત સાહેબજી પિયોરિયા 'શાંતિ ધામ' પધાર્યા ત્યારે સ્વાગતપથ પર યુવાનો-સંતોએ કતારબદ્ધ ઊભા રહી અત્યંત ભક્તિભાવ સાથે જોશસભર સ્વાગત કર્યાં. યુવાનોએ સ્વાગતનૃત્ય કરી સાહેબજીને આવકાર્યા. સાહેબજી પધાર્યા ને સમગ્ર પરિસરમાં અત્યંત ઉમંગ અને દિવ્ય આનંદ વ્યાપી ગયો, સૌમાં અપાર ઉત્સાહનો સંચાર થયો. આ ઉત્સવમાં સંમિલિત થવા અમેરિકાનાં વિવિધ કેન્દ્રોમાંથી અને કૅનેડા, ભારત, ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રેલિયા આદિ દેશોમાંથી સંતો-અક્ષરમુક્તો-યુવાનો મોટી સંખ્યામાં પધાર્યા. શિકાગોથી પ.પૂ. દિનકરભાઈ, પવઈથી પ.પૂ. વશીભાઈ પણ સંતો-ભક્તોના મંડળ સાથે પધાર્યા. અનુપમ મિશનના મોટી સંખ્યામાં દેશ-વિદેશથી પધારેલા સંતોની ઉપસ્થિતિએ સૌને સેવા અને મહિમાસંપન્ન ભક્તિમાં બળ પૂર્યાં.





મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ શુભારંભ પૂર્વે યુવા માર્ગદર્શન સત્રમાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

## યુવા માર્ગદર્શન સત્ર

૨૪ ઑગસ્ટ, શનિવારે સવારે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના શુભારંભ પૂર્વે સંતભગવંત સાહેબજી અને સદ્દગુરુ સંતોનાં દિવ્ય સાંનિધ્યે યુવા માર્ગદર્શન સત્ર યોજાયું. લગભગ ૧૨૦ જેટલાં યુવાનો-યુવતીઓ એક સરખી 'Let's Do Dhoon' લખેલી ટી-શર્ટ પહેરીને 'ઉપાસના ધામ' પર એકત્રિત થયાં. સભામાં ઋષિતાબહેન, મોનિકાબહેન, સહેલીબહેન, મહર્ષિભાઈ, ડૉ. નીલભાઈ, મિહિરભાઈ, તૃષિલભાઈ આદિ યૂથ લીડર્સે પોતપોતાના અનુભવની વાતો કરી, પોતાનાં મંદિર સાથેનાં, ગુરુ સાથેનાં અને સંતો સાથેનાં દઢ જોડાણનાં દર્શન કરાવ્યાં. સદ્દગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ અદ્દભુત માર્ગદશન પૂરું પાડી યુવાનોને સંતભગવંત સાહેબજીના ઈન્સ્ટ્રુમૅન્ટ બની કાર્ય કરવા પ્રેરણા આપી. પધારેલ સૌ યુવાનોને પોતાના જીવનમાં બનતા પ્રસંગો દરમિયાન મનમાં ઉદ્દભવતા પ્રશ્નોનાં સમાધાન મળે તે હેતુથી સંતભગવંત સાહેબજીએ સૌને પ્રશ્નોત્તરીનો લાભ આપ્યો. અને અંતે સૌ નિયમ-ધર્મમાં રહી ભક્તિ કરે, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રમાણે પ્રભુને સર્વોપરી માની કેવળ તેઓને જ રાજી કરવાનું જીવનનું ધ્યેય બની રહે તે માટે કટિબદ્ધ થવાના સંતભગવંત સાહેબજીએ સંકલ્પ કરાવ્યા.

## પીઠિકાપૂજન

યુવા માર્ગદર્શન સત્ર બાદ મંદિરમાં શ્રી ઠાકોરજી જ્યાં બિરાજમાન થવાના છે તે સ્વર્ણિમ સિંહાસનની પીઠિકાનાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પૂજન થયાં. સંતભગવંત સાહેબજી સાથે સદ્દગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી, પૂ. જયેશદાસજી અને પૂ. કિરણદાસજીએ ગર્તમાં વિવિધ પૂજાસામગ્રી અર્પણ કરી તેમજ સંતભગવંત સાહેબજીએ મધ્ય ગર્તમાં નવરત્ન, પંચધાતુ, પ્રાસાદિક તીર્થોની રજ, પવિત્ર જળ, મંત્રપોથી આદિ પવિત્ર સામગ્રીઓ પધરાવી અને પ્રત્યેક પીઠિકાનાં પૂજન કરી પવિત્રતા બક્ષી. આ સમગ્ર વિધિમાં સૌ સંતોએ પણ ભાગ લીધો.



ગર્તપૂજન... ગર્તમાં માટી અર્પણ... શ્રી કળશપૂજન



સંતભગવંત સાહેબજી અને સદ્દગુરુ સંતો દ્વારા પીઠિકાનાં પૂજન

# મહોત્સવ ઉદ્‌ઘાટન સભા | સાંસ્કૃતિક કાર્યક્રમ

## ૨૪ ઑગસ્ટ ૨૦૨૪, શનિવાર

૨૪ ઑગસ્ટ ૨૦૨૪, શનિવારે સાંજે મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ભવ્ય શુભારંભ થયા. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની દિવ્ય નિશ્રામાં ઉદ્‌ઘાટન સભા યોજાઈ. સભાના આરંભે મિડ વેસ્ટ મંડળનાં ભાઈઓ-બહેનોએ સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો તથા સૌ વ્રતધારી સંતોનાં પૂજન કર્યાં, ખેસ અર્પણ કરી 'પધાર્યા હૃદય અધિરાજ' કીર્તનના ભાવ સાથે ધજા લહેરાવીને ઉત્સાહભેર સ્વાગત કર્યાં.

સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી, ડૉ. જિતુભાઈ પટેલ, ડૉ. વીરેન્દ્રભાઈ, બિમલભાઈ શેઠ, મનુભાઈ, ડૉ. જિતુભાઈ શાહ, જયંતભાઈએ દીપપ્રાગટ્ય કરી મહોત્સવનું વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યું. સમગ્ર મહોત્સવના અધ્યક્ષશ્રી પૂ. અશ્વિનદાદાએ દેશ-વિદેશથી પધારેલ સૌ અક્ષરમુક્તોનાં સ્વાગત કરી, આ મંગલ મહોત્સવના આરંભનો ઉદ્‌ઘોષ કર્યો. ડૉ. જિતુભાઈ અને બિમલભાઈ શેઠે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના મહિમાની, મંદિરના સંકલ્પ અને સાકારીકરણ વાતો કરી. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં રૂડાં માર્ગદર્શન અને આશીર્વાદના ફળસ્વરૂપે પિયોરિયામાં આ મંદિર થયું તેવી હૃદયની ભાવના વ્યક્ત કરી.

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આ ભવ્ય મહોત્સવ પ્રસંગે મુક્તાર્પણ થનાર પાંચ પ્રિન્ટ પ્રકાશનો અને ચાર ઑડિયો-વિડિયો પ્રકાશનોનો અદ્‌ભુત પરિચય આપ્યો. આ તમામ પ્રકાશનોનાં વારાફરતી લોકાર્પણ દેશ-વિદેશથી પધારેલ એકાંતિક અક્ષરમુક્તોના વરદ હસ્તે કરવામાં આવ્યાં. આ પ્રકાશનો માટે સૌજન્યભક્તિ-સેવા અર્પણ કરનાર ભક્તોનો ખાસ આભાર માનવામાં આવ્યો.

'વચનામૃત'ના આધારે સંતભગવંત સાહેબજી દ્વારા ઉપાસનાનાં મર્મદર્શન કરાવતો ગ્રંથ-'ઉપાસના', બાળકોને સંસ્કાર પ્રેરતો ગ્રંથ 'સાહેબજીના સંગે દિવ્ય જીવનના પંથે', ગોષ્ઠિ દરમિયાન સંતભગવંત સાહેબજીએ આપેલ માર્ગદર્શનને સ્પષ્ટ કરતો ગ્રંથ 'સાહેબજી કહે છે, સો વાતની એક વાત', સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની પરાવાણીના અંગ્રેજીમાં ભાવાનુવાદનો ગ્રંથ 'સંત સમાગમ ભાગ-૧' તેમજ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખનપોથી' એમ પાંચ પ્રિન્ટ પ્રકાશનોનાં મુક્તાર્પણ થયાં. આ ઉપરાંત, 'યોગીદર્શન'-વિડિયો પ્રકાશન, સદ્‌ગુરુ સંતોનાં પ્રિય ૨૭ ભજનોનું મેશઅપ ૨૭ કલાકારો દ્વારા ગવાયેલ ઑડિયો પ્રકાશન 'સાધુ સાધી લે', ઈન્સ્ટ્રુમેન્ટલ ભજનોનું પ્રકાશન 'સાધુ હૃદયગુંજન', 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'ના આધાર સાથેનું કીર્તન આલ્બમ 'સંત પરમ શાંતિદાતા'નાં પણ મુક્તાર્પણ થયાં.

ત્યારબાદ સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે, **"ભગવાન સદા સાકાર છે અને પ્રગટ છે. આપણા જીવનમાં જે કંઈ થયું છે, જે કંઈ થઈ રહ્યું છે અને જે કંઈ થશે એના કરનારા આપણા પ્રભુ જ છે. અને તેઓ જે કંઈ કરે છે તે આપણા સારા માટે જ કરે છે, કારણ કે, પ્રભુ ભક્તોના સદાય હિતકારી છે, હેતકારી છે. આવું માનવું તે પ્રભુ તરફની આપણી નિષ્ઠા છે. ગુણાતીતભાવને પામેલા સાધુ થકી ભગવાન હંમેશાં પ્રગટ છે. એવા સાધુમાં આત્મબુદ્ધિ ને પ્રીતિ કરવી એ આપણા જીવનનું મૂળ કાર્ય છે. બે હાથ જોડીને તેઓની આજ્ઞા પાળવી એ પ્રભુને રાજી કરવા માટેની**



સંતભગવંત સાહેબજીની દિવ્ય નિશ્રામાં દીપપ્રાગટ્ય દ્વારા મહોત્સવના શુભારંભ



મંદિર મહોત્સવ ઉદ્‌ઘાટન સભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન




માહાત્મ્યગાન : બિમલભાઈ શેઠ, ડૉ. જિતુભાઈ પટેલ




આશીર્વાદ : સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સદગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા

**શ્રેષ્ઠ સાધના છે. એમના સંબંધવાળા ભક્તોની મન-કર્મ-વચને-નિર્દોષભાવે સેવા કરવી એ પ્રભુ તરફનું આપણું સમર્પણ છે. કોઈની ખટપટ, નિંદા, માથાકૂટ, ભાવફેર, અમહિમાની વાતોમાં પડવું નહીં, કોઈ પાડવા આવે તો માનવું નહીં એ પ્રભુને રાજી કરવાનું શ્રેષ્ઠ તપ છે. જીવનમાં કંઈ પણ થાય તો 'સ્વામિનારાયણ' મહામંત્રનો આશરો લઈએ. અડધો કલાક દરરોજ ધૂન કરીએ. આપણી આવક અને સમયનો ૧૦% ભાગ પ્રભુને અર્પણ કરીએ. અઠવાડિક સભામાં નિયમિત જઈએ. નિર્દોષભાવેયુક્ત સેવા કરીએ. આમ કરવાથી આત્માને બળ મળે તો અંદરથી અખંડ શાંતિ રહે."** પિયોરિયાના ભક્તોની સેવાને બિરદાવી મહોત્સવના આરંભે જ સૌને અલૌકિક આશીર્વાદ પ્રદાન કર્યા. સમગ્ર સભા ખૂબ અદ્ભુત અને દિવ્ય રહી. મહોત્સવનું આવું ભવ્ય ઉદ્ઘાટન થયું તેનો સૌને હૈયે અત્યંત આનંદ હતો.

## સાંસ્કૃતિક કાર્યક્રમ

મંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ દિવસની ઢળતી સંધ્યાએ પિયોરિયામાં મંદિરજીના સર્જનની ઐતિહાસિક ભક્તિગાથા તથા ભક્તોના સમર્પણભાવની ઝાંખી કરાવતો એક વિશિષ્ટ સર્જનાત્મક અને ભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમ નૃત્યનાટિકા સ્વરૂપે પ્રસ્તુત થયો. જેમાં અમેરિકા, કેનેડા તથા ભારતનાં વિવિધ મંડળોનાં લગભગ ૬૦ જેટલાં બાળકો, યુવાનો-યુવતીઓ અને ગૃહસ્થોએ ઉત્સાહભેર ભાગ લીધો. કાર્યક્રમની વિશેષતા એ હતી કે, ભારતથી યુવા સંતો-ભક્તોએ નાટ્યસંવાદરૂપે પાત્રો ભજવી, વિડિયો રેકોર્ડિંગ કરી અદ્ભુત ભક્તિ અદા કરી. સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શન હેઠળ બિમલભાઈએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અને સ્ક્રિપ્ટ તૈયાર કરી. અર્ચનાબહેનના સૌહાર્દપૂર્ણ સહયોગ સાથે સલોની, સહેલી, કૃતિ, હેલી, જાન્વી, સાત્વી, ભક્તિ, આશી, રાજવી સહિત ભારતથી સાધુ પૂ. પરેશદાસજીનાં માર્ગદર્શન હેઠળ ધનંજયભાઈ અને નીરવભાઈની સર્જનાત્મક ટીમે આ ઉત્કૃષ્ટ કલાપ્રસ્તુતિને સાકાર રૂપ આપ્યું. સાધુ પૂ. ઉત્પલદાસજીનાં માર્ગદર્શન પ્રમાણે રાહુલભાઈ, ભાવિકભાઈ, હેલીબહેન અને કુસુમબહેને આ કાર્યક્રમનાં કીર્તનોને કંઠકલાપ આપી યોગદાન પ્રદાન કર્યાં. નૃત્યનાટિકા દરમિયાન દર્શાવાયેલ વિડિયોદર્શન તૈયાર કરવાની સેવા માટે સાધુ પૂ. હરમીતદાસજી, યશવી, રાજવી, પ્રીતિબહેન, નીલ અને જયતીના સહયોગ પ્રાપ્ત થયા. અંતે સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજીએ સૌ પર અંતરનો રાજીપો અને આશીર્વાદ વરસાવ્યા. કાર્યક્રમમાં સંપ, સુહૃદભાવ અને એકતાનાં આચરણ છલકાતાં હતાં, જે દ્વારા સૌને સંતભગવંત સાહેબજીના દિવ્ય કાર્યની અપ્રતિમ અનુભૂતિ થઈ.



મંદિર મહોત્સવ સભામાં ભાગ લેનાર ભાગ્યશાળી દેશ-વિદેશના અક્ષરમુક્તો



સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકાર મુક્તો પર સંતભગવંત સાહેબજીની આશિષવર્ષા

## શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના મહાયાગ | શ્રી ઠાકોરજી શોભાયાત્રા | કીર્તન આરાધના

### ૨૫ ઑગસ્ટ ૨૦૨૪, રવિવાર

ઉપાસના ધામ, પિયોરિયામાં બિરાજમાન થનાર શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શ્રી રાધાજી-કૃષ્ણજી, સૌ ગુણાતીત સંત સ્વરૂપો તથા દેવતાઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ પૂર્વે 'શાંતિ ધામ' પર અત્યંત મંગલમય વાતાવરણમાં 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના મહાયાગ' કરવામાં આવ્યો.

આ શુભ અવસરે સંત-ભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પ.પૂ. દિનકર અંકલ, પ.પૂ. વશીભાઈ તથા સૌ સંતોનું દિવ્ય સાંનિધ્ય પ્રાપ્ત થયું. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજ-દાસજીના પ્રધાન આચાર્યપદે સાધુ પૂ. અશોકદાસજી, પૂ. ઉત્પલદાસજી, પૂ. રાજુદાસજી, પૂ. મૂકેશદાસજી, મિહિરભાઈ આચાર્ય સ્વરૂપે બિરાજ્યા અને ખૂબ ભાવથી શુદ્ધ મંત્રોચ્ચારનાં ગાન સાથે યજ્ઞવિધિ સંપન્ન કરાવી.



મહાયાગમાં પૂર્ણાહુતિનું શ્રીફળ અર્પણ કરતા સંતભગવંત સાહેબજી અને યજમાનભક્તો

નોર્થ અમેરિકાની ૨૦ જેટલી યુવતીઓએ ઋષિકન્યા સ્વરૂપે સેવા અર્પણ કરી. યજ્ઞ પ્રારંભે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી સાથે વડીલ સંતો, સાધુ પૂ. જયેશદાસજી, પૂ. કૌશિકદાસજી અને સંતોએ ઋષિકન્યાઓનાં પૂજન કરી, કંકણબંધન અર્પણ કરી યજ્ઞસેવા માટે અધિકાર આપ્યા તેમજ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પ.પૂ. દિનકર અંકલ અને પ.પૂ. વશીભાઈએ સર્વ આચાર્યશ્રીઓનાં પૂજન કરી, કંકણબંધન અને ખેસ અર્પણ કરી યજ્ઞ કરાવવાનો અધિકાર આપ્યો.

'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના જાપથી યજ્ઞનો પ્રારંભ કરાયો. મંચ સમક્ષ મુખ્ય ત્રણ યજ્ઞવેદીઓ - 'શ્રી હરિ,' 'શ્રીજી,' 'શ્રી વર્ણી' સમક્ષ પિયોરિયા-મિડ વેસ્ટના યુગલ-અક્ષરમુક્તોએ યજમાનરૂપે બિરાજી યજ્ઞવિધિનો લાભ લીધો. અન્ય ૧૦૮ જેટલાં યજમાન યુગલો તેઓ સમક્ષની યજ્ઞવેદીમાં આહુતિઓ અર્પણ કરી શકે તેવાં રૂડાં આયોજન કરવામાં આવ્યાં હતાં.

આનંદની વાત એ હતી કે, બિમલભાઈના આમંત્રણને માન આપીને પિયોરિયાના એક જ્વેલરી શૉપના અંગ્રેજ માલિક મિ. બૉબ બ્રુઝલી તેઓના પરિવાર સાથે આ યજ્ઞનાં દર્શન કરવા પધાર્યા, જેઓએ સાધુ પૂ. જયેન્દ્રદાસજી, પૂ. રાજુદાસજીને પીઠિકાપૂજનમાં પધરાવવા માટેનાં કીમતી અમૂલ્ય રત્નોની વિનામૂલ્યે સેવા શ્રી ઠાકોરજીને અર્પણ કરી હતી. આમ, શ્રી ઠાકોરજીના આગમનના દિવ્ય પ્રભાવનું સૌને દર્શન થયું !





‘શ્રી હરિ’ વેદી પર યજ્ઞવિધિમાં રત યજમાન ભક્તો



‘શ્રીજી’ વેદી પર યજ્ઞવિધિમાં રત યજમાન ભક્તો

સમગ્ર મહાયજ્ઞ અત્યંત ભક્તિભાવથી અર્પણ થયો. મહાયજ્ઞના અંતભાગમાં ત્રણ મુખ્ય યજ્ઞવેદીઓમાં પૂર્ણાહુતિનાં શ્રીફળ સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પ.પૂ. દિનકર અંકલ, પ.પૂ. વશીભાઈ અને સંતો દ્વારા અર્પણ કરવામાં આવ્યાં. સમગ્ર મહાયજ્ઞ સાધુ પૂ. રાજુદાસજીનાં ભક્તિસભર અને ચીવટપૂર્વકનાં માર્ગદર્શને સંપન્ન થયો અને સાથે સાધુ પૂ. સંદીપદાસજી, પૂ. રમેશદાસજી દયાળુની સુચારુ વ્યવસ્થા જાળવવાની સેવાના પરિણામે સઘળું શોભી ઊઠ્યું.



‘શ્રી વર્ણી’ વેદી પર યજ્ઞવિધિમાં રત યજમાન ભક્તો

બંસરી, સહેલીની આગેવાની હેઠળ રિચમંડ-વર્જિનિયાનાં બહેનો-ભાઈઓ અને સૌ યુવાનો-યુવતીઓ-ભક્તોએ યજ્ઞની પૂર્વતૈયારી તથા ઉત્થાપનની અદ્દભુત સેવા અદા કરી. પિયોરિયાનાં સ્થાનિક બહેનો-ભક્તોએ પણ સાધુ પૂ. રાજુદાસજીનાં માર્ગદર્શન મુજબ યજ્ઞસામગ્રી તૈયાર કરવાની સેવા ખૂબ ભક્તિભાવથી કરી. ‘ઉપાસના ધામ’, પિયોરિયા મંદિરજીમાં બિરાજિત થઈ રહેલ પ્રભુ અને પ્રભુનાં દિવ્ય સ્વરૂપોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે અર્પણ થયેલ આ ઐતિહાસિક મહાયજ્ઞમાં સંમિલિત દેશ-વિદેશના પ્રત્યેક યજમાનને દિવ્ય આધ્યાત્મિક અનુષ્ઠાનમાં સહભાગી થવાની ધન્યતાના અનુભવ અને દિવ્ય આનંદની અનુભૂતિ થઈ. આવા દિવ્ય મહાયાગમાં લાભ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરાવવા બદલ સૌ સાહેબજીને વંદી રહ્યાં.



મહાયાગના ભક્તિસભર આચાર્યશ્રીઓ



મહાયાગની સેવા માટે ઋષિકન્યાઓને અધિકાર અર્પણ

## શ્રી ઠાકોરજીની નગર શોભાયાત્રા

૨૫ ઑગસ્ટની સાંજે શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શ્રી રાધાજી-કૃષ્ણજી, સૌ ગુણાતીત સંત સ્વરૂપો તથા દેવતાઓના આગમનને વધાવવા માટે 'શાંતિ ધામ'ના પ્રાંગણમાં અત્યંત આનંદ-ઉમંગભેર ભવ્ય શોભાયાત્રાનાં આયોજન કરવામાં આવ્યાં. આ શોભાયાત્રામાં કલાત્મક રીતે સુશોભિત ભવ્ય રથ પર સર્વ દિવ્ય મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી. બીજા કલાત્મક રથ પર સંતભગવંત સાહેબજી મહારાજ બિરાજમાન થયા.

સ્વયંસેવકો દ્વારા સૂચના-માર્ગદર્શન અપાયાં મુજબ આબાલ-વૃદ્ધ ભાઈઓ, બહેનો, સંતો સૌ શ્રી ઠાકોરજીની નગરચર્યાની યાત્રામાં જોડાયાં. સૌથી આગળ ઋષિકન્યાઓએ શિર પર પવિત્ર કળશજી અને પોથીજી ધારણ કરી. ત્યારબાદ શ્રી ઠાકોરજીના રથ અને સંતભગવંત સાહેબજીના રથની પાછળ સદ્દગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી, પ.પૂ. દિનકર અંકલ તથા સૌ સંતો 'સ્વામિનારાયણ' મહામંત્ર અંકિત ખેસ ધારણ કરી હાથમાં ધજાઓ લહેરાવતા યાત્રામાં જોડાયા. ત્યારબાદ અમેરિકાના ઈસ્ટ કોસ્ટ, વેસ્ટ કોસ્ટ, મિડ વેસ્ટ, સાઉથ આદિ વિવિધ પ્રદેશોનાં અને કૅનેડા, ભારત, યુ.કે. આદિ દેશોનાં પ્રથમ ભાઈઓ અને ત્યારબાદ બહેનો જોડાયાં. સૌ અક્ષરમુક્ત ભાઈઓ-બહેનોના હાથમાં વિવિધ પ્રતીકો, ધજાઓ શોભાયમાન હતાં.



નગર શોભાયાત્રા માટે કલાત્મક રથમાં બિરાજમાન શ્રી ઠાકોરજી સમક્ષ ધૂન-પ્રાર્થના

શોભાયાત્રા દરમિયાન ભક્તિબહેન અને સાત્વીબહેનનાં સર્જનશીલ માર્ગદર્શન અનુસાર થોડા થોડા અંતરે યુવાનો, યુવતીઓ, પિયોરિયા મંડળનાં બહેનો અને નોર્થ અમેરિકાનાં બહેનોએ કીર્તનભક્તિના તાલે નૃત્યભક્તિ અર્પણ કરી શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીને પ્રેમભાવથી વધાવ્યા. અંતે પ્રાંગણની બરાબર મધ્યમાં શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીના રથને બિરાજમાન કરી સૌ બહેનોએ હર્ષોલ્લાસથી વધામણાં કરી ગરબા દ્વારા શ્રી ઠાકોરજીને આવકાર્યા.

સંતભગવંત સાહેબજી, સદ્દગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી, પ.પૂ. દિનકર અંકલ અને સૌ સંતો તથા ડૉ. જિતુભાઈ પટેલ, બિમલભાઈ શેઠ, ડૉ. વીરેન્દ્રભાઈ આદિ સૌ વડીલોનાં દિવ્ય સાંનિધ્યે શ્રી ઠાકોરજીને મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી સૌએ પ્રભુ આગમનના આનંદ-ઉમંગને માણ્યો. આ નગરયાત્રાના અંત ભાગમાં યાત્રામાં સંમિલિત સૌ સંતો-અક્ષરમુક્તોએ સર્વ દિવ્ય મૂર્તિઓને ગગનભેદી જયઘોષ કરી વધાવી.



શોભાયાત્રા દરમિયાન ભક્તોના ભાવ ઝીલતા સંતભગવંત સાહેબજી




શોભાયાત્રામાં સંમિલિત અનુપમ મિશનના વ્રતધારી સંતો



શોભાયાત્રા દરમિયાન શ્રી ઠાકોરજીને નૃત્યભક્તિથી વધાવતાં બહેનો



શોભાયાત્રામાં ભક્તિભાવે જોડાયેલા અક્ષરમુક્તો

અહીંથી શ્રી ઠાકોરજી, શ્રી રાધાજી-કૃષ્ણજી, સર્વ સંત સ્વરૂપો અને દેવતાઓની મૂર્તિઓને વિશેષ રથમાં 'ઉપાસના ધામ' મંદિરજી પર લઈ જવામાં આવી, જ્યાં પૂજાબહેન ને બહેનોએ તથા ઉપસ્થિત સંતો-યુવાનોએ શ્રીફળ વધેરી, આરતી-મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી અત્યંત ભાવથી સ્વાગત કર્યાં અને સંતોએ ધૂન-પ્રાર્થના કરતાં કરતાં મૂર્તિઓને મંદિરજીના ગર્ભગૃહમાં પધરાવી. શોભાયાત્રાનાં આયોજનમાં ભારતથી સાધુ પૂ. પરેશદાસજી, પૂ. રમેશદાસજી ઝા, અમેરિકાનાં અર્ચનાબહેન, તૃષિલભાઈ આદિનાં માર્ગદર્શન હેઠળ સૌ સ્વયંસેવક યુવાન-યુવતીઓએ અદ્‌ભુત સેવા-ભક્તિ અર્પણ કરી. સમગ્ર શોભાયાત્રા દરમિયાન શ્રી ઠાકોરજીની મૂર્તિઓના આગમનનો સૌ કોઈનાં હૈયે અત્યંત આનંદ હતો. આ નગરયાત્રા સૌ અક્ષરમુક્તો માટે દિવ્ય સંભારણું બની રહી.

## કીર્તન આરાધના

શ્રી ઠાકોરજી મહારાજ અને સર્વ સ્વરૂપોની ભવ્ય શોભાયાત્રા બાદ સાંજે યુવાનો-યુવતીઓએ એક વિશેષ કીર્તનસંધ્યા દ્વારા પોતાની ભક્તિના સૂર રેલાવ્યા. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણથી લઈને ગુણાતીત પરંપરાનાં સૌ દિવ્ય સ્વરૂપોના મહિમાના પ્રસંગો અને પછી એ મહિમા દર્શાવતાં કીર્તનોની ગંગા વહાવી, જેનો ઉપસ્થિત સૌ સંતો-ભક્તોએ આનંદ માણ્યો.

સાધુ પૂ. ઉત્પલદાસજી, પૂ. અશોકદાસજી અને પૂ. મૂકેશદાસજીનાં સુચારુ માર્ગદર્શન હેઠળ અમેરિકામાં જન્મેલાં અને ઊછરેલાં યુવાનો-યુવતીઓ મિહિર, કંદર્પ, ઓમ, કેશવ, ઋષિતા, ચાંદની, વિશ્વા, જાન્વી, જયતી, પ્રિયંકા, હેલી, કુંતી અને દિયાએ ભક્તિસભર સૂરાવલિ રેલાવી. મહિમાસભર ભજનોને માણી સંતભગવંત સાહેબજી, સૌ સંતો અને ભક્તો ખૂબ રાજી થયા. અંતિમ ભજન 'હેલી આવી આનંદની આજ'નાં ગાન થયાં ત્યારે બિમલભાઈ અને મીનેશભાઈ નૃત્ય સાથે ઝૂમી ઊઠ્યા. અંતે સૌ કલાકારોનો આભાર માનતાં સાધુ પૂ. ઉત્પલદાસજીએ આ યુવાન-યુવતીઓ કેવી અદ્‌ભુત આધ્યાત્મિક સમજણથી જીવે છે તેની વાતોને ભજનસંધ્યાની પ્રૅક્ટિસ વખતે થયેલા અનુભવો જણાવીને કરી તથા ધન્યતા પ્રગટ કરી. સંતભગવંત સાહેબજીના દિવ્ય યુગકાર્યનાં દર્શનનો આનંદ સૌ ભક્તોનાં અંતરે વ્યાપી ગયો છે, તેની અનુભૂતિ સૌને આ કીર્તન આરાધના દરમિયાન થઈ.




સંતોનાં સાંનિધ્યે અમેરિકાનાં યુવાનો-યુવતીઓ દ્વારા પરમ ભક્તિભાવે કીર્તન આરાધના અર્પણ

# સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય શાંતિદાદા પ્રાગટ્યપર્વ | શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પારાયણ

## ૨૬ ઑગસ્ટ ૨૦૨૪, સોમવાર

૨૬ ઑગસ્ટના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના તારીખ મુજબના પ્રાગટ્યદિનની પૂર્વ સંધ્યાએ તેઓનાં અલૌકિક માહાત્મ્યદર્શન કરાવતી સત્સંગસભા યોજાઈ. સભાના પ્રારંભે પૂ. શાંતિદાદાની મૂર્તિને એક સુશોભિત રથમાં બિરાજમાન કરી, નારાયણી સેનાનાં સૌ યુવાનો-યુવતીઓએ એકસરખાં વસ્ત્ર પરિધાન કરી સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજીનાં ભાવ-ભીની આંખે સ્વાગત કર્યાં. રિધમ અને વિકીભાઈએ પૂજન-પુષ્પાર્પણ કર્યાં. ડૉ. જિતુભાઈ, મનુભાઈ, ડૉ. જિતુભાઈ શાહ, રીટાબહેન, સુધાબહેન અને દક્ષાબહેને સૌ યુવા સ્વયંસેવકોને સ્મૃતિભેટ અર્પણ કરી સન્માનિત કર્યાં. ત્યારબાદ અનેક ભક્તોએ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના મહિમાની અસ્ખલિત ગંગા વહાવી.



સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી

રિતુબહેન, પ્રિયેનભાઈ, મિહિરભાઈ, બિમલભાઈ શેઠ આદિએ પ્રાસંગિક મહિમાગાન કરી સૌને માહાત્મ્યમાં ગરકાવ કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના જીવન-મહિમાને ગાતાં વાત કરી કે, "*'તારું કાર્ય, તારી રીતે, તને રાજી કરવા કરીએ'* એ એક જ સૂત્ર જો જીવનમાં વણાઈ જાય તો પણ ગુણાતીતસ્થિતિને પામી જવાય; જેનું દર્શન પૂ. શાંતિદાદાએ કરાવ્યું." પ.પૂ. દિનકર અંકલે આશીર્વાદ વરસાવતાં કહ્યું કે, "આવા સત્પુરુષનો જોગ થયો છે, તો આ ને આ જ જન્મે બ્રહ્મરૂપ થઈ જઈએ કે જેથી કરીને બીજો જન્મ ધરવો ના પડે." સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ મહિમાગાન કરી આશીર્વાદ આપ્યા કે, "શાંતિદાદા જેવા મોટા સંત, જે આપણી કલ્પનામાં ન આવી શકે તેવા ભગવાનના સાધર્મ્યપણાને તેઓ પામ્યા. એમણે એમના આખાય જીવન દરમિયાન એમના સંબંધ અને સંપર્કમાં જે કોઈ પણ ચૈતન્યો આવ્યાં એમને ભગવાન અને સંતભગવંત સાહેબદાદાના મહિમાનું સિંચન કરી ભગવદ્ ભાવમાં જોડ્યાં છે; એ એમની ખરેખરી સાધુતા છે."



મિહિરભાઈ



રિતુબહેન

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વર્ષાવતાં સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાએ સૌ હરિભક્તોનાં જીવનમાં સત્સંગ અને ભક્તિનાં કરેલાં અકલ્પ્ય સિંચનની ઝાંખી કરાવતા પ્રસંગોનું વર્ણન કર્યું અને આશીર્વાદ આપ્યા કે, "ભગવાનના સંબંધવાળાને બ્રહ્મરૂપ માનીએ તો આપોઆપ મંદિરરૂપ થઈ જવાશે."



સભાસંચાલન : હર્ષભાઈ



સુશોભિત રથમાં બિરાજમાન પૂ. શાંતિદાદા સાથે પધારતા સાહેબજી અને સંતો



માહાત્મ્યદર્શન સભામાં ઉપસ્થિત સંતો-ભક્તો પર સાહેબજીનાં આશીર્દાન

## 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' આધારિત શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પારાયણ

સાંજે સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં ઉલ્લેખિત 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના'ના સિદ્ધાંતોને સુસ્પષ્ટ કરી અદ્ભુત પારાયણ કર્યું. ભગવાન શ્રી કૃષ્ણએ પણ ભગવાનના સર્વોપરીપણા, કર્તાપણા, સાકારપણા, પ્રગટપણા, 'સ્વ'ને આત્મા માની પરમાત્મામાં લીન થવાપણા અંગે જે જ્ઞાન પ્રબોધ્યું છે તેને પ્રશસ્ત કરી સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ અદ્ભુત સમજણ આપી. હજારો વર્ષોથી ચાલી આવતા સિદ્ધાંતને સહજતાથી પાળી શકવા માટેનાં રૂડાં માર્ગદર્શન આપ્યાં. ઉપાસના જ કલ્યાણનો શ્રેષ્ઠ માર્ગ છે તે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના આધારે દર્શાવીને પણ તેઓએ અલૌકિક લાભ આપ્યો. તેમાંય, પ્રગટ અને પ્રત્યક્ષના સિદ્ધાંતને વધુ સુદૃઢ કરી પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના મહિમાનો ભક્તિસભર ગોકીરો કર્યો. તેમજ પ્રગટ સત્પુરુષમાં જીવની પ્રીતિ, તેઓની આજ્ઞાનું પાલન, તેઓના સંબંધીમાં નિર્દોષભાવ-સુહૃદભાવ રાખવારૂપી ભક્તિ અદા કરવાની સમજણ પણ અદ્ભુત દૃષ્ટાંતોના આધારે આપી.

સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ કરેલ પારાયણના આધારે, 'ભગવદ્ ગીતા'માં વર્ણવેલ સાધુના ગુણોનું મિષ લઈને સદ્ગુરુ સાધુ પૂ. શાંતિદાદાનો ખૂબ મહિમા ગાયો. સદ્ગુર સાધુ પૂ. શાંતિદાદાએ એમનું સંપૂર્ણ જીવન 'કરિષ્યે વચનમ્ તવ' એવા ભાવ સાથે, ભગવાનને સાથે રાખી જીવ્યા અને તેથી જ તેઓ આપણા માટે દીવાદાંડીરૂપ સાધુ બન્યા છે તેમ જણાવી આશીર્વાદ પ્રદાન કર્યા.

અંતે સંતભગવંત સાહેબજીએ આશિષ આપતાં કહ્યું કે, "અર્જુનના પ્રશ્નોનું જેમ જેમ શ્રી કૃષ્ણ ભગવાન સમાધાન કરતા ગયા તેમ તેમ એના હૃદયમાં શ્રી કૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય વધતું ગયું અને છેલ્લે ૧૮મા અધ્યાયમાં અર્જુન શ્રી કૃષ્ણ ભગવાનને શરણાગત થતાં કહે છે કે, 'કરિષ્યે વચનમ્ તવ' આમ, સાત્ત્વિકભાવમાંથી બહાર નીકળીને નિર્ગુણભાવને પામ્યો. આમ, ભગવાનનું શરણાગતપણું અનિવાર્ય છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના જીવનમાં અનેક તકલીફો આવી, પણ ભગવાનનો આશરો જ રાખ્યો તો કોઈએ ક્યારેય ફરિયાદ નથી કરી. એમ, જીવનમાં ગમે તેવી તકલીફો આવે પણ જો ઉપાસના પ્રધાન હોય તો આપણાં આનંદ અને શાંતિ ક્યારેય જશે નહીં એવી ગુણાતીતસ્થિતિને પામી શકીશું." સૌ ભક્તજનો આ પરાવાણી ઝીલી તૃપ્ત થયાં.





પારાયણનો દિવ્યલાભ આપતા સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી



પ્રસન્નતાપૂર્ણ દિવ્ય આશીર્વાદ વરસાવતા સંતભગવંત સાહેબજી



# મંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ | મહોત્સવ પૂર્ણાહુતિ સભા

## ૨૭ ઑગસ્ટ ૨૦૨૪, મંગળવાર

સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા પ્રાગટ્યદિનના ઐતિહાસિક મંગલ દિવસે 'ઉપાસના ધામ' પર નવનિર્મિત મંદિરજીમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સૌ ગુણાતીત સ્વરૂપો તથા શ્રી રાધાજી-કૃષ્ણજીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા અપાર ભક્તિભાવે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતો દ્વારા સંપન્ન થઈ.

સાધુ પૂ. ઉત્પલદાસજી, પૂ. અશોકદાસજી, પૂ. રાજુદાસજી અને મિહિરે આચાર્ય સ્વરૂપે બિરાજી શાસ્ત્ર વિધિવિધાન અનુસાર પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરાવી. શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ સન્મુખ સ્વયં સંતભગવંત સાહેબદાદાએ પધારી પ્રાણપ્રતિષ્ઠા કરી. તે જ રીતે અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિની સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને અનાદિ મહામુક્ત ગોપાળાનંદ સ્વામીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા વિધિ પૂ. દિનકર અંકલના વરદ હસ્તે સંપન્ન થઈ. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની મૂર્તિની પૂ. વશીભાઈ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની મૂર્તિની સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની મૂર્તિની સાધુ પૂ. રમેશદાશજી ઝા, સંતભગવંત સાહેબજીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરવાની સેવા સાધુ પૂ. જયેશદાસજીને પ્રાપ્ત થઈ. સાધુ પૂ. કિરણદાસજી અને પૂ. અરવિંદદાસજીએ શ્રી ગણપતિજી અને શ્રી હનુમાનજીની મૂર્તિની તેમજ સાધુ પૂ. સંદીપદાસજી અને પૂ. રમેશદાસજી દયાળુએ શ્રી રાધાજી-શ્રી કૃષ્ણજીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરી.





શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરતા સંતભગવંત સાહેબજી અને સંતો

શ્રી ઠાકોરજીની મૂર્તિઓના જ્યારે શણગાર થઈ રહ્યા હતા ત્યારે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં પૂ. શાંતિદાદાના પ્રાગટ્યદિને મંદિરજીમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ બિરાજમાન થયા તેનો ખૂબ આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે, 'આજે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ અત્યંત રાજી થતા હશે.' અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજે જે ભીડા વેઠ્યા તેના અદ્ભુત પ્રસંગો જણાવ્યા અને પિયોરિયા મંડળના સર્વે ભક્તોનો ખૂબ આભાર માન્યો. સૌ તન-મન-ધન અને આત્માના સુખથી સુખિયા થાય તેવી પ્રભુચરણે પ્રાર્થનાઓ કરી.


સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

સુંદર શણગાર ધારણ કરેલ અત્યંત મનોહર મૂર્તિનાં દર્શન કરી સૌ ધન્ય થયાં. સંતભગવંત સાહેબજીએ સર્વ મૂર્તિઓનાં પૂજન કર્યાં, મંત્રપુષ્પાંજલિ-આરતી ને અન્નકૂટ અર્પણ કર્યાં અને શ્રી ઠાકોરજી અને સર્વ સ્વરૂપોનો જયઘોષ કરી સૌ વિસર્જિત થયાં અને 'શાંતિ ધામ' પર જવા પ્રસ્થાન કર્યું.

## મહોત્સવ પૂર્ણાહુતિ સભા

'શાંતિ ધામ' પર મહાપર્વની પૂર્ણાહુતિ સભા યોજાઈ, જેમાં ઉપસ્થિત સૌ સંતો-ભક્તોનાં મુખારવિંદ પર પરમ આનંદ અને હૈયામાં દિવ્યભાવ છલકાતા હતા. સભાના આરંભે સૌ ભાઈઓએ ઉત્સાહભેર સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજીનાં ધજાપતાકા લહેરાવી સ્વાગત કર્યાં. સૌ પ્રથમ મિહિરભાઈ અને જાન્વીબહેને સુંદર ભજનો ગાઈને ભક્તિતરસમાં તરબોળ કર્યાં. ભક્તોએ શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સંતો અને મંચ પર બિરાજમાન સર્વે ભક્તોનાં પૂજન અને પુષ્પાર્પણ કર્યાં.

સભાના પ્રારંભમાં જ અત્યંત પ્રસન્નતા સાથે શુભ આશીર્વાદ વરસાવતાં સંતભગવત સાહેબજીએ શાંતિદાદાના પ્રાગટ્યપર્વે 'ઉપાસના ધામ'ની ભેટ આપવા બદલ સમગ્ર પિયોરિયા અને મિડ વેસ્ટના સર્વે ભક્તોનો આભાર માન્યો. 'શાંતિ પમાડે તેને સંત કહીએ' અને આવા સંતનો સાચો સમાગમ કરવાથી જીવનમાં ભગવાનની કેવી પ્રસન્નતા પ્રાપ્ત થાય છે તે બિમલભાઈના સમગ્ર પરિવારના જીવનમાં દર્શન થાય છે તેમ જણાવી સદ્ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની સાધુતાના અદ્ભુત જીવનપ્રસંગો જણાવ્યા. વિશેષ, આજ્ઞારૂપી સમજ આપતાં કહ્યું કે, "દરરોજ 30 મિનિટ ધૂન કરીએ, નિયમિત અઠવાડિક સત્સંગસભામાં જઈએ, આવક અને સમયનો ૧૦% ભાગ ભગવાનને અર્પણ કરીએ, કોઈનીય ખટપટ, માથાકૂટ કે નિંદા કર્યા વગર નિર્દોષબુદ્ધિ રાખી સેવા કરીએ. સર્વે ભક્તોના જે મનોરથ-સંકલ્પ હોય તે પૂરા થાય, સૌ તન-મન અને ધનથી ખૂબ સુખિયા થાય અને ભગવાનની અંતરની પ્રસન્નતા વરસે." આ માટે પ્રાર્થના ધરી 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન કરાવી.



સંતભગવંત સાહેબજીની સંનિધિમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા વિધિમાં સહભાગી સંતવૃંદ તથા મુખ્ય યજમાનો

આ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ મહોત્સવમાં સેવા કરનાર સૌ ભક્તોની સેવાને બિરદાવી. પૂ. દિનકર અંકલે મૉમેન્ટો તથા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ શાલ અર્પણ કરી બિમલભાઈ, ડૉ. જિતુભાઈ, ડૉ. વીરેન્દ્રભાઈ, મનુભાઈ, ડૉ. જિતુભાઈ શાહ, મનોજભાઈ, આકાશ, મીત, સંજયભાઈ, સી. પી. પટેલ,



શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની જય !

અશ્વિનભાઈ પોપટ, દ્વિજેનભાઈ, ઋત્વિક, ચેતનભાઈ, મિહિર, મહર્ષિ, તૃષિલ અને 'ઉપાસના ધામ'ના નવીનીકરણમાં, મંદિરજીનાં સુશોભન અને 'શાંતિ ધામ'ની અનેકવિધ વ્યવસ્થાઓમાં સંતો-ભક્તોને સહકાર આપ્યા તેવા મૅક્સિકન કૉન્ટ્રાક્ટર જુઆનને સન્માનિત કર્યા.

ત્યારબાદ મહિમાગાનનો દોર ચાલ્યો. સહેલીબહેન, ડૉ. વીરેન્દ્રભાઈએ ભાવવાહી મહિમાનાં ગાન કર્યાં. પૂ. વશીભાઈએ સાહેબદાદાની દિવ્ય ઉપસ્થિતિમાં ઉજવાયેલ આ મહોત્સવનાં ચીવટભર્યાં આયોજન માટેની સૌની ભક્તિને બિરદાવી તેમજ સાહેબદાદાએ શાંતિદાદાના પ્રાગટ્યદિને યુવાશક્તિ દ્વારા યુગ પરિવર્તનકાર્ય કર્યું તેની ધન્યતા દર્શાવી. બિમલભાઈએ ભારત, ઈંગ્લૅન્ડ અને અમેરિકાથી પધારેલ સર્વે સંતો અને મહોત્સવની જુદી જુદી સેવા વિભાગોમાં સેવા કરનાર સર્વે ભક્તોનો હૃદયના ભાવથી આભાર માન્યો. આ માત્ર પિયોરિયા મંડળનો સમૈયો નહોતો પરંતુ, સમગ્ર અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોના ભક્તોએ ભેગા મળી સેવા-ભક્તિ અદા કરી તેનો તેઓના હૃદયમાં ખૂબ આનંદ હતો તે પ્રગટ કર્યો.

અંતે પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે, "જેમ વાછરડું એ ગાયનું સાચું માહાત્મ્ય છે, એમ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને બિમલભાઈ એ શાંતિદાદાનું સાચું માહાત્મ્ય છે ! શાંતિદાદાના પ્રાગટ્યદિને ગુરુહરિ સાહેબજીએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા કરી આપણને પ્રભુમાં અત્યંત પ્રેમપૂર્વક જોડી દઈને ધન્ય બનાવ્યાં છે. સાહેબદાદા અત્યંત રાજી થયા છે. આપ સર્વેએ ભારત, કૅનેડા, ઈંગ્લૅન્ડ તથા યુ.એસ.એ.નાં તમામ કેન્દ્રોમાંથી પધારીને આ સમૈયાની શોભા વધારી છે, તે માટે અમે ખૂબ આભારી છીએ ! આપણને સૌને ભગવાનનું કામ કરવા માટે વિદેશની ભૂમિ પર ભગવાને મોકલ્યા છે, તો ભગવાનનું કાર્ય કરવા માટે કટિબદ્ધ થઈએ અને પ્રભુ સદા દિવ્ય, સાકાર, પ્રગટ-પ્રત્યક્ષ છે તેવા ભાવ સાથે આપણે જીવનની ધન્યતાને અનુભવી આનંદ-મસ્તીમાં રહીએ તેવી પૂ. શાંતિદાદાનાં શુભચરણોમાં સૌ વતી પ્રાર્થનાઓ છે !"


આમ, સંપ-સુહૃદભાવ અને એકતાથી સંતભગવંત સાહેબજીના યુગકાર્યના કળશ ચઢ્યા તેની અનુભૂતિ મહોત્સવમાં ભાગ લેનાર તથા ડિજિટલ માધ્યમથી દર્શન કરનાર સૌ અક્ષરમુક્તોને થઈ. પ્રભુજી મંદિરમાં અને સાથે જ સૌનાં અંતરમાં પણ બિરાજી ગયા તેની ધન્યતામાં ગરકાવ થઈ, નવા જોશ, ઉમંગ અને ઉત્સાહ સાથે સૌ વિસર્જિત થયાં.




ડૉ. વીરેન્દ્રભાઈ



સહેલીબહેન



પૂ. વશીભાઈ



સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી



સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા

# સન્માન સમર્પિત ભક્તોનાં...!


બિમલભાઈ શેઠ (પિયોરિયા)


ડૉ. જિતુભાઈ પટેલ (શિકાગો)


ડૉ. વીરેન્દ્રભાઈ પટેલ (સાન ડિએગો)


મિ. બૉબ બ્રુઝલી (પિયોરિયા)


કૉન્ટ્રાક્ટર જુઆન (પિયોરિયા)


મનોજભાઈ (પિયોરિયા)


આકાશભાઈ (પિયોરિયા)


મનુભાઈ (ફ્લૉરિડા)


ચંદ્રકાંતભાઈ (સી.પી.) (કેનેડા)


અશ્વિનભાઈ પોપટ (યુ.કે.)


દ્વિજેનભાઈ પંચાલ (ભારત)


ચેતનભાઈ પટેલ (સાન ફ્રાન્સિસ્કો)


ઋત્વિક રાણા (બૉસ્ટન)


મિહિર પટેલ (મૅરિલૅન્ડ)

# સેવા સરવાણી

કોઈ પણ મહોત્સવ અંતરનાં સમર્પણથી જ સફળતાપૂર્વક પાર પડતા હોય છે. અને વળી જ્યાં પ્રભુ બિરાજવાના હોય ત્યાં તો સેવા કરવાની હૃદયની ઊંડી ભાવના સહજ જ વહેતી હોય. આવી સમર્પણયુક્ત સેવાનો ધોધ પિયોરિયા મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન છલકાયો. સંતભગવંત સાહેબજીનો હૃદયગત અભિગમ છે કે, યુવાનો સત્સંગનું સુકાન સંભાળે. સંતો અને વડીલો સાથે રહી, નિયમ-ધર્મને સાચવી મહિમાપૂર્ણ સેવા કરવાનું શીખે અને ભગવાન પ્રત્યેની ભક્તિ અદા કરે. આવી જ ભાવના સાથે અમેરિકા, કેનેડા, ઈંગ્લૅન્ડ અને ભારત જેવા દૂર દેશોમાં રહેતા અનુપમ મિશનના સત્સંગી પરિવારના યુવાઓએ આ મહોત્સવનાં સઘળાં આયોજન કર્યાં. સ્વાભાવિક જ તેમાં અનેક ભક્તોનો અનેક પ્રકારે સહકાર પ્રાપ્ત થયો. સત્સંગના હોનહાર યુવાનો મિહિર, મહર્ષિ અને તૃષિલે તથા યુવતીઓ સલોની, સહેલી આદિએ સેવા અને વ્યવસ્થાનું નેતૃત્વ સ્વીકાર્યું. રાત અને દિવસ એક કરીને ઉજાગરા તેમજ પ્રતિકૂળતાઓ વેઠીને પણ હસતા મુખે આખી નારાયણીસેનાએ સુંદર સેવાઓ બજાવી. યુવાનોને સંતભગવંત સાહેબજીએ ચાતુર્માસ દરમિયાન એકટાણાં તથા ધારણાં પારણાં કરવાની આજ્ઞા કરી તો તેને પણ નિષ્ઠાપૂર્વક પાળી અને સેવામાં ઉત્સાહભેર જોડાયા. ઓછામાં ઓછો ખર્ચ થાય તેમ છતાં ઉત્તમ કક્ષાની વ્યવસ્થા ગોઠવાય તેવાં સુપેરે આયોજન આ યુવાનોએ કર્યાં. મહોત્સવમાં પધારનાર પ્રત્યેક ભક્તની સર્વ પ્રકારની વ્યવસ્થા સચવાય અને કેવળ મહિમાનો ભાવ ઉદય થાય તેવી ઝીણવટભરી આયોજન-ભક્તિ તેઓએ અદા કરી.

સમગ્ર ઉત્સવ દરમિયાન સંતોનાં માર્ગદર્શન હેઠળ ભક્તોએ મહિમાના ઉમદા ભાવ રાખીને અદ્‌ભુત સેવાઓ સંપન્ન કરી. સાધુ પૂ. જયેન્દ્રદાસજીએ 'ઉપાસના ધામ' મંદિરમાં શ્રી ઠાકોરજી મહારાજ અને સૌ સ્વરૂપોની મૂર્તિઓને નિજ આસન પર બિરાજમાન કરવાની ખૂબ સુંદર સેવા કરી. ટ્રાન્સપૉર્ટ વિભાગમાં સાધુ પૂ. જયેશદાસજીનાં માર્ગદર્શન મુજબ તૃષિલભાઈ, મીતભાઈ, મહર્ષિભાઈ, વિવેકભાઈ, અંકિતભાઈ, અમિતભાઈ, મહેન્દ્રભાઈ રાય, કબીર, દીપમભાઈ, જયદીપભાઈ અને રાહુલે રાત-દિવસ જોયા વગર હસતા મોઢે સેવાઓ બજાવી. શ્રી ઠાકોરજી અને ભક્તોને સ્વાદિષ્ટ રસોઈ જમાડવાની સેવા સાધુ પૂ. અરવિંદદાસજી અને પૂ. યજ્ઞેશદાસજીનાં માર્ગદર્શન મુજબ સંજયભાઈ-દીપ્તિબહેન, સુનિતાબહેન, ધારણાબહેન, વિશાલભાઈ (કેનેડા) અને દીપ્તિબહેન (લૅન્સડૅલ)એ ચીવટભરી ભક્તિ સાથે પ્રેમથી કરી. સાધુ પૂ. જયેશદાસજી અને પૂ. સંદીપદાસજીનાં માર્ગદર્શન પ્રમાણે ચેતનભાઈ અને હર્ષભાઈએ સભાનું સંચાલન ખૂબ અદ્‌ભુત રીતે કર્યું. મંચ પર પૂજન-હાર-ખેસ-શાલ-મોમેન્ટો આદિ જરૂરી સામગ્રી પૂરી પાડવાની સેવા નંદન અને હેલીએ સુપેરે કરી.

પ્રત્યેક સભામાં સંતભગવંત સાહેબજી મહારાજનાં ખૂબ ભવ્ય રીતે સ્વાગત થયાં, જેની સેવા સાત્વી અને કૃતિએ કરી. સૌનાં હૃદયમાં ચિરસ્મરણીય અંકિત થઈ ગઈ તેવી સ્ટેજ સુશોભનની અદ્‌ભુત સેવા સાધુ પૂ. રમેશદાસજીનાં માર્ગદર્શન હેઠળ રાહુલભાઈની આગેવાનીમાં સલોની અને પિયોરિયા મંડળના ભક્તો દ્વારા કરાઈ. મહોત્સવનું જીવંત પ્રસારણ તથા ઑડિયો-વિડિયો રેકોર્ડિંગ, ફોટોગ્રાફીની સેવા સાધુ પૂ. આશિષદાસજીનાં માર્ગદર્શન પ્રમાણે ચંદ્રેશભાઈ, હિતેશભાઈ, વ્રજેશભાઈ, ઋત્વિકભાઈ, વિકીભાઈ, ચિન્મય, જાન્વી, સમર્થ અને ખુશે બજાવી. ઑફિસ અને વેચાણકેન્દ્રમાં દિવસ-રાત જોયા વગર દિનેશભાઈ, સંદીપભાઈ, નીલેશભાઈ, દર્શનભાઈ, જય, ચાંદની, યશવી, જયતી, ભૂમિકા, હેલી, કૃતિ, આશી અને ક્રિનાબેને ખૂબ સરસ રીતે સેવા અર્પણ કરી. દર્શન દેસાઈ અને આઈ.ટી. ટીમે રજિસ્ટ્રેશનની સેવા પણ અદ્‌ભુત રીતે કરી.

મહોત્સવ લોગો, નિમંત્રણ પત્રિકા તથા સભા દરમિયાન મંચ પર એલ.ઈ.ડી. સ્ક્રીન પર જુદી જુદી ડિઝાઈન-ગ્રાફિક્સની સેવા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શન પ્રમાણે મિહિરભાઈ, જાન્વી, યશવી, મૈત્રી, સલોની, રાજવી અને મહર્ષિએ કરી. સમગ્ર સમૈયાના અંગ્રેજીમાં રિપોર્ટિંગની સેવા મોનિકાબહેન, તેજલ, સહેલી અને વિશ્વાએ કરી તેમજ ગુજરાતીમાં રિપોર્ટિંગની સેવા સાત્વી, રાજવી અને ભક્તિએ કરી. હરિભક્તોને જરૂરી દવા અને ફર્સ્ટ એઈડની સેવા ભૂમિકા, બંસરી અને ડૉ. નીલે કરી. મૂકેશભાઈ (રિચમંડ)એ ઍલનટાઉન મંદિરેથી ૮૦૦ માઈલ દૂર પિયોરિયા ટ્રક પોતે ચલાવીને સમૈયા માટે જરૂરી સામાન લાવવા-લઈ જવાની અદ્‌ભુત સેવા-ભક્તિ અદા કરી.

સંતભગવંત સાહેબજીના અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના એકમાત્ર હેતુથી આ સઘળું સંપન્ન થયું. ભગવાનનું કાર્ય, તેઓની રીતે, કેવળ તેઓને પ્રસન્ન કરવા માટેની અદમ્ય ઝંખના પ્રત્યેક સેવક અક્ષરમુક્તોના હૈયે ધબકતી અનુભવાઈ. દેવતાઓ આવીને કામ કરી ગયા હોય તેવી પણ અનુભૂતિ થઈ. ભક્તોનાં હૃદયમાં ઊભરાતી ભક્તિ અને સેવા કરવાની ભાવનાને સહજ જ સૌ કોઈ વંદી રહ્યાં.

# ભક્તિસંપન્ન સેવાયજ્ઞ !

















# અનુભવ આનંદની ધન્યતા !

અમેરિકામાં મિડ વેસ્ટ ઝોનના પિયોરિયા નગરે શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીની કૃપાશિષથી શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવે ઉજવાયો. આ મહોત્સવ સર્વોપરી થાય અને સાહેબદાદા પ્રસન્ન થાય તેવી રીતે થાય તેવી ભાવના સાથે મહિનાઓ પૂર્વે તૈયારીઓ શરૂ થઈ ગઈ. સમગ્ર મહોત્સવમાં ચીવટતાભર્યું આયોજન, બારીકીપૂર્ણ પ્રબંધન, સૌહાર્દપૂર્ણ સંકલન થાય તેની ખૂબ કાળજી રાખવામાં આવી. મહોત્સવમાં દેશ-પરદેશથી પધારનાર સૌ સંતો-ભક્તોની યથાયોગ્ય વ્યવસ્થા સચવાય તેવાં મહિમાસંપન્ન નિયોજન કરવામાં આવ્યાં. વડીલોનાં માર્ગદર્શને યુવાનો દ્વારા આખા મહોત્સવનાં આયોજનનું નેતૃત્વ કરવામાં આવ્યું. પરદેશમાં જન્મેલા-ઊછરેલા આ યુવાનો દ્વારા મહોત્સવ પૂર્વે અને મહોત્સવ દરમિયાન પણ રાત-દિવસ જે સેવાઓ થઈ તે હૃદયસ્પર્શી હતી ! ઉપસ્થિત સૌ કોઈને તેની દિવ્યતાની અનુભૂતિ થઈ. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના દાખડાના પરિપાકરૂપ આ યુવાનોનાં ભક્તિ-મહિમાસભર જીવન જોઈને સૌ મનોમન વંદી રહ્યાં. મહોત્સવના વિવિધ કાર્યક્રમોનાં સુવ્યવસ્થિત આયોજનને કારણે સૌને અપાર આનંદ આવ્યો. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો અને વ્રતધારી સંતોની સન્નિધિ તથા સમાગમથી સૌનાં હૈયે અનુભવાયેલી પરમ સુખની ધન્યતા અલૌકિક હતી ! મહોત્સવના આ *'અનુભવ આનંદની ધન્યતા'* ઉપસ્થિત સંતો-અક્ષરમુક્તોએ વ્યક્ત કરી, જે સાચે જ આપણને-સૌ વાચકોને પણ મહોત્સવના અમૃત આનંદની અનુભૂતિ કરાવે છે. આમ તો ઘણા બધા ભક્તોએ પોતાના ભાવ વ્યક્ત કર્યા, પરંતુ તેમાંથી કેટલાક ભાવ સંકલિત કરી અત્રે સમાવ્યા છે.

## સંતોના હૃદયભાવ !

Thank you Maharshi and the divinely brilliant team ! You have raised the bar again and have set a new benchmark of impeccable organisation with absolute adherence to Samp, Suhradbhav and Ekta. It has earned you all Guruhari Sahebdada's Antarni Prasannata ! Vandan to your Bhakti. Peoria MPM will be eternally remembered and cherished as a Celebration of Sadguru Shantidada's Divine Mahima and Mahatmya. Thank you for all the affectionate and thoughtful care.

*~ Sadhu P. Manojdasji (Anoopam Mission, India)*

Out of this world ! It is Akshardham's team.

*~ Sadhu P. Kirandasji (Anoopam Mission, UK)*

What a tremendous Bhakti & Devotion. Hats off to all volunteers-Devotees & Youths. Vandan towards your Bhakti & Seva. Really enjoyed all the functions on YouTube as if we were there.

*~ Sadhu P. Himatdasji (Anoopam Mission, UK.)*

પિયોરિયા ઉપાસના ધામ મંદિર મૂર્તિપ્રતિષ્ઠામાં પધારેલ સૌ સેવક કાર્યકર્તાઓ આબાલવૃદ્ધ મુક્તોને પરમ પૂજ્ય સાહેબદાદાનો અંતરનો રાજીપો મેળવવા બદલ અમ સહુ સંતોનાં ખૂબ ખૂબ અભિનંદન !

*Sadhu P. Rameshdasji (Anoopam Mission, India)*

# ભક્તોના પ્રતિભાવ !

પિયોરિયા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ સફળ રહ્યો. આ અદ્ભુત કાર્ય માટે સાહેબદાદાના વહાલા સર્વે અક્ષરમુક્તોને અભિનંદન ! બધા જ સ્વયંસેવકો અને સ્થાનિક હરિભક્તોનો અથાક પરિશ્રમ અને સેવા અનન્ય હતાં, જેને શબ્દોથી બિરદાવી શકાય તેમ નથી – અદ્ભુત, અદ્ભુત અને અદ્ભુત ! આપ સર્વેનો ખૂબ, ખૂબ, ખૂબ આભાર ! સવિશેષ ઉલ્લેખ-મંદિરમાં બિરાજમાન થયેલ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરીને જે આનંદ અને શાંતિની અનુભૂતિ થઈ તે અવર્ણનીય છે. દર્શન કરી ત્યાંથી જવાનું મન થતું નહોતું. અત્યંત પ્રસન્નતાથી મંદિરથી ઘરે પરત ફર્યા. આ મહોત્સવમાં ઉપસ્થિત રહેવાની તક આપી તે માટે પણ આભાર.

*~ Dr. N. C. Patel (Lafayette, Indiana)*

Jai Shree Swaminarayan P. Bimalbhai ! Many many congratulations!!! What a wonderful event and adbhut darshan I have had the pleasure to witness in the last 3 days. Thank you so much for becoming an inspiration for our small mandal who have just taken our baby steps. You and your fellow bhaktos and sakhas have done what has become a goal for me and I know that it's long way away but you have at least carved out the destination - the journey our P. Guruhari will design. Saheli hit the nail on the head in her speech. Our home and our bodies must become the mandirs of our life! I feel proud to know you all as a family and pray that in this journey of learning, I absorb the lessons and put them into practice daily.

*~ Rajshreeben Gokal (Dubai)*

Dear P. Maharshi and Group of Volunteers. An Excellent Services Offered, Right from Registration, Landing at AirPort, Receiving Transport, Daily Pick Up & Drop off. It's amazing Synchronization Between All volunteers. I heartily appreciate All of you Specially Maharshi, Mihir, Trushil and Group.

*~ P. Purushottambhai Patel (Cerritos, CA)*

Dear P. Sahebdada's Senani Thank you for all the comfort, care and good wishes to make us enjoy and celebrate the Divine Peoria Mandir Murti Pratishtha Mahotsav. We are so fortunate to be part of P. Sahebdada's blessings Krupa.

*~ Dipal Shah (Toronto, Canada)*

Mihirbhai, Maharshibhai and all the volunteers, it was greatly planned and executed event with excellent Seva. Sant Bhagwant SAHEBJI and all Santo were pleased and we have no words to describe our heartfelt appreciation. You have set an example with high bar which many may not achieve. Thank you very much.

*~ Dr. Jitubhai and P. Dakshaben Shah (Land O Lakes, Florida.)*

Jai Shri Swaminarayan, Form bottom of the heart. Vandan to your Seva & Bhakti. Hats off to all Sahebji Senani. Koti Koti Pranam.

*~ Gitaben Bhakta (Roswell, New Mexico)*

Word cannot express hard work and endless time with many sleepless nights that was put behind this MPMPM by Sant Bhagwant Sahebdada, PP Ashwindada, PP Manojdasji, all santos, youth team and all haribhaktos. Regardless of your full-time job or study, you all have done exceptional job to please Sant Bhagwant Sahebdada and us so we all can enjoy this life time memorable event. sevako had a smile on their face that we all witnessed. Thank you to GPP Sahebdada, P. Bimalbhai and entire Peoria Anoopam Parivar for giving us Midwest Mandirji on PP Shantidada's birthday.

*~ Komalben Patel (Northville, Michigan)*

Really appreciate the seva of all volunteers. We enjoyed a lot in sabhas and delicious food. Thank you.

*~ Nilamben Patel (Brampton, Canada)*

As soon as we got picked up from the Peoria Airport, I started getting to feel as if we are in Allentown and particularly when coach make left turn at Shantidham. When we went to Mandir there were so much positive vibrations of Shri Thakorji and Sant Bhagwant Sahebdada, Sadguru Sant P. Shantidada, Sadguru Sant P. Ashwindada's presence, I felt devine vibes! Darshan of all volunteer's seva was lifetime smruti which only possible with Sant Bhagwant Sahebdada's blessings everywhere, particularly, in my observation P. Mineshbhai (our hon. trustee) serving water to every haribhakta in the Sabha, P. Arvinddasji and P. Ashokbhai Babu serving lunch in the tent with their love! Every new MPM is becoming next level for all programs, new talent, seva and bhakti. Congratulations to all of us and thank you to Sant Bhagwant Sahebdada to make us part of this divya celebration. We feel very fortunate to be part of this MPM.

*~ Nileshbhai Sidhpura (San Francisco, CA)*

Our sincere gratitude to all volunteers for outstanding seva! Words can not describe our gratitude. Thanks for your care, love and kindness. Your selfless service and devotion for haribhakto are highly admirable. Thanks for being a great role model for all of us. Special thanks to Bimalbhai for hosting a memorable, heartfelt MPM.

*~ Smitaben Bakhai (Williamsville, New York)*

On behalf of Los Angeles mandal, I want to express our heartfelt gratitude to the youth of Anoopam Mission for your dedicated seva at Peoria MPM. Your tireless efforts and selfless service have truly made a difference. P. Shahebdada will be very happy and proud to see the love and devotion with which you all have served. Your actions reflect the true spirit of Anoopam Mission, and we are grateful to have such committed youth as part of our mission. With deep appreciation.

*~ Dineshbhai Patel (Los Angeles, CA)*

A huge thanks for putting together such a great MPMPM event in Peoria. The new temple at P. Bimalbhai's home is fantastic! Murtis are beautiful - hazelnut-colored eyes - wow! Great work by P. Bimalbhai, family, local Peoria mandal, youth, and adult volunteers - in executing this event. There was a lot of planning and work over the last many months. They all received Rajipo of Sant Bhagwant Sahebdada and Santos. The planning and volunteer work from the US and local youth was top-notch. Everyone worked so hard to make the event a success. The venue was perfect, too. Lots of lifetime memories to cherish.

*~ Bhaveshbhai Patel (San Francisco, CA)*

બધા જ સંતોની સેવા અને તેમનાં માર્ગદર્શન હેઠળ સતત દોડાદોડી કરતાં યુવાનો અને યુવતીઓ તેમજ બધા જ હરિભક્તોનું સંકલન જબરદસ્ત હતું. સંપ-સુહૃદભાવ-એકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ! એક પણ સ્વયંસેવકોના ચહેરા ઉપર થાક જણાતો નહતો. મોડી રાત સુધી દરરોજ સેવા કરતા હતા પરંતુ બીજા દિવસે તે બધાને ખૂબ જ ફ્રેશ અને આનંદમાં જોયા છે, જે પૂ. સાહેબદાદાની કૃપાનો પ્રતાપ છે. બધાં ખૂબ ભાગ્યશાળી છે. ગરમી અને પ્રતિકૂળ વાતાવરણની અસર મહોત્સવમાં ભાગ લેનાર કોઈના પણ ચહેરા ઉપર જોવા મળી નથી. આ પણ પૂ. સાહેબદાદા અને સંતોના આશીર્વાદનું પરિણામ છે.

*~ Milankumar-Amitaben Patel (Clifton, New Jersey)*

Saue Samp, Suhradbhav, Ekta rakhi Sant Bhagwant Sahebdada ne raji karya. Adbhut karya karyu.

*~ Rashmikantbhai Patel (Peoria, Illinois)*

Midwest Peoria MPM-Divinity in concentrated form. Having all 3 – Sant Bhagwant PP. Sahebdada, Sadguru Sant P. Ashwindada and Sadguru Sant P. Manojdasji at the same place with their santo and haribhakto was a divine experience despite of the heat wave. On one hand, the body was screaming havoc but at the same time, the mind and soul were experiencing the divine joy which rarely happens. Hats off to P. Bimalbhai & family that worked tirelessly with the youth leaders and volunteers under the leadership of P. Maharshi, P. Trushil and P. Mihir. Even though they all have fully fledged careers, they have managed to plan, organize and execute this 4 day event which was mind blowing. I bow down to them for all the sleepless nights and all the tireless running around constantly just so that all the Haribhakto can focus on what Sant Bhagwant PP. Sahebdada wanted to give-the teachings and the blessings. This is just the beginning.

*~ Jignasaben Patel (Germantown, Maryland)*

Thank you for letting us be the part of Samaiyo, we have enjoyed thoroughly. The last four days have been enlightened by the divine presence of Sant Bhagwant Sahebji Maharaj and Sadguru Sant P. Ashwin Dada & Sadguru Sant P. Manojdasji, we are grateful that all the Santos have showered their blessings on us. It is a lifetime experience for us and thanks to all the volunteers and attendees to make it memorable. *~ Karan-Bhoomi Gokani (Peoria, Illinois)*

This samaiyo in Peoria was experiencing divinity at its best, in the presence of Sant Bhagwant PP Sahebdada, Sadguru Sant P. Ashwindada, Sadguru Sant P. Manojdasji. The 16 elements of P.P. SAHEBDADA's teachings were so well demonstrated in the cultural program, beautifully scripted by P. Bimalbhai and executed in the short skits and dance performances, so wonderfully choreographed by P. Archanaben. A big salute to all the Haribhaktos who prepared and served every meal with such devotion. A big salute to the transportation team. PP. SAHEBDADA's message of working together with samp, suhradbhav, ekta we're all seen so well executed by every single person, who worked so hard at making the samayo a divine experience for all. Simply adbhut ! Saune koti vandan.

*~ Sujataben & P. Siddharthbhai Shah (Buffalo, NY.)*

It's truly a moment to appreciate and be grateful to you all. Only Sant Bhagwant Sahebdada's youth can have such a passionate, considerate and unselfish Bhakti to give in their all for seva. Thank you for all your kindness and love. May you all grow many more times in your Bhakti and seva arpan. *~ Rituben Nigam (Los Angeles, CA)*

One mega event with millions of minute details, completed perfectly as planned. This only happens with each participant work in harmony. Everyone was striving to please Sahebdada. Don't have words to salute P. Trushilbhai, P. Maharshi and P. Mihirbhai and their team for their dedication. All witnessed Samp, Suhradbhav and Ekta in action.

*~ Mahendrabhai Ray (Washington, NJ)*

This event truly we will see for Shree Thakorji and Guruhari Sahebji Maharaj's Rajipo. Everyone did excellent seva with Samp, Suhradaybhav and Ekta, and we really feel Sant Bhagwant Sahebji, Sadguru Santo and P. Santo, and vahala Akshar Mukto's divine sannidhya. *~ Bhagyeshbhai -Diptiben Patel (Lansdale, PA)*

It was wonderful divine experience! Once in a lifetime opportunity. Everything was well organized and executed.

*~ Deepakbhai Thakkar (Peoria, Illinois)*

The entire event was a example of Samp, Suhradbhav and Ekta. Each day was meticulously planned to detail. Right from welcome ceremony of Sant Bhagwant Sahebji Dada to closing ceremony everything was flawless. A well-organized event is a testament to excellent planning and execution. It displays attention to detail and commitment to creating a seamless experience for all satsangis. From the carefully curated schedule to the smooth logistics, everything reflects each one's bhakti to please P.P. Sahebji Dada. The Cultural event was so well choreographed that we could not take our eyes off for a moment. Everyone was setting the stage on fire. (No wonder it was getting hotter the next day) Bhajan Sandhya was so Divine as it ignited a spark of doing more Bhakti in coming days. Yagna as always was perfect in every way. We all are very lucky and Krupa Patra of Shree Thakorji Maharaj and Sant Bhagwant Sahebji Dada, P.P. Ashwin Dada, P.P. Manojdasji and all Santos. Shobha Yatra was well planned keeping in mind the heat and arranging lemonade and water at small intervals shows the concern and care of you all for all of us.

Sashtang Naman to the YOUTH of USA, you all inspire us to improve and do better in all dimensions of our lives. Gratitude to each one of you, who's worked behind the scenes as well. Your commitment is commendable, and we are learning from you ALL. Nat Mastak for the precision in each and everything. Pujya Sahelis Mahatamya Darshan will help us introspect our daily kriyas and be more alert. Eternally Grateful to each and every one of you.

*~ Sunitaben Jobanputra (Pune, MH, India.)*

હે યુવાનો... આપની સાહેબજીને રાજી કરવાની ભાવનાને દંડવત્ પ્રણામ છે. આપ સૌ માટે સાહેબજી અને સદ્ગુરુ સંતોએ આપેલ સમયનું કેવું અદ્ભુત પરિણામપ્રાપ્ત થયું તેનાં દર્શન કરવાનો ખૂબ આનંદ આવ્યો. મંદિર અને સંતનો યોગ અપાવે પ્રભુપ્રસન્નતા ! એ ભાવનાના પણ અનુભવ થયા.

*~ Manishbhai Patel (Richmond, Virginia)*

To the volunteers, the youth leadership and the entire youth team, the event was very well planned and beautifully executed. It was admirable watching the team working with so much enthusiasm. Bimalbhai & the Peoria mandal, thank you for your warm hospitality, this was a huge event, and everything was perfect.

*~ Bhavinbhai Patel (Los Angeles, CA)*

It is one of my greatest blessings and pleasures to have stayed with Sadhu P. Sandipdasji, Rameshdasji Zha, Rajudasji and Rameshdasji Dayalu prior to MPMPM at Upasana Dham. Their guidance, prayers, and blessings have been very impactful, and I hope to live according to their teachings. From the 6:30 dhun, dhyan, prabhatiyu, aarti, and stotram, to the great joy and laughter at the dining table. Site visits, presentations, laundry and more - so many smrutis I will carry with me forever. Thank you so, so much ! To all the other santo, thank you for your guidance, prayers, and blessings. Without them, we would not have been able to perform our seva to the best of our ability. If we have made any mistakes, knowingly or unknowingly, please forgive us. We pray that our thoughts words, and deeds earn Sahebdada's prasannata. Thank you for being our role models. Safe travels! Until next time.

*~ Maharshi Patel (Chicago, Illinois)*

Nice samaiyo ! Hats off to volunteers for organizing wonderful memorable event with Samp, Suhradbhav and Ekta. Thanks to everyone for everything !

*~ Dwijenbhai Panchal (Amdavad, India)*

The exact same feeling as Maharshi. Aashirwaad and prayers request ke ame Sant Bhagwant Sahebdada, Sadguru santo and santo ne game tevu jivan jivta rahi shakiye and emnu kaam emne jevi rite karaavavu chhe tevi saachi samajh ane bhakti saathe kari shakiye.

*~ Trushil Patel (Seattle, WA)*

Peoria MPM was a divine experience! Blessed and thankful to Sant Bhagwant Saheb Dada for giving us the opportunity to do attend and do seva in such a great Mahotsav! Seeing the Bhakti of Bimal Uncle, Pooja Aunty, Saloni and Saheli, was inspiring and helped me to gain even more mahima and love for our Guru Saheb Dada and realize who we have attained ! Their dedication and Bhakti, as well as the entire Peoria Mandal's dedication and Bhakti is truly incredible! We can truly see the fruits of Saheb Dada and Sadguru Santos' vichran over the past 50 years! Their vision is truly unique! To all the Sevaks and Santos, I learned a lot from each one of you and praying that we can continue to gain Saheb Dada's antar no rajipo for many years to come! Thank you!

*Yashvi Siddhpura (Fremont, CA)*

I wholeheartedly echo the sentiments of P. Maharshi and Trushilbhai ! The past couple of weeks have been an incredible experience, filled with joy, laughter, and cherished moments. From selfless seva to shared blessings and memories, every moment has been truly special. Everu devotee's presence has meant the world to us! We're deeply grateful to Sant Bhagwant Sahebji for making this possible. We'll always treasure the memories created during this Samaiyo. Thank you again to everyone! Praying to Maharaj and SB Sahebji to grant us the strength to live a God-centered life and be devoted servants (Das no das)!!

*~ Meet Patel (Peoria, Illinois)*

Thanks to all youths and many volunteers from USA and abroad who did selfless seva for months tirelessly day and night. Many departments like site planning, finance, transportation, accommodations, sabha, decorations, kitchen, serving, office, souvenirs and many more were having regular meetings for planning and execution. Success of event is due to all of them. Thank you !

*~ Jayantbhai Patel (Secretary, Anoopam Mission - USA)*

To our Anoopam Mission Parivaar, wanted to thank each and everyone of you for coming together as one and for allowing us all to experience this wonderful Mahotsav filled with anand! First and foremost, wanted to thank Thakorji and Sant Bhagwant Sahebji for their blessings–with which this entire event became possible! Also to Sadguru Sant Ashvindada and Sadguru Sant Manojdasji for their prayers and guidance every step of the way! To all of the Vratdhari Santos from India, UK, and USA who are so exceptionally talented in their respective departments, so humble, and offered their sevas tirelessly for a year leading up to this Mahotsav. Thank you to Bimalbhai and the entire family for having so much faith and trust in the words and blessings of Sadguru Sant Shantidada for a mandir to be built in Peoria and for not only opening their home but also their hearts to all. Also thank you to the entire Peoria and Local Mandal for supporting whenever and however needed ! Thank you to the 50+ POC's and their entire teams who worked so diligently in their respective sevas and would meet regularly in the last 6 months to meticulously plan and coordinate the details of the Mahotsav. This was through the fantastic leadership of Maharshi, Mihir and Trushil and the guidance of Sadhu Jayeshdasji, other Vratdhari Santos, Bhaveshbhai (CA), and Jayantbhai.

Also, there were so many haribhaktos that worked behind the scenes! Amitbhai (New Jersey), for example, who despite not getting a chance to attend all of the events during the Mahotsav, made sure all Santo and haribhaktos had transportation from Peoria to Chicago and back – a one way distance of 180 miles! Also Mukeshbhai (Virginia) who drove a truck overnight filled with items for the Mahotsav all the way from Allentown, PA to Peoria, IL and then returning items from Peoria to Allentown – a one way distance of 800 miles! These were only 2 examples, but hats off to all of you for your dedicated sevas and for working with samp, suhradhbav, and ekta in order to make Sahebji raji. Thank you everyone for attending this event and for making this a memorable Mahotsav for us all!

*~ Dr. Jitubhai Patel (President, Anoopam Mission – USA)*

Anoopam Mission Parivaar, I would firstly like to say a big Thank to Bimal Uncle, Pooja Aunty, Saloniben, Saheliben, Akashbhai, Mihirbhai & Family, entire execution committee members and volunteers. Thank you for your very kind and generous hospitality. The MPM event was a huge success, and it was clear that a lot of hard work and dedication went into planning it. Again, thank you to the entire MPM committee for making it happen ! I recently moved to USA, and I have learned from you all that 'જો આપણે બધાં સાથે હોય તો આપણે ભારતની બહાર પણ આવા મોટા ઉત્સવો કરી શકીએ છીએ' I was particularly impressed with the youth sabha (heart touching speech by youth), Sahebdada sabha, execution of cultural program, transportation and accommodation arrangements. I also appreciated the opportunity to network with others and make a friend during this event. We are so fortunate to be part of P. Sahebdada blessings and krupa on us. Thank you again for all your hard work. I'm already looking forward to our next event!

*~ Yagneshbhai (Bettendorf, Iowa)*

With Thakorji's Krupa and Blessings & Prayers of Guruhari Sant Bhagwant Sahebji Maharaj, Sadguru Sant Pujya Ashwindada, Sadguru Sant Pujya Shantidada and Sadguru Sant Pujya Manojdasji, our Anoopam Parivar is so blessed and fortunate to have this MPMPM celebration.

Thank you to Sant Bhagwant Sahebdada for sending Santos 15 days before the mahotsav and also having them stay after. That gave us a chance to be inspired by their dasbhav bhakti and by how they make Thakorji and Guru raaji with their vichar, vani and vartan.

Thank you to all santo and haribhakto from all over the world, who helped physically, mentally, online, behind the scenes, did prayers for us for all different kinds of seva like planning, executing, transportation, accommodation, registration, audio video, cultural program, yagna, shobha yatra, decorations, sabha planning, cleaning, general dining, VIP dining, yogi prasad, youth sabha, ghanshyam faliyu, graphics, bhajan sandhya, parayan, Patotsav vidhi and many more... As Param Pujya Pappaji said in Sanjivani Mantra : 'જ્યારે જ્યાં જેની જેટલી જરૂર હશે, ત્યારે ત્યાં તેટલું તે આપી રહેશે જ તેનો અનુભવ કરાવ્યો.'

Thank you all for supporting and helping us to implement Sadguru Sant Pujya Shantidada's sankalp of Mandirji with vhala Sahebdada's Krupa aashish. Prayers to Thakorji and Guruhari Sahebdada that we do His work, in His way, to make Him happy with samp, suhradbhav and ekta. Please forgive us for any mistakes. Sahune hruday na bhav thi vandan sah Jai Shri Swaminarayan !

*~ Poojaben Sheth (Peoria, IL)*

ચાર દિવસનો દિવ્ય સમૈયો અને એક પછી એક એમ સાત પ્રસંગો છતાં પણ ક્યાંય કોઈ જ વિઘ્ન વગર આનંદસભર રીતે સંપન્ન થયા, તે વ્હાલા શાંતિદાદાના સંકલ્પે અને ગુરુહરિ સંતભગવંત સાહેબદાદાની કૃપાએ જ થયા. જરૂરથી મનબુદ્ધિની ગણતરી તો થતી હતી કે, આ કેમ કરીને થશે ? પણ દાદાએ શીખવ્યું હતું કે, 'છોડી દો, તમે છોડશો તો મહારાજ પકડશે અને એ બંધાશે.' 'છોડી દો' - આ બે શબ્દનું આત્મજ્ઞાન અમારા જીવમાં વણાઈ જાય એ પ્રાર્થના છે, દયાળુ ! નિમિત્ત ભલે પરિવાર થયો, ઈમારત તો દેખાય પણ તેના પાયામાં કોણ ક્યાં કેટલાં હોમાયાં તેનો અંદાજ ન આવે. પિયોરિયાના તે માવતર સત્સંગી પરિવારોથી માંડીને, યુવા ગૃહસ્થ પરિવાર અને સાહેબદાદાના સેનાની એવા યુવાનેતાઓ, આ બધા સમૈયાના અને મંદિરજીના પાયામાં હોમાયા તો આ સમૈયો પ્રગટ ગુરુહરિ સાહેબદાદાનો રાજીપો મળે તેવો શોભાયમાન બની રહ્યો. આખાય સમૈયામાં શાંતિદાદાની પળેપળની અનુભૂતિ એટલી તીવ્ર રહી કે એ દર્શન, એ સ્પર્શન, એ સ્પંદન અત્યારે પણ અનુભવાઈ રહ્યાં છે. હાંહાંગડથલ રૂપે પ્રયત્ન તો આપણે સાથે મળીને કર્યા, છતાંય સંતોનું, હરિભક્તોનું ક્યાંક સચવાયું - ક્યાંક ન સચવાયું, તો સાહેબદાદાના કૃપાપાત્ર એવા, હે અક્ષરમુક્તો, આપ સહુના ચરણોમાં બે હાથ જોડી ક્ષમાપ્રાર્થનાના ભાવ સાથે નતમસ્તક પ્રણામ ! કહેવું તો ઘણુંય છે પણ હૃદયમાં રહી ગયેલો એ ભાવ, જે હોઠ સુધી પહોંચી શાબ્દિક સ્વરૂપ ન લઈ શક્યો, છતાંયે પૂર્ણ વિશ્વાસ છે કે સમૈયા દરમિયાન આપણા વ્હાલા શાંતિદાદા પ્રગટ્યા તે અહેસાસની અનુભૂતિ જરૂર આપના અંતરમાં આનંદરૂપે થઈ જ હશે અને હવે સદાયે આપણા પરિવારમાં, આપણી પળેપળમાં, આપણાં જીવનમાં, આપણા જીવમાં, વ્હાલા શાંતિદાદા સદાયે પ્રગટ રહે તે પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ !

*~ Bimalbhai Sheth (Peoria, IL)*

# મારું મંદિર, મારું ઘર !

~ સહેલી શેઠ



**આ** સમૈયો ક્યારે શરૂ થયો અને ક્યારે પતી ગયો તેની ખબર જ ના પડી ! જ્યારે સાહેબદાદાએ કહ્યું કે, 'પિયોરિયા મંડળમાં એક મંદિર બનાવવું છે'; ત્યારે એવું લાગ્યું કે કોણ આવશે ? અમારા સ્થાનિક મંડળમાં તો ચાર બાળકો માટે ચાર યુવાનેતા છે. પણ સાહેબદાદાએ કીધું કે, 'ચિંતા ના કરો, ભગવાન ગોઠવશે અને બધું જ સારું થશે.' અને આ આશીર્વાદનાં ફળ હવે દેખાય છે. અને સાચે આ સ્થાનિક મંડળના ભક્તોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં બહેનોનું નૃત્ય, બાળકોનું નૃત્ય, ભાઈઓનો સંવાદ જેવી બહુ જ સેવા આપી છે. જ્યારે યજ્ઞની સેવા કરતાં હતાં ત્યારે મેં વૉટ્સઅપમાં પિયોરિયા મંડળના ગ્રુપમાં એક સંદેશો મૂક્યો અને ફક્ત અડધો કલાકમાં જ ૧૦થી ૨૦ સેવકો સેવા કરવા માટે પહોંચી ગયા. આ છે અમારું પિયોરિયા મંડળ !

થોડાં વર્ષ પહેલાં મેં એક 'સ્વામીની વાત' વાંચી હતી, સ્વામિનારાયણ હરે સ્વામી વાત કરે છે કે, 'ઘરમાં રહેવું તે મહેમાનની પેઠે રહેવું.' - Live in the home as a guest. જ્યારે મેં પહેલીવાર વાંચ્યું ત્યારે મને થોડું હસવું આવ્યું, કારણ કે, મને થયું કે કોણ આટલા કામધંધા વગરના છે ? અને કોની પાસે ઘરમાં મહેમાનની જેમ રહેવા માટેનો સમય છે ?

ઘરમાં પહેલા ફ્લૉર પર એક-બે વાળ હોય તો હું રહેવા દઉં, ઘરમાં ચંપલ પહેરીને આવું, આવું બધું ચાલે. પણ હવે સાહેબદાદાએ ઘરને મંદિર બનાવી દીધું એટલે ફ્લૉર પર વાળ હોય તો સાફ કરી દઉં, ચાવી ઘરમાં રહી ગઈ હોય તો ઘરની અંદર જતાં પહેલાં ચંપલ બહાર કાઢીને જ જાઉં. બધું જ બદલાઈ ગયું, કારણ કે પહેલાં ઘર હતું ત્યારે સફાઈ હતી પણ હવે મંદિર બની ગયું એટલે હવે સેવા છે. પહેલાં જે 'કામ' હતું તે હવે 'ભક્તિ' બની ગઈ. આ એક જ દષ્ટાંત છે કે સાચે જ ઘર મંદિર બની ગયું. અનુપમ મિશનના ઇતિહાસમાં સૌ પ્રથમ વખત આવું (ઘરમાં મંદિર) થયું એટલે મનમાં પ્રશ્ન થયો કે, કેમ આવું ઇતિહાસમાં પ્રથમ વખત થાય છે ? સાહેબદાદા શું કહેવા માંગે છે ?

અને હું વિચારું કે, તેઓ એમ કહેવા માંગે છે કે, આ પ્રસંગમાં સાચે જ ઘર મંદિર થઈ ગયું છે. કદાચ તેઓ આપણને સર્વને આપણું ઘર મંદિર જ છે તે માનવાનું સમજાવે છે. ફક્ત ઘર ચોખ્ખું રાખવું, ભગવાનને રહેવાનું ગમે તેવું રાખવું એટલું જ નહીં, પરંતુ ઘરમાં આપણાં વાણી-વર્તન ભગવાનને ગમે તેવાં હોય. જ્યારે હું દીદીને હેરાન કરું ત્યારે પપ્પા મને કહે છે કે, 'સાહેબદાદા અહીંયાં હોય તો તમે આવું કરો?' અને ત્યારે એટલી બધી સમજણ ન હતી એટલે હું કહેતી કે, 'સાહેબદાદા અહીંયાં નથી.' પણ હવે ખબર પડી ગઈ છે કે સાહેબદાદા અહીંયાં જ છે. સાક્ષાત્ ભગવાન અમારા ઘરે છે - અમારા મંદિરમાં છે એટલે હવે કોઈ બહાનું રહ્યું નથી. આ જ તફાવત છે કે, હવે આ ઘર નથી, હવે મંદિર છે. પહેલાં મોટા અવાજથી વાત થઈ જાય તો ચાલે, પણ હવે ના કરાય, કારણ કે મંદિર છે એટલે પ્રેમ, સંપ, સુહૃદભાવ અને એકતા હોવાં જોઈએ.

સભા એ એક વર્ગની જેમ છે. અમે સભામાં જ સંપ, સુહૃદભાવ, એકતાના પાઠો શીખીએ છીએ પણ જ્યારે સમૈયામાં સેવા કરીએ છીએ ત્યારે જે શીખ્યા છે તેનું ઍપ્લિકેશન કરવાની તે પ્રૅક્ટિકલ લૅબ છે. આ વખતે ચોક્કસપણે સૌએ ભેગાં મળી, સુસંવાદિતા રાખી સેવા કરી તેનું ઇદમ દર્શન થયું. અમારાં સૌના અભિપ્રાય જુદા હોવા છતાં અમે એકબીજાંનું સાંભળતાં હતાં અને એવો પણ વિચાર આવતો હતો કે, ભગવાન જ તેઓને બોલવાની પ્રેરણા કરી રહ્યા છે. આ અમને જે શિખવાડવામાં આવ્યું તે ખરેખર અમે શીખ્યા. ચોક્કસપણે આ બધા સંતો-ભક્તો સામાન્ય નથી એવું દેખાય છે. આપણે બધા સાહેબદાદા દ્વારા ભગવાનનું કાર્ય કરવા માટે પસંદગી પામેલાં છીએ.

મારી પ્રાર્થના છે કે, આપણે સૌ આ કાર્ય કરતાં રહીએ. આવતા વર્ષે પ્રથમ પાટોત્સવમાં બધાં ફરીથી પધારજો. સાહેબદાદા ! હવે મંદિર છે એટલે આપ ફક્ત એક અઠવાડિયા માટે નહીં, પરંતુ એક મહિના માટે રહી શકો છો. બસ પ્રાર્થના છે કે, જેવી રીતે આ ઘર મંદિર બન્યું તેવી જ રીતે બધા હરિભક્તોનાં ઘર મંદિર બનાવશો અને બધા હરિભક્તોને મંદિર બનાવશો. સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

# મહોત્સવનાં દિવ્ય સંભારણાંરૂપ
# પ્રિન્ટ, ઑડિયો અને વિડિયો પ્રકાશનોનાં મુક્તાર્પણ



'ઉપાસના'
ડૉ. જિતુભાઈ પટેલ દ્વારા મુક્તાર્પણ



'ગુરુહરિ સાહેબજી સંગે દિવ્ય જીવનના પંથે'
ડૉ. સિદ્ધાર્થભાઈ દ્વારા મુક્તાર્પણ



'ગુરુહરિ સાહેબજી કહે છે : સો વાતની એક વાત !'
લાલાસાહેબ દ્વારા મુક્તાર્પણ



'શ્રી સ્વામિનારાયણ'મહામંત્ર લેખનપોથી
ડૉ. વીરેન્દ્રભાઈ પટેલ દ્વારા મુક્તાર્પણ



સંતસમાગમ (અંગ્રેજી) ભાગ-૧
ડૉ. રાહુલભાઈ પટેલ દ્વારા મુક્તાર્પણ



'સંત પરમ શાંતિદાતા-સંત મહિમા'
બિમલભાઈ શેઠ દ્વારા મુક્તાર્પણ



'યોગીદર્શન' વિડિયો આલ્બમ
દ્વિજેનભાઈ પંચાલ દ્વારા મુક્તાર્પણ



'સાધુ સાધી લે...' કીર્તન આલ્બમ
દિનેશભાઈ પટેલ દ્વારા મુક્તાર્પણ



'સાધુ હૃદયગુંજન' ઈન્સ્ટ્રુમૅન્ટલ આલ્બમ
ભાવિનભાઈ પટેલ દ્વારા મુક્તાર્પણ

॥ સ્વામિશ્રીજી ॥



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

વચનામૃત સારંગપુર-૧૪ : 'પ્રમાદ અને મોહનું'નું નિરૂપણ
૨૫ જૂન ૨૦૨૪, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.

**સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાનના ભક્ત હોય તે ભગવાનનાં ધામ જે વૈકુંઠાદિક તેને પામીને પાછા પડતા નથી, એમ ભગવાને ગીતામાં કહ્યું છે; અને જે પડતો હશે તે શે દોષે કરીને પાછો પડતો હશે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'કોણ ભગવાનના ધામને પામીને પાછો પડ્યો છે? એક તો બતાવો!' પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ કહ્યું જે, 'એક તો વૈકુંઠમાંથી જય-વિજય ભગવાનના પાર્ષદ પડ્યા અને ગોલોકમાંથી રાધિકાજી ને શ્રીદામા પડ્યાં.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જય-વિજય પડ્યા એ તો ભગવાને પોતાના સંતનો મહિમા દેખાડવા સારુ પાડ્યા જે, સનકાદિક જેવા સંતનો દ્રોહ કરે તો વૈકુંઠાદિક જેવા ધામને પામ્યો હોય તોય પણ પડી જાય છે.'**

શ્રીજી મહારાજ સૈદ્ધાંતિક વાત કરે છે. ગમે એવા મોટા હોય, સિદ્ધ પુરુષ કહેવાતા હોય, પણ ભગવાનને રાજી રાખવા માટે જાગ્રતતા તો રાખવી જ પડે. મંદિરમાં ભગવાનના ભક્ત ભગવાનના ધામમાંથી પાછા કેમ પડે છે તે પ્રશ્ન છે. મહારાજ કહે છે કે, જય-વિજય તો ભગવાનના દ્વારપાળ હતા, છતાં તેઓ વૈકુંઠમાંથી પડ્યા, એ તો ભગવાને પોતાના સંતનો મહિમા દેખાડવા સારુ પાડ્યા. પણ પાછા ત્રીજા જન્મે ભગવાનના વૈકુંઠના ધામમાં પહોંચ્યા.

ભગવાનની ભક્તિમાં, સેવામાં રહેલા આપણે બધા સંતોએ જાગ્રતતા રાખવા મહારાજે આ વાત કરી છે. જય-વિજય પડ્યા કે ના પડ્યા, કેમ પડ્યા ? એની આપણને કંઈ લેવા-દેવા નથી. પણ, આપણને આ દૃષ્ટાંત આપીને મહારાજ એ સમજાવવા માંગે છે કે, તમે અક્ષરધામમાં પ્રભુની સેવામાં હોવ કે કોઈ સંતની સેવામાં હોવ, પણ હે ભક્તો, હે સંતો ! તમે વિવેક નહીં ચૂકતા.

નવ યોગેશ્વરો જે કહેવાય છે, તે શુક-સનકાદિક યોગેશ્વરો હતા, બહુ મહાન ઋષિઓ હતા અને તપસ્વીઓ હતા, પણ નાની ઉંમરના હતા. એ નવ યોગેશ્વરો ભગવાનનાં દર્શન કરવા આવ્યા. ત્યારે દ્વારપાળ રહેલા જય-વિજયે તેઓને રોક્યા અને તેઓને છટકાર્યા, ધમકાવ્યા. શુક-સનકાદિક સંતો પણ સામે એવા જ હતા. એટલે એમણે શાપ આપ્યો, 'જાવ, તમે પૃથ્વી ઉપર જન્મ ધરો.' તો તેઓ આસુરીવૃત્તિને પામી ગયા. શાસ્ત્રોમાં એવું કહેવાય છે કે, જય-વિજય શ્રી રામના વખતમાં રાવણ અને કુંભકર્ણ બે ભાઈઓ તરીકે જન્મ્યા અને પ્રહ્‌લાદના વખતમાં તેઓ હિરણ્યકશ્યપ અને હિરણ્યકશ્યપુ બે ભાઈઓ હતા. ભગવાન એમનો ઉદ્ધાર કરીને પાછા વૈકુંઠમાં લઈ ગયા. જય-વિજય તો પાછા ત્રીજા જન્મે ભગવાનના ધામમાં પહોંચ્યા. માટે એ કાંઈ પડ્યા ના કહેવાય. એ તો ભગવાનની ઈચ્છાએ થયું. અને પડ્યા તો તે કહેવાય જે, જેને પાછો ભગવાનનો સંબંધ જ ના રહે. પણ ભગવાને આપણને બતાવ્યું કે, જય-વિજય જેવા ભગવાનની સેવામાં રહેનારાએ પણ જો ભગવાનના અતિપ્રિય સંતો શુક-સનકાદિકનું અપમાન કર્યું એટલે ભગવાને સહન ના કર્યું.

શ્રીદામા અને રાધિકાજી એ બેઉ વઢ્યાં અને ગોલોકથી બંને પડ્યાં ને પૃથ્વી પર આવ્યાં. તે પણ ભગવાનની ઈચ્છા હતી અને પોતાને પણ મનુષ્યદેહ ધારીને અનેક જીવોનો ઉદ્ધાર કરવો હતો, અને પોતાનાં કલ્યાણકારી જે ચરિત્રો-તેનો વિસ્તાર કરવો હતો, માટે રાધિકાજી

ભગવાનની ઈચ્છાએ કરીને જ ગોલોકમાંથી પૃથ્વી પર જન્મ ધર્યો. પણ મહારાજ કહે છે કે એ પડ્યાં ના કહેવાય. ભગવાનને પોતાને પૃથ્વીલોકને વિશે જન્મ ધારણ કરવો હતો એટલે રાધિકાજી ને શ્રીદામાની સાથે ભગવાન પણ શ્રીકૃષ્ણ રૂપે આવ્યા અને એમનાં લીલાચરિત્રોનું આપણને દર્શન કરાવ્યું; એટલે એ ભગવાનની ઈચ્છાએ કરીને થયું.

પણ, મહારાજનો કહેવાનો મતલબ એ છે કે આધ્યાત્મિક માર્ગે ગતિ કરતા મુમુક્ષુઓ, સાધકોએ, સંતોએ જાગ્રતતા એ રાખવાની, વિવેક એ રાખવાનો કે, કોઈના અભાવ, અવગુણ, ખટપટ, નિંદા, માથાકૂટમાં પડવાનું તો નહીં જ, પણ કોઈ આપણને પાડવા માંગે તો એમાં ભળી નહીં જવાનું. ભગવાનના સંતો-ભક્તો સાથે વઢવેડ ના કરવી, બોલાચાલી ના કરવી, લમણાકૂટ પણ ના કરવી, નમી દેવું. શું સાચવવું ? મહારાજ એ કહે છે કે ભગવાનના ભક્તો આગળ નમશે, ખમશે એ અમારું પ્રિય પાત્ર બનીને રહેશે. બાપા કહે, 'નમો, ખમો તો પ્રભુને ગમો.'


**ભગવાનની જ ઈચ્છાએ જે ગોલોકથી પૃથ્વીને વિષે આવ્યાં એ તે કાંઈ પડ્યાં ન કહેવાય, એ ઠેકાણે તો ભગવાનની જ ઈચ્છા જાણવી. તે ભગવાનની ઈચ્છાએ તો અક્ષરધામમાંથી પણ દેહ ધરે, અને જડ હોય તે ચૈતન્ય થઈ જાય અને ચૈતન્ય હોય તે જડ થઈ જાય; કેમ જે, ભગવાન તો અતિ સમર્થ છે તે જેમ કરે તેમ થાય, પણ તે ભગવાનની ઈચ્છા વિના તો ભગવાનના ધામને પામીને કોઈ પડે જ નહીં.**

ભગવાનની ઈચ્છાથી પડ્યાં એ પડ્યાં ના કહેવાય, શાથી ? કે જ્યાં શ્રી કૃષ્ણ ભગવાન ત્યાં ગોલોક. આપણે ત્યાં એમ કહેવાય કે, 'જ્યાં બાદશાહ ત્યાં બજાર' જ્યાં બાદશાહ બેસે ત્યાં આજુબાજુ બધી જાહોજલાલી થઈ જાય. પહેલાંના વખતમાં અંગ્રેજો અહીં રાજ્ય કરતા ત્યારે મુખ્યમથક મુંબઈ કે દિલ્હી હોય. ઉનાળામાં બહુ તાપ લાગે એટલે ગવર્નર ને બધા પૂના કે સિમલા જતા રહે. તો તેમનો બધો સ્ટાફ શું કરે ? એટલે આખું સેક્રેટરિયેટ સિમલા જતું રહે. પછી જેમને એમનું કામ હોય એમને સિમલા જ જવું પડે. એટલે કહ્યું કે, 'જ્યાં બાદશાહ ત્યાં બજાર.' સત્તા જ્યાં છે ત્યાં જવું પડે. એમ, ભગવાન જ્યાં પ્રગટ હોય ત્યાં અક્ષરધામ. અક્ષરધામ કંઈ આકાશમાં નથી, પ્રભુ જ્યાં પ્રગટ હોય ત્યાં એમનું ધામ !

શ્રી કૃષ્ણ પરમાત્મા પૃથ્વી પર પ્રગટ થયા તો તેઓ જ્યાં હતા ત્યાં ગોલોક હોય, વૃંદાવન હોય. મથુરામાં હોય કે દ્વારકામાં હોય, રાધિકાજીને પણ શ્રીકૃષ્ણ પરમાત્મા જ્યાં પ્રગટ હોય એ ગોલોક ! એટલે તેઓ પડ્યાં ના કહેવાય. કારણ કે, જ્યાં હોય પ્રભુ હોય ત્યાં ધામ છે, પડવાપણું છે જ નહિ. પણ જેનો ભાવ બદલાઈ જાય, આસુરીભાવ થઈ જાય એને પડ્યા જાણવા. જેનો અભાવ આવે એનો તિરસ્કાર કરે તો પછી ભગવાનથી દૂર જતો રહે. દૂર જતો રહે એટલે કરંટ બંધ થઈ જાય, એટલે રાણું ઢબ થઈ જાય. જેમ કે આ પંખો કહે કે, મારે લીધે પવન છે, મારા લીધે તમને ઠંડક છે. પણ ઈલેક્ટ્રિસિટી બંધ થઈ જાય તો ? ઝીરો થઈ ગયું ને ! આ માઈક છે પણ ઈલેક્ટ્રિસિટી-કરંટ જતો રહે એટલે શું કહે ? ભૂંગળું આઘું ખસેડો. એની કિંમત જીવંતતામાં છે. એમ, કિંમત પ્રભુતામાં છે. જ્યાં પ્રભુ-ત્યાં પ્રભુનું ધામ. પ્રભુથી ખસ્યા એટલે પડ્યા કહેવાય. પડ્યા કહેવાય એટલે શું ? આપણે બધાય, બ્રહ્મજ્યોતિમાં રહેતા હોઈએ પણ પ્રભુથી ખસીએ તો પડ્યા જ કહેવાઈએ, લ્યો ! કોઈનો અભાવ આવે, કોઈનો ભાવફેર કરો તો તમે પડ્યા. પણ ગુણ જોયા કરો, સેવા કર્યા કરો, ધૂન-ભજન કર્યા કરો તો અક્ષરધામમાં છીએ. અક્ષરધામમાંથી પડ્યો તો કહેવાય, જો ભગવાન સાથેનો સંબંધ તૂટે તો. અને ભગવાનનો સંબંધ ત્યારે તૂટે છે જ્યારે તેમના ભક્તોને વિશે ભાવફેરમાં પડીએ કે નિયમ-ધર્મની મર્યાદા લોપીએ તો. માટે એ નહીં કરવાનું.

કોઈ પણ રીતે તમારું માન જળવાય-ના જળવાય, તમને બોલાવે-ના બોલાવે, ભગવાન તમારા દેહભાવની કસોટી કરે, તમારા માનની પરીક્ષા લે. તમારામાં માન, કામ, ક્રોધ, લોભ, મોહ છે એની પરીક્ષા ક્યારે થાય ? સ્વાદ છે તો જમવામાં જ તમને પડતા મૂકે, તમને જ ના બોલાવે, તમને જ બેસવાનું ના મળે. કાં તો બે આઇટમ તમને જ ના પીરસે. જમવામાં જે

ભગવાન જ્યાં પ્રગટ હોય ત્યાં અક્ષરધામ.
અક્ષરધામ કંઈ આકાશમાં નથી,
પ્રભુ જ્યાં પ્રગટ હોય
ત્યાં એમનું ધામ !





**કોઈનો અભાવ આવે,**
**કોઈનો ભાવફેર કરો તો તમે પડ્યા.**
**પણ ગુણ જોયા કરો, સેવા કર્યા કરો,**
**ધૂન-ભજન કર્યા કરો તો**
**અક્ષરધામમાં છીએ.**

ભાવફેર કરાવે તે સ્વાદ ! આગળ-પાછળ-ઉપર-નજીક-પાછળ બેસાડ્યા ને ભાવફેર થાય એ માન. બોલાવે-ના બોલાવે, નોંધ લીધી-ના લીધી એને લઈને ભાવફેર થાય એ માન ! આ બધા દોષ છે એ દેખાડવા મહારાજ ગતકડાં કરતા હોય. ત્યારે એટલું યાદ રાખવું કે, મને ભાવફેર થાય છે એ જ મારો દોષ છે-તો હે પ્રભુ ! એ ટાળી દો; એમ પ્રાર્થના કરીએ તો હઠ, માન, ઈર્ષ્યા ને કામ, ક્રોધાદિક દોષ રહિત થઈ જવાય.

શ્રી સ્વામિનારાયણ ભગવાન બધાં વચનામૃતોમાં એક જ સાર આપે છે કે, 'ભગવાનનો આશરો દૃઢ રાખવો.' સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ ને સંતનો મહિમા તેઓએ કેટલો બધો ગાયો છે ! 'વચનામૃત'માં પાને પાને સંતનો મહિમા છે. જય-વિજય શુક-સનકાદિકનો મહિમા ના સમજ્યા તો ભગવાનથી દૂર જવું પડ્યું. રાધિકાજી ને શ્રીદામા ભગવાનના સંબંધનો મહિમા ના સમજ્યા તો ભગવાનથી વિરહ પામ્યાં. એમ, આપણે પણ ભલે ભગવાનની સામે બેસીને ભજન કરતા હોઈએ, પણ અંદર જો ભાવફેર ને માથાકૂટ થતી હોય તો આપણે ભગવાનની પાસે નથી એ યાદ રાખજો. અને ગમે એટલા દૂર હોઈએ પણ ભગવાનનાં ગુણગાન ને મહિમાના વિચારોમાં હોઈએ તો ભગવાન કહે, 'એ ભક્ત મારી પાસે જ છે'; મહારાજને આ કહેવું છે.

**જે ગાફલાઈ રાખશે ને તે ભગવાનનો ભક્ત હશે તો તેને પ્રમાદ ને મોહ એ બે શત્રુ નડ્યા વિના નહીં રહે. જેમ મદિરા પીએ તથા ભાંગ્ય પીએ તો જેમ વિમુખને કેફ ચડે છે તેમ જ ભગવાનનો ભક્ત હોય તેને પણ કેફ ચડે ને ગાંડો થાય; તેમ મદિરા ને ભાંગ્યરૂપ જે પ્રમાદ ને મોહ તે તો જેમ વિમુખ જીવને નડે તેમ જ ભગવાનના ભક્તને પણ નડે.**

મહારાજ પ્રમાદ અને મોહની વાત કરે છે. સાધનામાં સાધકને આળસ ને પ્રમાદ બહુ નડે છે. આળસ એટલે કામ ઠેલ્યા કરે. 'આ કરવાનું છે' તેમ કહીએ, તો કહે, 'પછી કરીશું' એમ, આળસ કરી કામ કરવામાં તારીખ પાડ્યા કરે. તરત કરવાને બદલે કલાક પછી કરીશું-કાલે કરીશું-પરમ દિવસે કરીશું-એમ કહે એ આળસ કહેવાય. પ્રમાદમાં કામ કરે છે પણ જે વખતે જે કરવાનું હોય એ ના કરે. કોઈ છોકરો વિદ્યાભ્યાસ કરતો હોય - ભણતો હોય અને એને વાંચવાનું કહીએ કે, 'વાંચ' તો એ વાંચે તો ખરો આઠ-આઠ કલાક વાંચે, પણ જેની પરીક્ષા આપવાની છે એ પુસ્તકોને બદલે બીજાં પુસ્તકો-નૉવેલો વાંચે. આમ દેખાય કે, વાંચે છે, પણ એ બીજું જ વાંચતો હોય. એટલે કે જે કરવાનું હોય તે ના કરે એ પ્રમાદ ! સભા ના હોય ત્યારના સમયે ભજન કરે, પણ સભાના સમયે ભજન ના કરે એ પ્રમાદ કહેવાય. જે સમયે જે કરવું પડે એ કરીએ એ પ્રમાદ નથી પણ જે સમયે જે કરવું પડે એ ના કરીએ એ પ્રમાદ ! અને કામ કરીએ નહીં અને ઠેલ્યા કરીએ એ આળસ !

**તે પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને પ્રમાદ ને મોહરૂપ શત્રુ રહ્યા છે તોય પણ જે ગાફેલ રહે છે તેને તો તમે શ્રેષ્ઠ કહો છો. જેમ પતિવ્રતા સ્ત્રી હોય ને તે પોતાના પતિની બીકે ને પતિવ્રતાનો ધર્મ રાખ્યાની બીકે અતિશય મનમાં ખટકો રાખીને કોઈ પુરુષ સાથે હસીને તાળી લે નહીં.**

મોહ-ભગવાન સિવાય બીજાનો ભાર પડે એ મોહ કહેવાય. મહારાજે પતિવ્રતા સ્ત્રીનું દૃષ્ટાંત આપ્યું. આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને આપણા ગુરુ એ બેને મૂકીને કોઈ બીજાના પ્રભાવમાં ના આવીએ. તમે એ બેને મૂકીને બીજાના પ્રભાવમાં આવો એ મોહ છે. એવું ના થવું જોઈએ. ગુણગાન ને મહિમા બધાનાં ગાવ. પણ કોઈના પ્રભાવમાં ના આવવું.

અમે યોગીજી મહારાજ જોડે ફરતા હતા. બીજા રિદ્ધિ-સિદ્ધિવાળા સાધુ-સંતો ઘણાં બધાં ઐશ્વર્ય બતાવે, ચમત્કાર બતાવે. યોગીબાપા બોલે એમના કરતાં સારા ઑરેટરો હોય. એમ લાગે કે, આ બહુ સારા સાધુ છે, પણ એમનો અમને પ્રભાવ ના પડે. પ્રભાવ ના પડે એટલે

એમની વાત પ્રમાણે આપણને જીવવાનું મન ના થાય. આપણે એમને અનુસરીએ નહિ, એમની સાથે ઍટેચ ના થઈએ. 'બહુ સારા સાધુ છે', બસ એટલું જ થાય. સિદ્ધ પુરુષ, ઑલિયા સાધુ હોય પણ યોગીબાપાના જેવો કોઈનો પ્રભાવ અમારી પર ના પડે.

પોતાના ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન-એમનું આપણા હૃદયમાં સર્વોપરી સ્થાન હોય. બીજાના ભગવાન સર્વોપરી છે કે નથી - એ લમણાફૂટમાં આપણે ના પડવું, કે બીજા ભગવાન અમારા ભગવાનને માને છે એટલે અમારા ભગવાન મોટા છે એ રીતે આપણા શ્રી સ્વામિનારાયણ ભગવાનને આપણે મોટા પણ નથી ઠરાવવા. આપણને પ્રતીતિ છે માટે મારા ઇષ્ટદેવ મારા માટે સર્વોપરી છે. જેમ સ્ત્રીને એનો ધણી પરમેશ્વર, બીજી સ્ત્રીને એનો ધણી પરમેશ્વર. બીજી સ્ત્રી એના પતિને પરમેશ્વર માને તો ભલેને માને, એની પૂજા કરે. એમ, તમારા ઇષ્ટદેવ ને તમારા ગુરુ સિવાય બીજી કોઈ જગ્યાએ તમને આકર્ષણ ના થાય, પ્રભાવ ના પડે, એમની વાત ના મનાય. હા, ગુરુની આજ્ઞા પાળવામાં, ગુરુનો મહિમા વધારવામાં, પોતાના ઇષ્ટદેવમાં શ્રદ્ધા અને ભક્તિ વધારવામાં જે વાતો મદદરૂપ થાય એ વાતો લેવાની, બાકી છોડી દેવાની.

શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે, પ્રમાદ ને મોહ સામાન્ય માણસને નડે છે અને ભક્તને પણ નડે છે. પણ ભક્તને સાધુનો યોગ છે, સંતોનો સાથ છે, ભજન-પ્રાર્થનાનું બળ છે એટલે ભગવાન કહે, એનો પ્રમાદ અને મોહ ટળી જશે, રહેશે નહીં; એટલો ફાયદો છે. માટે એ આપણે ખાસ ધ્યાન રાખવું કે જે સમયે જે કરવાનું હોય તે કર્યા કરવું. ભણનારા વિદ્યાર્થીઓને બાપાએ આજ્ઞા કરી, 'વાંચો' એમાં તમને આળસ ચઢતી હોય, તો પાંચ મિનિટ ધૂન કરો, પણ બે-ચાર કલાક વાંચવાના બદલે બે-ચાર કલાક ધૂન કરો તો એ પ્રમાદ કહેવાય. એવું નહીં કરવાનું.


કોઈ વેપાર-ધંધો કરતો હોય અને તમારી પાસે માલ લેવા આવે ને તમે એને એમ કહો કે, 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરો.' પણ તમે માલ વેચવા બેઠા છો તો એ કરોને ! પછી કોઈ ઘરાક ના હોય, એકદમ ફ્રી હોવ ત્યારે ધૂન કરો. ફ્રી હોય ત્યારે ધૂન નહીં કરે, ત્યારે છાપાં વાંચશે કાં ગામ-ગપાટા મારશે; એ પ્રમાદ છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રમાદ ને મોહ માટે લાલબત્તી બતાવી છે, 'હે ભક્તો, હે સંતો ! જે વખતે જે કરવાનું હોય એ કરો, અને એવું ના થાય તો પ્રભુનું બળ લ્યો, ભજન-પ્રાર્થના કરો.' અને મોહ-પોતાના ઇષ્ટદેવ, પોતાના ગુરુ અને સંબંધવાળા ભક્તો નિર્દોષ ને દિવ્ય છે એ મુકામમાંથી કોઈ તમને ચલિત કરવા માંગે તો થાઓ નહીં એ મોહથી પર થઈ ગયા.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સ્થૂળ દેહને વિષે એવી દૃઢ પોતાપણાની માનીનતા છે તેવી જ જો સૂક્ષ્મ દેહને વિષે માનીનતા હોય, તો જેવું સ્થૂળ દેહમાં કર્મ લાગે છે તેવું જ સૂક્ષ્મ દેહમાં પણ લાગે. અને જે સૂક્ષ્મ દેહનાં કર્મને અલ્પ કહ્યાં છે, તે તો જીવને હિંમત દેવા સારુ છે. અને જેને સ્થૂળ દેહને વિષે તથા સૂક્ષ્મ દેહને વિષે અભિમાન નથી, તેને તો સ્થૂળ દેહનું કર્મ પણ લાગતું નથી ને સૂક્ષ્મ દેહનું પણ લાગતું નથી; કેમ જે, એ તો કેવળ આત્મસત્તારૂપે જ વર્તે છે.**

મહારાજે સ્થૂળ દેહ અને સૂક્ષ્મ દેહની વાતો કરી. ત્રણ શરીર છે - સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. આપણે શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતો અને ભગવાનને ધારક એવા સંતો મહંત સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ ને આ સંતોને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ એટલે એક શરીર તો આપણું ખલાસ થઈ ગયું-કારણદેહ બળીને ખાખ થઈ ગયું. તો હવે સ્થૂળ ને સૂક્ષ્મ દેહનો કજિયો રહ્યો. બહાર ફિઝિકલ બૉડીમાં દેખાય છે એ સ્થૂળ દેહ શ્રી સ્વામિનારાયણ ભગવાને આપેલા 'શિક્ષાપત્રી'ના નિયમોમાં રાખીને વર્તીએ તો સ્થૂળ દેહ ઉપર પણ કન્ટ્રોલ આવી જાય. પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને અગિયારમું મન તથા ચાર અંતઃકરણ કે જેમાંથી

ગુરુની આજ્ઞા પાળવામાં,
ગુરુનો મહિમા વધારવામાં,
પોતાના ઇષ્ટદેવમાં શ્રદ્ધા અને
ભક્તિ વધારવામાં જે વાતો મદદરૂપ થાય
એ વાતો લેવાની, બાકી છોડી દેવાની.





**પોતાના ગુરુ અને સંબંધવાળા ભક્તો
નિર્દોષ ને દિવ્ય છે
એ મુકામમાંથી કોઈ
તમને ચલિત કરવા માંગે તો થાઓ નહીં
એ મોહથી પર થઈ ગયા.**

હઠ, માન, ઈર્ષ્યા ને કામ, ક્રોધાદિક દોષ ઊભા થાય છે-એ સૂક્ષ્મદેહના ભાવો પર કથાવાર્તા, ભજન-પ્રાર્થના ને મહિમાની ગોષ્ઠિથી કન્ટ્રોલ આવે છે. ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા માટે સ્થૂળ દેહને કન્ટ્રોલ કરીએ એટલે સૂક્ષ્મ દેહના ભાવો કન્ટ્રોલ કરવા સહેલા પડે. માટે મહારાજ કહે, ભગવાનનાં લીલાં ચરિત્રો ગાવામાં, ભગવાનનાં ગુણગાન ને મહિમા ગાવામાં, સેવામાં, જો દેહને ઘોંચી ઘાલીએ તો સૂક્ષ્મ દેહ ને સ્થૂળ દેહ બંને કન્ટ્રોલમાં આવી જાય.

સત્પુરુષ કે મોટા પુરુષની ક્રિયા સમજાવવા માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને એક દૃષ્ટાંત આપ્યું. દુર્વાસા ઋષિ જમવા આવ્યા ને ૧૨ ટોપલા જમી ગયા તોય ઉપવાસી કહેવાયા. આપણે વિચારીએ કે, ૧૨ ટોપલા જમી ગયા તો ઉપવાસી શેના ? પણ સૂક્ષ્મ દેહે પ્રભુની સ્મૃતિ કરતાં કરતાં -'મહારાજ તમે જમો !' એમ, સ્થૂળ દેહની તે ક્રિયા સૂક્ષ્મ દેહમાં પ્રભુને રાજી કરવા માટે કરી તો એમણે શું ખાધું એ ખબર રહી નહીં, એ ક્રિયાનો કોઈ ભાવ એમને હતો નહીં; એટલે ઉપવાસી કહેવાયા. જ્યારે ઘણા ઉપવાસ કરે, કશું ખાય નહીં, પણ સવારના પહોરમાં ઊઠીને આ નાસ્તો કરીશું, લીંબુનું પાણી પીશું-એવા વિચારો મનમાં થયા કરે તો મહારાજ કહે, એ સ્થૂળ દેહના ઉપવાસી છે, સૂક્ષ્મ દેહના ઉપવાસી નથી.

તો સ્થૂળદેહનો ઉપવાસ કરો તો સાથે સાથે સૂક્ષ્મદેહનો પણ ઉપવાસ કરવાનો. આવો ઉપવાસ કરીએ તે આપણા ગુરુદેવ યોગીબાપાને બહુ ગમે. બાપાની સ્મૃતિ સાથે ઉપવાસ થયો તો એ સૂક્ષ્મ દેહથી પણ ઉપવાસ થયો-તો સ્થૂળ ને સૂક્ષ્મ પ્યૉર થઈ જાય; મહારાજ એ કહે છે. સ્થૂળ ને સૂક્ષ્મ બેઉ પ્યૉર થશે તો તમે કંઈ પણ ક્રિયા કરશો તો એનો ભાવ, એનો પાસ તમને નહીં લાગે. આપણે એની પ્રૅક્ટિસ કરવાની.

અમે યોગીબાપા સાથે ફરતા ત્યારે જોયેલું કે, બાપા સ્નાન કરે ત્યારે બોલે, 'મહારાજ તમે ન્હાવ !' જમે ત્યારે કહે, 'મહારાજ તમે જમો !' આરામ કરે ત્યારે કહે, 'મહારાજ તમે સૂઈ જાવ !' સૂક્ષ્મ દેહમાં ભગવાનની અખંડ સ્મૃતિ સાથે તેઓ બધી ક્રિયાઓ કરતા. દેહાતીત અવસ્થામાં હતા બાપા ! માનવદેહના સ્થૂળ અને સૂક્ષ્મના ભાવો ગુણાતીતભાવમાં પરિવર્તિત થઈ જાય તો એનો કોઈ પાસ નહીં લાગે. એટલે મોટા પુરુષની ક્રિયા, મારા-તમારા જેવી હોય પણ તેઓ એને ભગવાનને સમર્પિત થઈને કરતા હોય એટલે એમને એની કશી લેવાદેવા ના હોય. જ્યારે આપણે ખાલી આપણી જાતને રાજી કરવા, આપણે સ્વાદ લેવા, આપણને ગમે છે એટલા માટે કરીએ છીએ એટલા માટે આપણે બંધાઈએ છીએ. જ્યારે મોટા પુરુષ બંધાતા નથી એટલો ફરક છે. એટલે કહ્યું, કોઈ સંતોની, મોટા પુરુષોની ક્રિયામાં પડવું નહિ. બાપા જમતા હોય તો આપણને થાય કે, કેટલા સ્વાદથી જમતા હશે ! પણ તેઓ મહારાજને જમાડતા હોય. જમવા સાથે એમને કોઈ લેવાદેવા હોય નહીં.

સ્પિરિચ્યુઅલ સાયન્સ ના સમજ્યા હોય એ બહારની ક્રિયા સમજીને વિશ્લેષણ કરે તો ખોટો પડે. કારણ કે, આપણે જે જોઈએ છીએ એમ આપણી બુદ્ધિનાં મૂલ્યાંકન કરીએ છીએ, જ્યારે આધ્યાત્મિકતામાં એનાં મૂલ્યાંકન જુદાં હોય.

પ્રભુધારક સાધુ છે, એમને બીજો કોઈ રસ નથી, કેવળ ભક્તોના ભાવના સ્વીકાર કરીને, એ ભક્તોને સુખિયા કરવા સિવાય એમના જીવનમાં કાંઈ બીજી પ્રવૃત્તિ જ નથી. પોતાના ઈષ્ટદેવને રાજી કરવા એટલે કે ઈષ્ટદેવને સમર્પિત ભક્તો કેમ કરીને સુખિયા થાય એનું જ અનુસંધાન રાખીને તેઓ બધી પ્રવૃત્તિ કરતા હોય. એ દેખાય મારા-તમારા જેવી જ પ્રવૃત્તિ, પણ તેઓ એ પ્રવૃત્તિ સાથે બંધાતા ન હોય, તેઓ એ પ્રવૃત્તિથી નિર્લેપ હોય છે.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆



# સાધુહૃદયની પ્રાર્થનાગંગા







**રતિકાકાનો** પ્રાગટ્ય મંગલ... ઉજવાય છે
અનુપમ મિશનના એક સંતનો ઉત્સવ
સંતભગવંત સાહેબજીના આત્મિક કાર્યનો ઉત્સવ
શ્રી ગુણાતીતનો અનાદિનો સંબંધ પામ્યા
યોગીબાપાએ પ્રથમ મિલને આત્માને ઓળખ્યો
પોતાને ખોળે લીધા અને સંતની દીક્ષા દીધી
સાહેબજીનો સાથસંગાથ પણ તે 'દીનો
ચાર ચાર જનમ સુધી સંબંધ સાચવ્યો
સાથે રાખી પોષણ દઈ પોતાના રાખ્યા... કર્યા
એક સાચા દિવ્ય સંતની આ વિશ્વને ભેટ મળી
નિર્મલ પવિત્ર જીવનનું દર્શન થાય છે
અનાસક્ત નિર્બંધ આત્મા છે
સાહેબજીનો સંબંધ થયો... અનાદિનો તાજો થયો
યોગીબાપાએ અનુગ્રહ કર્યો ને આશીર્વાદ દીધા
તે 'દીથી આરંભાયેલી આત્મસાધના સતત થતી રહી
સાહેબજી મારો આત્મા માની જીવન જિવાતું રહ્યું
તેઓની આજ્ઞામાં મન-બુદ્ધિનાં સમર્પણ થતાં રહ્યાં
પૂર્ણ વિશ્વાસે દેહને સેવામાં ઘસતા રહ્યા
અપ્રતિમ વિશ્વાસે પરમ સાધના થતી રહી
સંસાર દિવ્ય થઈ ગયો... બંધન છૂટી ગયાં...
સંબંધમાં જે આત્મા આવ્યા તેઓને મુક્તિ અપાવી
ભજન પ્રાર્થનાનાં બળ ને દૃઢ સ્વરૂપનિષ્ઠા
અંતર્દૃષ્ટિ અને સત્પુરુષ પ્રતિ વફાદારી
ખમવા નમવાનો સ્વભાવ અને જ્ઞાનગરીબી
દેહનો અનાદર અને પૂર્ણ જાગ્રતતા
સેવાનું વ્યસન અને કર્મશુદ્ધિ
અહંશૂન્યતા અને દાસત્વભાવ
આવા અનંત સાધુતાગુણે સભરતા આવી
આજે તેઓનાં દર્શને શાન્તિનો અનુભવ
તેઓના સાંનિધ્યે પરમ આનંદની અનુભૂતિ
તેઓની સ્મૃતિએ મનના વેગ શમે
સત્પુરુષના ચરણે હોમાવા બળ મળે
સમાગમે સાધનાનાં સમાધાન થાય
આવા પરમ દિવ્ય સ્વરૂપને વંદન !
પ્રથમ દર્શને ખોળે લેનાર યોગીબાપાને વંદન !
સાધુતાના સર્વગુણે સભર કરનાર સાહેબજીને વંદન !
હે દયાળુ ! હે પરમ ! હે સાહેબજી !
અમારા રતિકાકાને અમારા પોતાના માનીએ
તેઓના જીવન ઉપદેશને સમજીએ
સાહેબજીને ચરણે ધરેલાં તેઓનાં સમર્પણ
સાથી સર્વ સાથે તેઓનાં સુહૃદ વર્તન
પ્રાર્થનાબળે અંતર શુદ્ધ કરી લેવાના અભિગમ
સત્પુરુષમાં પૂર્ણ પ્રીતિ ને વિશ્વાસે કરેલ સાધના
આ દર્શનનાં મનન કરી અમારી સાધનાને
સરળ સુગમ બનાવવા બળ મેળવીએ...
તેવા બુદ્ધિયોગ આપો ! તે પ્રાર્થના !



સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

*૧૮ સપ્ટેમ્બર ૨૦૧૬, બ્રહ્મજ્યોતિ, લંડન, ડેન્હમ.*



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

વચનામૃત ગઢડા પ્રથમ ૭૮ : 'દેશકાળાદિકના પ્રધાનપણાનું'નું નિરૂપણ
૧૦ મે ૨૦૨૪, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી

**શ્રીજીમહારાજ બોલ્યા જે, સર્વે સંત સાંભળો, એક પ્રશ્ન પૂછીએ છીએ. પછી સંતે કહ્યું જે, પૂછો, મહારાજ ! પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતાનું ધ્યાન, દીક્ષા અને શાસ્ત્ર એ આઠ સારાં હોય તો પુરુષની બુદ્ધિ નિર્મળ થાય છે અને એ આઠ જો ભૂંડાં હોય તો પુરુષની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, માટે એ આઠેમાં પૂર્વસંસ્કાર કર્મનું કાંઈ જોર છે કે નથી ?**

પહેલી વાત તો અહીંયાં મહારાજે બહુ મહત્ત્વની અને અગત્યની બાબત કહી છે. 'દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતાનું ધ્યાન, દીક્ષા અને શાસ્ત્ર એ આઠ સારાં હોય તો પુરુષની બુદ્ધિ નિર્મળ થાય છે.' એક 'વચનામૃત'માં મહારાજે કહ્યું છે કે, 'ઇન્દ્રિયોની ધારા નૈમિષારણ્ય ક્ષેત્રને વિશે કુંઠિત થઈ જાય છે.' કુંઠિત થવું એટલે ટૅમ્પરરી શમી જવું અને નિર્મૂળ થવું એટલે મૂળ સહિત ઊખડી જવું – ફરી એનો ઘાટ કે સંકલ્પ ઊઠે નહીં. એટલે જ્યારે આપણે આવા પવિત્ર સ્થાનમાં અને ગુરુહરિ સાહેબદાદા જેવા પવિત્ર પુરુષની હાજરીમાં હોઈએ ત્યારે સ્વાભાવિક છે કે એ વાતાવરણનો આપણી ઉપર પ્રભાવ થવાને કારણે આપણા બધા ઘાટ, સંકલ્પ વિરામ પામી જાય છે, ઇન્દ્રિયોની ધારા કુંઠિત થઈ જાય છે.

નૈમિષારણ્ય ક્ષેત્રની વ્યાખ્યા કરી છે કે, એવા ભગવાનધારક પુરુષ જ્યાં બિરાજમાન હોય એ નૈમિષારણ્ય ક્ષેત્ર છે. આમ તો, 'નૈમિષારણ્ય' એક તીર્થ છે અને એની જાત્રા કરવા માટે પણ લોકો જાય છે. પણ એ તીર્થસ્થાનમાં હોઈએ ત્યાં સુધી એનાં વાઇબ્રેશન હોય છે. તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં અને એમાંય મંદિરમાં શ્રી ઠાકોરજી સમક્ષ અને તેમાંય વિશેષ કરીને જો ગુરુહરિ સાહેબદાદા બિરાજમાન હોય અને એમના વિશે જો આપણે આપણી મનની વૃત્તિને જોડીએ તો આપણી સર્વ વૃત્તિઓ શાંત પડી જાય છે; એ આપણા સૌનો અનુભવ છે. અને પછી અહીંથી બહાર નીકળીએ અને એમાંય અહીંથી ગેઈટની બહાર નીકળીને બજારમાં જઈએ ત્યારે શું થાય છે એનો પણ આપણને સૌને અનુભવ છે; તો આ મંત્ર, શાસ્ત્ર, ક્રિયા અને સંગ – એમના સાંનિધ્યનો ફાયદો છે.

સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય શાંતિદાદાએ આ ભૂમિનું નામ પાડ્યું છે 'તપોભૂમિ બ્રહ્મજ્યોતિ'. પંચાગ્નિમાં સંતો તપે છે અને એમનું જે પુણ્ય છે એ ચારેય બાજુએ ધબકી રહ્યું છે. જેઓ પૉઝિટિવિટી સાથે આવે છે એને એમનો સ્પર્શ થાય છે અને એમનો લાભ મળે છે. જેઓ નકારાત્મકતાથી આવે છે, ખાલી જોવા-દેખવા-જાણવા આવે છે એને એમના સ્પર્શનો લાભ મળી શકતો નથી. એનો અર્થ એમ થયો કે, આપણી વૃત્તિ પણ એમની સાથે જોડાવી જોઈએ.

'નિર્મળ' – મળ એટલે કાદવ- મેલ અને નિર્મળ એટલે સ્વચ્છ. તો 'પુરુષની બુદ્ધિ નિર્મળ થાય છે' એને આપણે અહીંયાં એમ કહીશું કે, હકારાત્મક- પૉઝિટિવ થાય છે. તમારી અંદરની પૉઝિટિવિટી અને આ વાતાવરણની અંદરનાં વાઈબ્રેશન્સની જે પૉઝિટિવિટી છે એ બેની હાર્મનીથી આપણા સમગ્ર તંત્રમાં પૉઝિટિવિટી વધે છે. એટલે જ્યારે આપણે દેવસ્થાનમાં દેવની મૂર્તિની સામે અને ગુરુના સાંનિધ્યમાં હોઈએ ત્યારે આપણા મનની વૃત્તિને આપણે તેટલો સમય તેમનામાં જોડી રાખવી એ આવશ્યક બાબત છે. 'પુરુષ' એટલે આપણે અહીંયાં ભક્ત; પછી એ ભાઈ હોય કે બહેન હોય તેમ સમજવાનું છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'ના માધ્યમ દ્વારા સ્પષ્ટ કહેવામાં કશું બાકી રાખ્યું નથી. તેમાંથી આપણે કેટલું લઈએ છીએ એનો આધાર આપણી ઉપર છે. એમણે એવું દૃષ્ટાંત આપ્યું છે કે, દારૂની બાટલીઓ પડી હોય અને થૈ થૈ કરીને બાઈઓ નૃત્ય કરતી હોય; અને ત્યાં ગમે તેવો ધીર-ગંભીર પુરુષ જઈને ઊભો રહે, તો ઘડી એની ઉપર એ વાતાવરણની અસર અથવા તો પ્રભાવ પડે છે.

પહેલાં તો આપણે એ વિચાર કરીએ કે, અહીં મંદિરમાં આવીને શ્રી ઠાકોરજીની સામે, સાહેબદાદાની સામે બેસીએ ત્યારે અહીં જે વાતાવરણ છે એનો પ્રભાવ આપણી ઉપર પડે છે ? નહીંતર ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, નાગ ચંદનના વૃક્ષને વિંટાઈને રહે છે તેમ છતાંય એને ચંદનની ઠંડક મળતી નથી. કારણ કે, તે એનું મોઢું-ફેણ ચંદનથી દૂર રાખે છે. આવી વાતો કહેવામાં આ ગુણાતીત પુરુષોએ કશું બાકી રાખ્યું નથી, તેમાંથી આપણને જેટલી લાગુ પડે એટલી વાત રાખવી.

**પછી મુનિ બોલ્યા જે, પૂર્વકર્મનું જોર જણાય છે તો ખરું. જો સારાં પૂર્વકર્મ હોય તો પવિત્ર દેશને વિષે જન્મ આવે અને ભૂંડાં પૂર્વકર્મ હોય તો ભૂંડા દેશને વિષે જન્મ આવે. તેમ જ કાળાદિક સાત છે તેમાંથી પણ જેવાં પૂર્વકર્મ હોય તેવાનો યોગ બને છે, માટે સર્વેમાં પૂર્વકર્મનું પ્રધાનપણું જણાય છે. અને દેશકાળાદિક જે આઠ તેનું તો કોઈક ઠેકાણે પ્રધાનપણું હોય ને પૂર્વકર્મનું તો સર્વે ઠેકાણે પ્રધાનપણું છે.**

પૂર્વકર્મ એટલે પૂર્વનાં આપણા દ્વારા થયેલાં સત્કર્મ-પૂર્વનું સત્કર્મ. આગલા અનેક જન્મોમાં માતા-પિતા, વડીલો અને ગુરુજનોના સુસંસ્કાર દ્વારા આપણાથી જે કાંઈ પણ સત્કર્મ થયાં હોય એ પુણ્યનું ભાથું આ જન્મે પણ કામ લાગે છે. અને એ ભાથું કામ લાગે છે તો મારો-તમારો અત્યારે જે પરિવારમાં, જે જગ્યાએ જન્મ થયો છે અને સાધુની દીક્ષા લીધા પછીથી આપણે જ્યાં જેમની નિશ્રામાં રહીએ છીએ એ આપણાં પુણ્યનો પાર નથી ! એવો મહિમા સમજવા માટેનું યથાર્થ નિમિત્ત છે. કોના નસીબમાં હોય આવી રીતે ભગવાનના, ગુરુના સાંનિધ્યમાં રહીને આટલી લહેર કરતાં કરતાં પ્રભુભક્તિ કરવાની ! એ લ્હાવો આપણને મળ્યો એ જરૂર આપણાં માતા-પિતા, ગુરુજનોના આપણા ઉપર આશીર્વાદ અને એમનાં માર્ગદર્શનથી આપણા દ્વારા થયેલાં સત્કર્મોને પરિણામે આ જન્મે આપણી આધ્યાત્મિક યાત્રા સારી રીતે આગળ વધી શકે એવાં દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતાનું ધ્યાન, દીક્ષા અને શાસ્ત્રનો આપણને સુયોગ પ્રાપ્ત થયો છે. એટલે 'પ્રાપ્તિનો કૈફ રાખવો' એમ જે કહે છે એ આ મફતમાં આટલો બધો આપણને સુયોગ પ્રાપ્ત થયો એમ સંતો જણાવે છે.

'દેશકાળાદિક' એટલે જેવો દેશ, પ્રદેશ, જેવી સમાજ અને રાજ્ય વ્યવસ્થા. સાહેબદાદા બહુ વર્ષો પહેલાં પહેલી વખત દુબઈ ગયા ત્યારે કોઈ ભગવાનની છબિ પણ તમારા સામાનમાં હોય તો એ લાવવા નહોતા દેતા એટલું કડક કસ્ટમ ચેકિંગ થતું હતું. એવી કટ્ટરતાવાળા મુસ્લિમ દેશમાં આજે હિન્દુ મંદિર થાય તો એ શું થયું ? દેશકાળમાં પરિવર્તન આવ્યું, સમાજવ્યવસ્થામાં પરિવર્તન આવ્યું, રાજ્યવ્યવસ્થામાં પરિવર્તન આવ્યું, કટ્ટરતા ઓછી થઈ અને હિન્દુઓને એમનાં દેવી-દેવતાઓની પૂજા કરવાની છૂટ મળવા માંડી. એ જે અહીંયાં કહ્યું છે એ 'દેશકાળાદિક'નું વર્તમાનકાળનું દૃષ્ટાંત છે.

જેવાં પૂર્વકર્મ હોય તેવાનો યોગ બને છે માટે સર્વેમાં પૂર્વકર્મનું પ્રધાનપણું દેખાય છે. સાહેબદાદાએ ૧૯૬૬ પછીથી સ્વપ્નમાં પણ બી.એ.પી.એસ. વિશે ઘસારાની, અમહિમાની કે અભાવ-અવગુણની વાત વિચારી નથી કે આપણી વચ્ચે કહી નથી. તો બી.એ.પી.એસ.ના અબુધાબી મંદિરે એમનું સ્વાગત થાય છે. એ દર્શાવે છે કે, '*પૂર્વકર્મનું તો સર્વે ઠેકાણે પ્રધાનપણું છે.*' સાહેબદાદા દ્વારા છેલ્લાં પચાસ-સાંઈઠ વર્ષ દરમિયાન યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ, મહંતસ્વામી મહારાજનાં મહિમા ને ગુણગાનની રાત-દિવસ એમણે વાતો કરી છે; એ એમનું જે પૂર્વકર્મ થયું, એ અબુધાબી મંદિરના દરવાજે આવીને ઊભું રહ્યું ને દેશકાળ પણ સુધરી ગયા. સાહેબદાદાનું પૂર્વકર્મ એટલે એમના દ્વારા થયેલાં શુભકર્મ-પુણ્યકર્મ ! અને એ શુભકર્મનું પ્રધાનપણું તો જ્યાં જાય ત્યાં સર્વ ઠેકાણે છે.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, દેશકાળથી લઈને દેવતા જે પરમેશ્વર ત્યાં પર્યંત સર્વને વિષે પૂર્વકર્મને પ્રધાન કહો છો, તે કયા શાસ્ત્રને મતે કહો છો ? તેનું કોઈ વચન ભણી દેખાડો ? બીજાં શાસ્ત્રમાં તો પરમેશ્વર અને પરમેશ્વરના ભક્તનો સંગ તેનું જ પ્રધાનપણું છે.**

'ભણી' દેખાડો એટલે બોલી બતાવો-શાસ્ત્રના આધારે તમે એની વાત કરો. આગળ જે આઠ બાબતો આવી, એમાં જે કહ્યું કે, 'સંગ' બહુ મહત્ત્વનો છે, એમ અહીંયાં પણ સ્વામિનારાયણ ભગવાન '*સંગનું પ્રધાનપણું છે*' એમ કહે છે.

**તમે કેવળ પૂર્વકર્મનું પ્રતિપાદન કરો છો તે ઉપરથી સત્સંગી છો ને છાના નાસ્તિક છો કે શું ? કેમ જે, નાસ્તિક વિના બીજો તો કોઈ કર્મનું પ્રતિપાદન કરતો નથી. નાસ્તિક તો વેદ, શાસ્ત્ર, પુરાણ અને ઈતિહાસ જે ભારતાદિક તેને ખોટાં જાણે છે ને પોતાના માગધી ભાષાના જે ગ્રંથ તેને જ સાચા માને છે ;**

મહારાજે 'ભારતાદિક' એમ જે શબ્દપ્રયોગ કર્યો છે તે મહાભારતને વિશે છે. મગધનું સામ્રાજ્ય હતું ત્યારે સંસ્કૃતથી થોડી સહેલી ભાષા જે પ્રચલિત હતી એ ભાષાનું નામ છે 'માગધી' ભાષા. અને એમાં પણ ગ્રંથો લખાયા છે.

**જો પૂર્વકર્મે કરીને દેશાદિક આઠ ફરતાં હોય તો મારવાડને વિષે કેટલાક પુણ્યવાળા રાજા થયા છે, તેમને અર્થે સો હાથ ઊંડાં પાણી હતાં તે ઉપરછલ્લાં થયાં નથી. મારવાડ દેશમાં પાપી હોય અથવા પુણ્યવાળો હોય પણ ઊંડાં પાણી ઊપજે, પણ તે દેશ પોતાના ગુણનો ત્યાગ કરતો નથી.**

મારવાડ એટલે જ્યાં વરસાદ જ ઓછો પડે છે. જ્યાં પાતાળે પાણી છે. ત્યાં ગમે તેવો ભક્ત હોય તો પણ એને માટે કાંઈ પાણી ઉપર આવ્યાં નથી. આપણે ભગવાનને ભજવાનો અર્થ એ સમજીએ છીએ કે, આપણે ભગવાનના ભક્ત થયા તો અમારા માટે પાણી ઉપર છલકાવાં જોઈએ. અમે માંદા ના પડીએ. અમને દુ:ખ ના આવે. અમને જે જોઈતું હોય તે સહજે સહેજે મળી રહે. અને એ જ આશાથી આપણે ભગવાનની ભક્તિ કરતા હોઈએ છીએ.

જેવો દેશ, જેવો પ્રદેશ, જેવી ત્યાંની સ્થિતિ એ પ્રમાણે એને સવળું લઈને એમાં પણ સુખ શોધે એ ભગવાનનો ભક્ત છે. સ્વભાવથી દુ:ખી લોકોને બધી સગવડ મળતી હોવા છતાંય પણ દુ:ખીના દુ:ખી જ હોય છે તો સુખ ક્યાં છે ? 'આનંદ તારી પાસ છે.' આનંદ ને સુખ તો ભગવાનની પાસે રહેવામાં છે.

**જે પોતાના કલ્યાણને ઈચ્છે તેને તો નાસ્તિકની પેઠે કર્મનું બળ રાખવું નહીં અને ભૂંડાં દેશકાળાદિક આઠ હોય તો તેનો ત્યાગ કરીને રૂડાં જે દેશકાળાદિક આઠ હોય તેનું સેવન કરવું.**

'શિક્ષાપત્રી'માં શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિતને આજ્ઞા કરી છે કે, જ્યાં, જે દેશમાં સુખેથી પ્રભુભજન થતું ના હોય, પછી ભલે તે પોતાના વતનનું ગામ હોય તો એ છોડીને જ્યાં સુખેથી સત્સંગ અને ભગવાનની ભક્તિ થાય ત્યાં જઈને નિવાસ કરવો ; એવો પ્રૅક્ટિકલ રસ્તો બતાવ્યો છે. એટલે એમણે કહ્યું કે, 'એવાં ભૂંડાં દેશકાળાદિક હોય તેનો ત્યાગ કરીને રૂડાં જે દેશકાળાદિક તેનું સેવન કરવું.'

**અને દેશ તો બારણે પણ સારો-નરસો હોય ને પોતાનો દેહરૂપ જે દેશ તે પણ સારો-નરસો હોય.**

હવે મુદ્દાની વાત આવી. આપણે ચરોતરમાં 'ચારુતર' - જેની ભૂમિનું તર 'ચારુ' એટલે કે અત્યંત ફળદ્રુપ ને સરસ છે અને ગુણાતીતાનંદ સ્વામીએ પણ સર્ટિફિકેટ આપ્યું કે, 'ચરોતરની ભૂમિમાં પાતાળ સુધી ખોદીએ તોય પણ પાણો નીકળે નહીં.' - એવા પ્રદેશમાં આપણે ગુરુહરિ સાહેબદાદાના આશ્રયે રહીએ છીએ. જેમ એ પ્રદેશની વાત થઈ, એમ એવો દેહરૂપ જે પ્રદેશ એટલે કે હવે શરીરની વાત કરે છે.

**જ્યારે દેહરૂપ જે સારો દેશ તેને વિષે જીવ હોય ત્યારે શીલ, સંતોષ, દયા, ધર્મ ઈત્યાદિક જે કલ્યાણકારી ગુણ તે વર્તતા હોય અને જ્યારે આ દેહરૂપ જે ભૂંડો દેશ તેને વિષે જીવ રહ્યો હોય ત્યારે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર ઈત્યાદિક ભૂંડા ગુણ વૃદ્ધિને પામે છે.**

બે પ્રદેશની સરખામણી કરી. પ્રદેશરૂપી દેશ અને બીજો આ દેહરૂપી પ્રદેશ. 'પારમિતા' સભાખંડમાં બેસીને પણ જો આ દેહને વિશે દેશકાળ સારો વર્તતો ના હોય તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર ઈત્યાદિક ભૂંડા ગુણ વૃદ્ધિને પામે છે.

**સારો-ભૂંડો જે સંગ થાય છે તેની વિગત એમ છે જે, જેનો સંગ થાય તે સાથે કોઈ રીતે અંતર રહે નહીં, ત્યારે તેનો સંગ થયો જાણવો.**

ફરીથી, ત્રીજી વખત 'સંગ' શબ્દપ્રયોગ આ 'વચનામૃત'માં થાય છે. હવે આપણે આપણી જાતને તપાસવાની રહી કે, આપણને મોટા પુરુષનો કેટલો સંગ થયો છે !

**ઉપરથી તો શત્રુને પણ હૈયામાં ઘાલીને મળે છે. પણ અંતરમાં તો તે સાથે લાખો ગાઉનું છેટું છે. એવી રીતે ઉપરથી સંગ હોય તે સંગ ન કહેવાય અને મન, કર્મ, વચને કરીને જે સંગ કરે તે જ સંગ કર્યો કહેવાય. એવી રીતે ઉપરથી સંગ હોય તે સંગ ન કહેવાય અને મન, કર્મ, વચને કરીને જે સંગ કરે તે જ સંગ કર્યો કહેવાય. માટે એવી રીતે મન, કર્મ, વચને સંગ તો પરમેશ્વર અથવા પરમેશ્વરના**

ભક્ત તેનો જ કરવો, જેથી જીવનું કલ્યાણ થાય; પણ પાપીનો સંગ તો ક્યારેય ન કરવો.

અહીંયાં પરમેશ્વરના ભક્તનો અર્થ યોગીબાપાએ સમજાવ્યો છે એ પ્રમાણે - આપણને મળેલા પ્રગટ ગુણાતીત સંત સ્વરૂપ ! દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતાનું ધ્યાન, દીક્ષા અને શાસ્ત્ર; એ આઠની વાતને સ્વામિનારાયણ ભગવાને સમજાવતાં સમજાવતાં મૂળ મુદ્દા ઉપર વાત લાવીને મૂકી છે કે, મારા ઈષ્ટદેવ એવા પરમેશ્વર ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના પરમ તત્ત્વને ધારક એવા મારા પ્રગટ ગુરુહરિ; તેમનો જ સંગ કરવો, જેથી જીવનું કલ્યાણ થાય, પણ પાપીનો સંગ તો ક્યારેય ન કરવો. પાપીનો સંગ એટલે જેનો સંગ આપણને વિરુદ્ધ દિશામાં-જુદી દિશામાં લઈ જાય. મોળી વાત કરે, અભાવની વાત કરે, ખટપટ, ઘસારા કે નિંદાની વાત કરે એ બધાને 'પાપી'ની વ્યાખ્યામાં શ્રી સ્વામિનારાયણ ભગવાને ગણી લીધા.

ઘણી વખત કહેવાતા સારા અને ડાહ્યા માણસો પણ ધીરે રહીને એવી વાતનો મમરો મૂકે કે, આપણા મનની અંદર રાત-દિવસ એની ગડમથલ ચાલ્યા જ કરે. એટલે આ 'વચનામૃત'માં શ્રી સ્વામિનારાયણ ભગવાને 'સંગ'નું પ્રધાનપણું કહ્યું છે. કોનો સંગ કરો છો અને કોની વાતને તમે સાચી માનો છો એના ઉપર બહુ આધાર છે

આ 'વચનામૃત'માં આગળ મધ્યાહ્ન પછી બીજી સભા થાય છે. નાના નાના વિદ્યાર્થી સાધુઓને સામસામે પ્રશ્ન પૂછવાનું મહારાજ કહે છે. અને એ બધા હોશિયાર વિદ્યાર્થીઓ એટલા બધા પ્રશ્નો પૂછે છે કે, 'વચનામૃત'માં એવા એક એક પ્રશ્નનો એક એક ફકરો છે. પણ જીવન જીવવાની વાત એ છે કે, 'હું શું કરવા આવ્યો છું ? ને હું શું કરી રહ્યો છું ?' એનું સતત અનુસંધાન રહે. આપણને આ જે શ્રેષ્ઠ સ્થાન અને આવા શ્રેષ્ઠ પ્રગટ સત્પુરુષ મળ્યા છે તેને મૂકીને જ્યાં સુધી બીજે માલ મનાય છે ત્યાં સુધી આપણને પ્રાપ્તિનો કેફ ચઢતો નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી આપણને સારા દેશકાળ પ્રાપ્ત થયા છે. એવા સુહૃદ સાથીદારો સાથે સહેજે સહેજે ગુરુહરિ સાહેબદાદાએ આપણને મેળાપ કરી આપ્યો છે, એટલું જ નહીં, એમણે ઓળખાવ્યા છે અને એમનો સંગ આપ્યો છે એ સંગનો લાભ લઈને આપણે સાચા અર્થમાં સત્સંગ કરીને સર્વ પ્રકારે સુખિયા થઈએ એવી પ્રગટ ગુરુહરિ સાહેબદાદા અને શ્રી ઠાકોરજી મહારાજનાં શ્રી ચરણોમાં મંગલ પ્રાર્થના !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

TOTAL WELLNESS MANAGEMENT

## DEVELOPING POSITIVE MENTAL ATTITUDE

Dr. Mohinder M. Walia

If there is one thing that had overwhelming significance for good health, that is : Positive Mental Attitude.
Therefore, "Think positive-Rest will follow."

Outlined below are some thoughts that may help in developing a positive mental attitude.

- Whatever happens, is for good.
- Nothing lasts forever, even the worst of times will go away. 'This too shall pass.'
- It could have been worse.
- Count your blessings, not misfortunes.
- Be a good caretaker, not the owner, as nothing belongs to you.
- Talk less, listen more.
- Emphasize on your duties, not rights.
- Co-operation is better than competition.
- People are neither good nor bad. They may be just different.
- Appreciate more and more; criticise never.
- Try to find something good in others instead of their faults.
- The best way to win over your enemy is to make him your friend.
- Make sure, you do at least one good act a day.

And, last but not the least : Always wear a gentle smile. ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ ઑગસ્ટ, ગુરુવાર...** ભારતથી ઈંગ્લૅન્ડ પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. રમેશદાસજી (ઝા), પૂ. રમેશદાસજી (દયાળુ), પૂ. રાજુદાસજી, પૂ. યજ્ઞેશદાસજી, પૂ. સંદીપદાસજી તથા બિજલબહેનને દર્શન આપવા-આવકારવા હિથ્રો ઍરપૉર્ટ પધાર્યા. રાત્રે બ્રહ્મજ્યોતિ-મંદિરજીમાં તેઓની સ્વાગતની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૨ ઑગસ્ટ, શુક્રવાર...** દર્શનાબહેન-વિજયકુમાર ઠક્કરના દીકરા ચિ. રાકેશ-ચિ. જાનકીનાં લગ્નપ્રસંગની પૂર્વ સંધ્યાએ ડૅન્હમ-યુ.કે. સ્થિત બ્રહ્મજ્યોતિ-મંદિરજીમાં શ્રી ગણેશ સ્થાપન અને મંડપ મુહૂર્તમાં આશીર્વાદ પાઠવ્યા.

**૩ ઑગસ્ટ, શનિવાર...** ચિ. રાકેશ-ચિ. જાનકીનાં લગ્નપ્રસંગે ડૅન્હમ-યુ.કે. સ્થિત બ્રહ્મજ્યોતિ-મંદિરજીમાં લગ્ન રજિસ્ટ્રેશનના સરકારી રજિસ્ટરમાં સાક્ષીરૂપે હસ્તાક્ષર પ્રદાન કરી આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ શ્રી ઠાકોરજી મહારાજની દિવ્ય નિશ્રામાં ને સંતોની ઉપસ્થિતિમાં વિશિષ્ટ રીતે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર યોજાયેલી લગ્નવિધિમાં નવદંપતી ચિ. રાકેશ-ચિ. જાનકીને આશીર્વાદ આપ્યા.

**૪ ઑગસ્ટ, રવિવાર...** દિનેશભાઈ-તાનીદીદી ધામીજાનું નિમંત્રણ સ્વીકારી તેઓના નિવાસસ્થાને કીર્તન-ભક્તિનો આનંદ માણી આશીર્વાદ આપ્યા.

**૫ ઑગસ્ટ, સોમવાર...** સાંજે લૅન્ગલી બકસમાં નયનભાઈ-રૂપાબહેન નાણાંવટી તથા અલ્પેશભાઈના ઘરે પધરામણી કરી ધૂન-પ્રાર્થનાઓ કરી સત્સંગ-સમાગમનો લાભ આપ્યો.

**૬ ઑગસ્ટ, મંગળવાર...** સવારે સાધુ પૂ. રમેશદાસજી ઝા, પૂ. રમેશદાસજી દયાળુ, પૂ. રાજુદાસજી અને પૂ. સંદીપદાસજીને અમેરિકાના પિયોરિયામાં યોજિત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની સેવા માટે પ્રસ્થાન કરતી વેળાએ આશીર્વાદ આપ્યા. ત્યારબાદ સ્થાનિક ભક્તોને સમાગમ-ગોષ્ઠિનો લાભ આપી સાંજે કિંગ્સ કિચનના માલિક મનુભાઈના ઘરે પધારી પ્રાર્થનાઓ કરી.

**૭ ઑગસ્ટ, બુધવાર...** સવારે મંદિરજીનાં દર્શનાર્થે પધારેલ ભકતોને સમાગમ-ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે સત્સંગસભામાં આશીર્વાદ વરસાવી સૌને અલૌકિક આધ્યાત્મિક સુખ પ્રદાન કર્યું.

**૮ ઑગસ્ટ, ગુરુવાર...** સવારે રેશ્માબહેનના ઘરે પધારી ધૂન-પ્રાર્થનાઓ કરી. સાંજે અ.નિ. લિપ્સા નકારજાની પ્રાર્થનાસભામાં પધારી પરિવારજનોને હૂંફ ને સાંત્વન આપ્યાં.

**૯ ઑગસ્ટ, શુક્રવાર...** આનંદ પોપટની આંખોની તપાસ તથા ચશ્માંના ક્લિનિકમાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૦ ઑગસ્ટ, શનિવાર..** હૅરફિલ્ડ હૉસ્પિટલમાં પધારી રશ્મિભાઈ ચતવાણીના સ્વાસ્થ્યલાભ માટે પ્રાર્થનાઓ કરી આશીર્વાદ આપ્યા. સાંજે લિપ્સા નકારજાના અક્ષરધામગમન નિમિત્તે વિનોદભાઈ-સોનિયાબહેન નકારજાના ઘરે યોજેલ કીર્તન-ભક્તિમાં આશીર્વાદ અને હૂંફ પ્રદાન કર્યાં.

**૧૧ ઑગસ્ટ, રવિવાર...** સવારે અનુપમ મિશન-યુ.કે. સ્થિત મંદિરજીમાં અઠવાડિક સત્સંગસભામાં 'વચનામૃત લોયા-૧૨'નાં નિરૂપણ કર્યાં. સાંજે શ્રી નઝમુભાઈ વિરાણીના નિવાસસ્થાને કીર્તનભક્તિ કરી ગોષ્ઠિ અને સમાગમનું સુખ આપ્યું.

**૧૨ ઑગસ્ટ, સોમવાર...** સરે પરગણા સ્થિત યોગેન્દ્રભાઈ-મીનુબહેન પટેલના નિવાસસ્થાને પધરામણી કરી પ્રાર્થનાઓ કરી. વસુબહેન તથા હિતેશ ભરખડાના નિવાસસ્થાને પધરામણી કરી સૌની સુખાકારી માટે ધૂન-પ્રાર્થનાઓ કરી.

**૧૩ ઑગસ્ટ, મંગળવાર...** લેઈસ્ટર સ્થિત રોનક વિજયકુમાર ઠક્કરના નિવાસસ્થાને, બચુભાઈ મોરજરિયાના નિવાસસ્થાને તેઓના સ્વાસ્થ્યલાભ માટે પ્રાર્થના સહિત આશીર્વાદ પાઠવ્યા. સાંજે સુનીલભાઈ-ગીતાબહેન કોટેચાના નિવાસસ્થાને કીર્તનભક્તિ અર્પણ કરી સત્સંગ-સમાગમનું સુખ પ્રદાન કર્યું.

૧૪ ઑગસ્ટ, બુધવાર... સાંજે અનુપમ મિશન-યુ.કે.ની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર લૉર્ડ ડોલર પોપટ તથા શ્રીમતી શિવાની રાજા (બ્રિટિશ સાંસદ સભ્ય, લેઇસ્ટર)ને દર્શન-આશીર્વાદ આપ્યાં. સંધ્યા આરતી બાદ અ.નિ. શાંતિમામા ટાંકની પ્રાર્થના-શ્રદ્ધાંજલિ સભામાં આશીર્વાદ પ્રદાન કર્યા.

૧૫ ઑગસ્ટ, ગુરુવાર... અનુપમ મિશન, યુ.કે.ની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ભારતના ૭૮મા સ્વાતંત્ર્યપર્વે ધ્વજવંદન કાર્યક્રમમાં પધાર્યા અને આશીર્દાન આપી સૌને કૃતાર્થ કર્યાં.

૧૬ ઑગસ્ટ, શુક્રવાર... અનુપમ મિશન, યુ.કે. સ્થિત શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજીની મૂર્તિના ૯મા પાટોત્સવ તથા શ્રાવણ માસની સમૂહ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા અને પાટોત્સવ પૂજન કરી સત્સંગસભામાં લાભ આપ્યો.

૧૭ ઑગસ્ટ, શનિવાર... સંધ્યા સમયે મંદિરજીમાં અનુપમ મિશન-યુ.કે.ના મહંતશ્રી સાધુ પૂ. હિંમત સ્વામીજીના ૬૯મા પ્રાગટ્ય ઉત્સવ સમારંભમાં પધારી આશીર્વાદ પ્રદાન કર્યા.

૧૮ ઑગસ્ટ, રવિવાર... અનુપમ મિશન, યુ.કે. સ્થિત શ્રી ઠાકોરજીના સાંનિધ્યમાં રવિવારની અઠવાડિક સભામાં સૌને શ્રી રક્ષાબંધન નિમિત્તેના આશીર્વાદ આપી બપોરે લેઇસ્ટર ખાતે વિજયકુમાર-દર્શનાબહેનના દીકરા રોનકના અક્ષરધામગમન બાદ કુટુંબીજનોને મળી હૂંફ અને આશ્વાસન આપ્યાં.

૧૯ ઑગસ્ટ, સોમવાર... યુ.કે.- બ્રહ્મજ્યોતિ પર સ્થાનિક ભક્તોને લાભ આપ્યો. સાંજે આરતી બાદ સભામાં સૌ સંતો-ભક્તોને સત્સંગલાભ આપ્યો.

૨૦ ઑગસ્ટ, મંગળવાર... સવારે સતીશભાઈ ચતવાણીના ઘરે પધારી તેઓનાં ધર્મપત્ની હંસાબહેનના સ્વાસ્થ્યલાભ માટે પ્રાર્થના કરી. સાંજે અ.નિ. રોનકની પ્રાર્થનાસભામાં શ્રી ઠાકોરજી સમક્ષ મોટી સંખ્યામાં પધારેલ મુક્તોને આશીર્વાદ આપ્યા.

૨૧ ઑગસ્ટ, બુધવાર... બપોરે લંડનના હિથ્રો ઍરપૉર્ટથી સૌની વિદાય લઈને અમેરિકામાં ન્યૂજર્સીના નેવાર્ક ઍરપૉર્ટ પર પધાર્યા. ઍરપૉર્ટ પર સાધુ પૂ. જયેશદાસજી અને ન્યૂજર્સી મંડળના સૌ મુક્તોએ સુંદર સ્વાગત કર્યાં. ત્યાંથી ઍલનટાઉન મંદિરે પધાર્યા. મોડી રાત્રે સૌ સંતો-ભક્તોએ ભાવપૂર્વક સ્વાગત કર્યાં. શ્રી ઠાકોરજીનાં દર્શન કરી ઉપસ્થિત સૌને રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા.

૨૨ ઑગસ્ટ, ગુરુવાર... સવારે લૅન્સડેલ અને ન્યૂજર્સી મંડળના યુવકો સાથે ગોષ્ઠિ કરી આનંદબ્રહ્મ કરાવ્યો. સાંજે સ્વાગતસભામાં સૌના ભાવ ઝીલીને સુંદર આશીર્વાદ પાઠવ્યા. સભા બાદ રક્ષાબંધન પર્વ નિમિત્તે સૌને રક્ષાસૂત્ર બાંધી આશીર્વાદ પ્રદાન કર્યા. રાત્રે પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી અને સંતોનાં સ્વાગત કરી ગોષ્ઠિનો લાભ આપ્યો.

૨૩ ઑગસ્ટ, શુક્રવાર... સવારે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી ન્યૂજર્સીમાં સમીરભાઈ-ઉર્વશીબહેનના દીકરાનાં લગ્ન નિમિત્તે નવદંપતી અને સગાંસબંધીને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ નેવાર્ક ઍરપૉર્ટથી શિકાગો થઈને પિયોરિયા પધાર્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી અને સંતો-ભક્તોએ ઍરપૉર્ટ પાર સ્વાગત કર્યાં. ઍરપૉર્ટથી મહોત્સવ સ્થળ 'શાંતિ ધામ' પર સૌ સંતો-ભક્તોએ અદ્‌ભુત સ્વાગત કર્યાં. સ્વાગતસભામાં સુંદર આશીર્વાદ પાઠવી સૌને આનંદ કરાવ્યો.

૨૪ ઑગસ્ટ, શનિવારથી ૨૭ ઑગસ્ટ, મંગળવાર... અમેરિકાના મિડ વેસ્ટ ઝોનમાં ઇલિનોઇસ રાજ્યના પિયોરિયા ખાતે બિમલભાઈ શેઠ-પૂજાબહેનના ઘરે - 'ઉપાસના ધામ'માં અનુપમ મિશનના નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે 'ઉપાસના ધામ' તેમજ 'શાંતિ ધામ'માં યોજાયેલ વિવિધ કાર્યક્રમોમાં પધારી સૌ ભક્તોને દર્શન-સમાગમ અને આશીર્વાદનો લાભ આપ્યો.

૨૮ ઑગસ્ટ, બુધવાર... સવારે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી ગોષ્ઠિસભામાં પધારેલા સૌ મુક્તોને સમાગમનો લાભ આપ્યો. બપોરે સૌ સંતો સાથે શિકાગોમાં સાઉથ બારિંગટોન મુકામે ડૉ. જિતુભાઈ-રીટાબહેનના નવા આવાસમાં ઘરમંદિરની મૂર્તિપ્રતિષ્ઠાની મહાપૂજા કરી સભામાં આશીર્વાદ પાઠવ્યા. સભા બાદ ઉપસ્થિત સૌને ગોષ્ઠિ-સમાગમનો લાભ આપ્યો.

૨૯ ઑગસ્ટ, ગુરુવાર... શિકાગોમાં ડૉ. જિતુભાઈ-રીટાબહેનના ઘરેથી સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોને ઍલનટાઉન જવા માટે વિદાયવેળાએ યોજેલ સભામાં સંતોની સેવા-ભક્તિને બિરદાવી પ્રસન્નતા વરસાવી. ત્યારબાદ સ્ટિમવૂડમાં અશોકભાઈ-જ્યોતિબહેનના ઘરે પધારી

અશોકભાઈના સ્વાસ્થ્યલાભ માટે પ્રાર્થનાઓ કરી. બપોરે ઈન્ફૉર્મેશન ટૅકનોલૉજી સૅન્ટરના ભૂતપૂર્વ વિદ્યાર્થી બિપિનભાઈ નેતાજીને મુલાકાત આપી. ડૉ. જિતુભાઈના દીકરા અજયભાઈ-અમિષાબહેનના ઘરે સંતો-ભક્તો સાથે પધરામણી કરી. ત્યાંથી હિન્સડેલમાં હૈદરાબાદનિવાસી સૂર્યકાંતભાઈ-હંસાબહેનના દીકરા રેરીશભાઈ-પિન્કીબહેનના ઘરે, ચિખોદરાનિવાસી ડૉ. રમણભાઈના દીકરા શીલભાઈ-ચેતનાબહેનના ઘરે પધરામણી કરી. ડેસપ્લૅઈન્સમાં મંજુમાસીના ઘરે પધરામણી કરી, ત્યાં પધારેલા સામ પ્રિત્રોડા સાથે ગોષ્ઠિનો આનંદ કર્યો.

**૩૦ ઑગસ્ટ, શુક્રવાર...** સવારે ડૉ. જિતુભાઈ-રીટાબહેનના ઘરે સૌ પરિવારજનો તથા યુવાનોને ગોષ્ઠિનો લાભ આપ્યો. બપોરે બારલેટમાં હિતેશભાઈ-ભારતીબહેનની દીકરી સેજલબહેન-પ્રીતલકુમારના ઘરે પધરામણી કરી દર્શન-સમાગમનો લાભ આપ્યો. સાંજે ઓકબ્રુકમાં સામ પિત્રોડા-અંજુબહેનના ઘરે પધરામણી કરી સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૩૧ ઑગસ્ટ, શનિવાર...** સવારે બિમલભાઈ શેઠ અને પરિવારજનો તથા ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને દર્શન-સમાગમનો લાભ આપ્યો. બપોરે લંડન પરત પધારતા સાધુ પૂ. જયેન્દ્રદાસજી અને પૂ. કિરણદાસજીને વિદાય આપતી વેળાએ સુંદર ગોષ્ઠિ કરી આશીર્વાદ આપ્યા. સાંજે પિયોરિયા મંડળના ભક્તો સાથે ગોષ્ઠિ અને અનુભવદર્શનની સભા થઈ, જેમાં મંદિરનું મહત્ત્વ તથા અઠવાડિક સત્સંગસભા ભરવાથી જીવનમાં થતી પ્રાપ્તિની સુંદર સમજ આપી.

**૧ સપ્ટેમ્બર, રવિવાર...** પિયોરિયા મંદિરે સવારની આરતીમાં પધારી ભક્તોને દર્શનનો લાભ આપ્યો. તે પછી ગોષ્ઠિમાં આનંદબ્રહ્મ કરાવી અનેક સ્મૃતિઓ આપી. સાંજે સ્થાનિક મંડળના મુક્તોની સભામાં ભક્તોનાં અનુભવદર્શન સાંભળી આનંદ વ્યક્ત કર્યો અને આશીર્વાદ પાઠવ્યા. સભા અંતે સૌ સ્થાનિક ભક્તોને સુંદર સ્મૃતિભેટ આપી રાજીપો વરસાવ્યો.

**૨ સપ્ટેમ્બર, સોમવાર...** સવારની આરતીમાં પધારી ભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો. બપોરે વિદાયસભામાં સૌ ભક્તોના ભાવ સ્વીકારી રૂડા આશીર્વાદ આપ્યા. સભામાં ઉપસ્થિત સ્થાનિક સેવાભાવી મુક્તોને સ્મૃતિભેટ આપી, સૌની વિદાય લઈને ડલાસ પધારવા માટે પિયોરિયા ઍરપૉર્ટ પધાર્યા. રસ્તામાં સંજયભાઈ-દીપ્તિબહેનના નવા ફૂડ ઍન્ડ ગ્રોસરી સ્ટૉરમાં પધરામણી કરી શ્રી ઠાકોરજી પધરાવ્યા. સ્ટૉરમાં પગલાં પાડી, ધૂન કરી આશીર્વાદ આપ્યા. ઍરપૉર્ટ પર બિમલભાઈ અને તેઓના પરિવાર સહિત સૌ અક્ષરમુક્તો સાથે ગોષ્ઠિ કરી આનંદ કરાવ્યો. સૌ ભક્તોની ભાવભરી વિદાય લઈ ડલાસ પધાર્યા.

**૩ સપ્ટેમ્બર, મંગળવાર...** સવારે કૃપાબહેન-જયભાઈના ઘરેથી પ્રિન્સટનમાં બીનાબહેન-અજયભાઈના ઘરે પધારી સત્સંગસભામાં અદ્ભુત લાભ આપ્યો. ફ્રીસ્કોમાં હીરલબહેન-હર્ષભાઈના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી આશિષ આપી. ત્યાંથી ધ્રુવ પોપટ-ખુશાલીબહેનના ઘરે પધાર્યા અને સાંજે મીનાબહેન-રમણભાઈના નાના દીકરા સાવન-વિનીના નવા ઘરે તેનાં લગ્ન પૂર્વેની મહાપૂજામાં ગૃહસ્થ જીવનમાં સુખી થવાના આશીર્વાદ આપ્યા. ત્યારબાદ ત્યાં પધારેલા ભક્તોને વ્યકિતગત મુલાકાત આપી ગોષ્ઠિ-સમાગમનો લાભ આપ્યો.

**૪ સપ્ટેમ્બર, બુધવાર...** સવારે ઈરવિંગમાં ડૉ. વ્રજેશભાઈ પરીખ-નયનાબહેનના ઘરે પધરામણી કરી, તેઓના ઘરમંદિર સમક્ષ ધૂન-ભજન-પ્રાર્થના કર્યાં. સુંદર મંદિરજી તથા શ્રી રાધાજી-કૃષ્ણજીની મનોહર મૂર્તિઓનાં દર્શન કરી પ્રસન્ન થયા. સૌ પરિવારજનોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ આપ્યા. ત્યાંથી નૉર્થલેક-પીકન સ્ક્વૅરમાં ડૉ. જિતુભાઈ (પિયોરિયા)ના ભત્રીજા ડૉ. અનુજભાઈના નૂતન આવાસમાં પધારી ધૂન-પ્રાર્થના-આરતી અર્પણ કરી. ત્યારબાદ ડલાસના ફૉર્ટવર્થ વિસ્તારમાં આવેલ મૉટેલના પ્રારંભે સર્વ ભાગીદારો અને પરિવારજનો તથા આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં યોજાયેલ મહાપૂજામાં પધારી પ્રકાશકુમાર-દીપ્તિબહેન-શિવને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ સભામાં જીવનમાં સંતનો યોગ, મંદિર, અઠવાડિક સત્સંગસભા મુખ્ય રાખવા આજ્ઞા કરી સૌને રૂડા આશીર્વાદ આપ્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી તથા પૂ. ઉત્પલદાસજી ન્યૂઝીલૅન્ડ-ઑસ્ટ્રેલિયાની ધર્મયાત્રાએ આવતી કાલે પધારવાના હોવાથી તેઓને વિદાયની શુભેચ્છા ને આશીર્વાદ પાઠવ્યાં. ◆

# પરદેશમાં પ્રભુનો પ્રસંગ : સાહેબજી અને સંતોને સંગ

૧ ઑગસ્ટના રોજ ઇંગ્લૅન્ડની તપોભૂમિ પર સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતો પધાર્યા. સંતભગવંત સાહેબજી તેઓને દર્શન-આશીર્વાદ આપવા હિથ્રો ઍરપૉર્ટ પધાર્યા. ઇંગ્લૅન્ડની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર તેઓનાં સ્વાગત કર્યાં. આ સંતોએ યુ.કે.માં સેવારત યુવાનો અને ગૃહસ્થ ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. આગામી વર્ષ ૨૦૨૫માં યુ.કે.માં મંદિર દશાબ્દી પર્વ પ્રસંગે યોજાનાર 'સર્વોપરી ઉપાસના પર્વ'નાં આયોજન અંગે મીટિંગ કરી રૂડાં માર્ગદર્શન આપ્યાં.

સંતભગવંત સાહેબજીએ અનેક ભક્તોનાં ઘરે, સ્ટૉર તથા ક્લિનિક પર તેમજ સ્વાસ્થ્યલાભ મેળવતા ભક્તો માટે પ્રાર્થના કરવા હૉસ્પિટલ પર પધારી સૌની સુખાકારી માટે ધૂન-પ્રાર્થના કરી. મંદિરજીમાં દર્શનાર્થે પધારતા અનેક ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. મંદિરજીમાં નિત્ય આરતી, સભા, મહાપૂજામાં પધારી સ્થાનિક ભક્તોને લાભ આપ્યો. રક્ષાબંધન પર્વે સૌ સંતો-ભક્તોને રક્ષાસૂત્ર બાંધી આશીર્વાદ આપ્યા.

વિજયભાઈ-દર્શનાબહેનના દીકરા ચિ. રાકેશનાં લગ્નપ્રસંગે મંદિરજીમાં પધારી નવદંપતીને આશીર્વાદ પ્રદાન કર્યા. તે પછી થોડા જ દિવસોમાં વિજયભાઈ-દર્શનાબહેનના મોટા દીકરા ચિ. રોનકના તથા અનુપમ મિશન-યુ.કે.ના પ્રમુખ વિનુભાઈ નકારજાનાં દીકરી લિપ્સાબહેનના અક્ષરધામગમનને કારણે સંતભગવંત સાહેબજીએ પોતાની યુરોપની ધર્મયાત્રા રદ કરી, ઇંગ્લૅન્ડમાં જ રહી પરિવારનાં સૌને સાંત્વના અને હૂંફ આપી. તેઓની પ્રાર્થનાસભામાં આશીર્વાદ પ્રદાન કરી પરિવારજનોને બળ આપ્યાં. સંતભગવંત સાહેબજી અને સંતોનાં સાંનિધ્યે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર અનેક ઉત્સવો ઉજવાયા, જેમાં સૌ ભક્તોએ લાભ લઈ ધન્યતા માણી.

### ડેન્હમ-યુ.કે.ની તપોભૂમિ પર ઉત્સવ ત્રિવેણીના ઉમંગ

ડેન્હમ સ્થિત અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ભક્તિસભર ઉત્સવ ત્રિવેણીના આનંદ અને ઉમંગ સાથે મોટી સંખ્યામાં ભક્તો, ભાવિકો અને રાષ્ટ્રપ્રેમીઓએ સહભાગ કર્યો.

પ્રથમ દિવસે ૧૫ ઑગસ્ટના રોજ ભારતના ૭૮મા સ્વાતંત્ર્યપર્વની રાષ્ટ્રભક્તિના ઉલ્લાસ અને ઉમંગ સાથે ઉજવણી થઈ. તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણમાં સંતભગવંત સાહેબજીના સાંનિધ્યમાં ભારતના સ્વાતંત્ર્યદિને રાષ્ટ્રપ્રેમી ભક્તોએ ધ્વજવંદન કર્યાં. અનુપમ મિશનની સૌ પ્રતિ આદર અને સૌહાર્દની જીવનભાવનાનાં દર્શન કરાવતાં સર્વ પ્રથમ બ્રિટિશ 'યુનિયન જેક' ધ્વજવંદના થઈ અને બ્રિટિશ રાષ્ટ્રગીત ગવાયું. અનુપમ મિશન-યુ.કે.ના વરિષ્ઠ ટ્રસ્ટી અને પ્રતિષ્ઠિત ઉદ્યોગ સાહસિક શ્રી યોગેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે બ્રિટિશ ધ્વજ લહેરાવવામાં આવ્યો. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના વરદ હસ્તે ભારતીય ત્રિરંગા ધ્વજને લહેરાવી ધ્વજવંદન અને ધ્વજસલામી કરી ઉપસ્થિત સૌએ સમૂહમાં 'જન ગણ મન અધિનાયક જય હે...' રાષ્ટ્રગીતને ઉમંગ અને ઉલ્લાસ સાથે ગાયું. રાષ્ટ્રવંદનાના આ કાર્યક્રમમાં 'ગુજરાત સમાચાર', યુ.કે.ના સ્થાપક શ્રી સી.બી.પટેલ, ભારતીય સેનાના નિવૃત્ત અધિકારી લૅફ્ટનન્ટ જનરલ ડૉ. મોહિન્દર મોહન વાલિયા, શ્રી સતીશભાઈ ચતવાણી, શ્રી વિનોદભાઈ નકારજા, માજી મૅયરશ્રી હર્ષદભાઈ પટેલ સહિત અનેક ગણમાન્ય નાગરિકો, યુવાઓ, બાળકો ધ્વજવંદન દ્વારા રાષ્ટ્રભક્તિ અદા કરવા ઉપસ્થિત થયાં. પરદેશમાં હોવા છતાં પણ સૌનાં હૈયે ધબકતો ભારત દેશ માટેનો અપાર પ્રેમ છલકાતો હતો. આ ગૌરવશાળી પ્રસંગે શ્રી સતીશભાઈ ચતવાણીએ સ્વાગત પ્રવચન કર્યું. સદ્‌ગુરુ સાધુ પૂ.



ડેન્હમ-યુ.કે. સ્થિત મંદિરજીમાં સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતોનાં સ્વાગત



બ્રહ્મજ્યોતિ-યુ.કે.માં ભારતના સ્વાતંત્ર્યપર્વે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન





ડેન્હમ-યુ.કે. સ્થિત મંદિરજીમાં બિરાજિત શ્રી ઠાકોરજી મહારાજ અને ગુણાતીત સ્વરૂપોનાં પાટોત્સવ પૂજન કરતા સંતભગવંત સાહેબજી અને સંતો

મનોજદાસજીએ સ્વાતંત્ર્ય સંગ્રામનાં વીરો અને વીરાંગનાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી ભારતના વિકાસ અને અમૃતકાળ દરમિયાન ભારતનાં સર્વાંગી ઉત્થાનને બિરદાવ્યાં. સંતભગવંત સાહેબજીએ માતૃભૂમિ ભારતને વંદન કરી રાષ્ટ્રભક્તિના આ પર્વે આધ્યાત્મિક બોધ આપતાં સૌને સદ્‌ગુણયુક્ત જીવનભાવના, જીવનદૃષ્ટિ કેળવવા અને આત્માના દૈવી પ્રભાવની દિવ્ય સત્તાને જાગ્રત કરવા આવાહ્‌ન કર્યું. આ આનંદ પર્વે બાળકો અને યુવા-યુવતીઓએ રાષ્ટ્રભક્તિનાં પ્રેરણાદાયી ગાન સાથે સંગીતમય નૃત્યની પ્રસ્તુતિ કરી. આ પ્રસ્તુતિનાં નિદર્શન અને નૃત્યસંરચના મેઘનાબહેન તથા આશકાબહેને કરી.

બીજા દિવસે એકાદશીના પવિત્ર દિને, ૧૬ ઑગસ્ટના રોજ મંદિરજીમાં બિરાજમાન શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજની દિવ્ય મૂર્તિઓનો નવમો પાટોત્સવ મહાપર્વ ઉજવાયો. પાટોત્સવ મહાપૂજામાં ૧૨૫ જેટલાં યજમાન યુગલોએ પવિત્ર શ્રાવણ માસમાં શાસ્ત્રોક્ત પાટોત્સવ મહાપૂજા વિધિના લાભ લીધા. પાટોત્સવ પૂજાવિધિ પશ્ચાત્ પ્રભુની દિવ્ય મૂર્તિનાં દર્શન, સ્તુતિ, આરતી અને અન્નકૂટનાં દર્શન દ્વારા સૌ ભક્તોએ પ્રભુભક્તિના પરમ આનંદ માણ્યા. સંતભગવંત સાહેબજીએ તેઓની ભગવદ્ પરાવાણી દ્વારા સહુને રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા.

તૃતીય મહાપર્વ રૂપે ૧૭ ઑગસ્ટની સંધ્યાએ શ્રી ઠાકોરજી મહારાજની નિશ્રા અને સંતભગવંત સાહેબજીની પ્રત્યક્ષ સંનિધિમાં અનુપમ મિશન-યુ.કે.ના મહંતશ્રી સાધુ પૂ. હિંમત સ્વામીજીનો ૬૯મો પ્રાગટ્ય ઉત્સવ ઉજવાયો. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તો અને સંતોએ પૂ. હિંમત સ્વામીજીના સાધુતાના સદ્‌ગુણોથી સભર દિવ્ય જીવનનાં મહિમાગાન કર્યાં. અનેક સંતો-ભક્તોએ સાધુ પૂ. હિંમત સ્વામીજીએ તેઓનાં જીવનમાં જે આધ્યાત્મિક માર્ગદર્શન પ્રદાન કર્યાં છે, તથા તેઓનાં યોગ-ક્ષેમની ચિંતા કરી હૂંફ ને સેવા-સહાયતા અર્પણ કરી છે તેનાં અનુભવદર્શન કરાવ્યાં. શ્રી મુક્તાક્ષરપુરુષોત્તમ મહારાજના પાટોત્સવની સંધ્યાએ તથા સાધુ પૂ. હિંમત સ્વામીજીના પ્રાગટ્યપર્વની સંધ્યાએ ભારત સ્થિત આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ભક્તહૃદયી કલાકારો અમિતભાઈ ઠક્કર, દીપ્તિબહેન દેસાઈ, ધ્રુતિબહેને દીપ





ડેન્હમ-યુ.કે. સ્થિત મંદિરજીનાં પાટોત્સવ પૂજન અને શ્રાવણ માસની સમૂહ મહાપૂજા વિધિમાં શ્રદ્ધાપૂર્વક ભાગ લેતા ભાવિક અક્ષરમુક્તો





ડેન્હમ-યુ.કે. સ્થિત મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજ અને ગુણાતીત સ્વરૂપોને સંતભગવંત સાહેબજી દ્વારા પાટોત્સવની આરતી અર્પણ... આશીર્દાન...

ભરૂચી અને ઋષિલ કોટેચાની સંગત સાથે સૌને ભક્તિસંગીતનાં શ્રવણ-આનંદ કરાવ્યાં.

સાધુ પૂ. હિંમત સ્વામીજીના પ્રાગટ્યપર્વે અનુપમ મિશન સાથે સંલગ્ન પરિવારોનાં બાળકો, યુવાનો તથા યુવતીઓએ સાધુ પૂ. હિંમત સ્વામીજીને હસ્તનિર્મિત પુષ્પગુચ્છ, કલાત્મક માળા તથા સુંદર ચિત્રો સહિત શુભેચ્છાપત્રો અર્પણ કર્યાં. સાધુ પૂ. હિંમત સ્વામીજીએ પ્રાર્થના કરતાં ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તથા સંતભગવંત સાહેબજીના દિવ્ય કાર્યને વંદન ધરી, પ્રભુપરાયણ જીવન દ્વારા સૌની સેવા કરી, ભક્તિરૂપે અર્પણ કરી પ્રભુ અને ગુરુહરિ સાહેબજીની પ્રસન્નતાની યાચના કરી. સંતભગવંત ગુરુહરિ સાહેબજીએ આશીર્વચનો દ્વારા સાધુ પૂ. હિંમત સ્વામીજીના જીવનને નૈમિષારણ્ય સમાન ગણાવ્યું. સાધુ પૂ. હિંમત સ્વામીજીના દિવ્ય જીવન આચરણનો મહિમા સમજાવતાં સંતભગવંત સાહેબજીએ સાધુ પૂ. હિંમત સ્વામીજીને સાધુના કસબના કસબી રૂપે બિરદાવી તેઓના નિરામય દીર્ઘ જીવન માટે આશીર્વાદ આપ્યા. આ પર્વમાં સહભાગી બની સૌએ અનેરી દિવ્યતા અનુભવી.

સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ઑઉમ ક્રિમેટોરિયમના બાંધકામનું કાર્ય શરૂ થઈ ગયું છે અને ખૂબ ઝડપથી ચાલી રહ્યું છે. તેઓના સંકલ્પ અને આશીર્વાદથી બ્રહ્મજ્યોતિની પાછળની જમીન સંપાદનની કાર્યવાહી પણ નિર્વિઘ્ને પૂર્ણ થઈ છે. ઇંગ્લેન્ડના સૌ ભક્તોને પોતાની સામર્થીનાં અદ્ભુત દર્શન કરાવી સંતભગવંત સાહેબજી ૨૧ ઑગસ્ટે અમેરિકાની ધર્મયાત્રાએ પધાર્યા.

અમેરિકામાં પણ ભક્તોને આધ્યાત્મિક લાભ અને દર્શન-આશીર્વાદના સુખ આપવાની ભક્તિ વહેતી રહી. ૨૧થી ૨૩ ઑગસ્ટ દરમિયાન ઍલનટાઉનના સંતો અને ભક્તોને સત્સંગલાભ આપી શિકાગો થઈ પિયોરિયા પધાર્યા. સંતભગવંત સાહેબજીએ પિયોરિયામાં શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ૨૪થી ૨૭ ઑગસ્ટ દરમિયાન પધારેલ સંતો-અક્ષરમુક્તોને અક્ષરધામનાં સુખ, શાંતિ અને આનંદની અનુભૂતિ કરાવી. તેઓનાં દિવ્ય સાંનિધ્યને માણી સૌએ આત્મામાં અલૌકિક બળ મેળવ્યાં અને આનંદ અનુભવ્યા. ◆



સાધુ પૂ. હિંમત સ્વામીજીના પ્રાગટ્યદિનની સભામાં સાહેબજીનાં આશીર્દાન



રક્ષાબંધન પર્વે સંતો-ભક્તોને રક્ષાસૂત્ર બાંધી આશીર્વાદ અર્પતા સાહેબજી

# ભાગ્ય બડે જહાં સંત પધારે

'**સાધુ** તો ચાલતા ભલા.' આ ઉક્તિ અનુસાર સંતભગવંત સાહેબજીની આજ્ઞા ઝીલી પરદેશમાં વિચરણ કરતા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા કેનેડા પધાર્યા. પૂ. અશ્વિનદાદા સાથે પધારેલા સંતો સાધુ પૂ. કૌશિકદાસજી, પૂ. અરવિંદદાસજી અને પૂ. જયેશદાસજીનાં સાંનિધ્યનો કેનેડાના ભક્તોને સાત દિવસ સુધી અનુપમ લાભ મળ્યો અને સત્સંગલક્ષી વિવિધ કાર્યક્રમોમાં અલૌકિક આધ્યાત્મિક સમજણ પ્રાપ્ત કરી.

૩૧ જુલાઈના રોજ બપોરે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા ટોરોન્ટો પધાર્યા. ધવલભાઈ-મેઘાબહેનના નિવાસસ્થાન પર સ્વાગત થયા બાદ હિમેશભાઈ, ધવલભાઈ અને મુકુંદભાઈની ફેક્ટરીમાં પધરામણી કરી. ત્યારબાદ લવલીબહેનના ઘરે પધરામણી કરી. સાંજે નરેન્દ્રભાઈ-દેવાંગીબહેનના ઘરે પધરામણી કરી ધૂન-પ્રાર્થનાઓ કરી. રાત્રે 'ઉપાસના ધામ', ટોરોન્ટો મંદિરે સભા કરી અને ત્યારબાદ પૂ. અશ્વિનદાદા અને સંતો વિશાલભાઈ-મનીષાબહેન મોદીના ઘરે પધાર્યા.

૧ ઑગસ્ટની સવારે પૂ. અશ્વિનદાદા મંદિરે પધાર્યા. તેઓની દિવ્ય પ્રાતઃ પૂજાનો અનેક હરિભક્તોએ લાભ લીધો. ત્યારબાદ વિશાલભાઈ-નીરાબહેન મહેતાના નૂતન આવાસમાં મહાપૂજામાં પધાર્યા. બપોરે રજનીદાદા અને ત્યારબાદ કાંતિદાદાના ઘરે પધરામણી કરી. સાંજે સુરેન્દ્રભાઈ-ધર્મિષ્ઠાબહેનના ઘરે મહાપૂજામાં પધારી પ્રાર્થનાઓ કરી સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા. મહાપૂજામાં મોટી સંખ્યામાં હરિભક્તોએ પધારી ભાગ લીધો. આ પ્રસંગે વિદ્વાન કથાકાર શાસ્ત્રી પૂ. રાકેશજી પણ પધાર્યા. રાત્રે વિશાલભાઈ-મનીષાબહેનના ઘરે પધાર્યા.

૨ ઑગસ્ટના રોજ સવારે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ ઉપાસના ધામ મંદિરે પધારી સૌ ભક્તોને પ્રાતઃ પૂજાનો લાભ આપ્યો. ત્યારબાદ નીલેશભાઈ-પ્રીતિકાબહેનના ઘરે નવા ઘરમંદિરની સ્થાપના ને મહાપૂજા કરી અને નીલમબહેન, દીપલબહેન, નીલકંઠભાઈ આદિના ઘરે પધરામણીઓ કરી. સાંજે 'ઉપાસના ધામ' પરત પધાર્યા, ત્યાં સ્વાગતસભામાં સૌ પર આશીર્વાદ વરસાવ્યા. ૩ ઑગસ્ટના રોજ શ્રી યોગી યૂથ કેમ્પના ઉદ્‌ઘાટન બાદ રાજભાઈના ઘરે પધરામણી કરી.

## શ્રી યોગી યૂથ કેમ્પ, કેનેડા

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી કેનેડામાં ઉપાસના ધામ, ટોરોન્ટો ખાતે ૩ અને ૪ ઑગસ્ટ ૨૦૨૪ દરમિયાન 'શ્રી યોગી યૂથ કેમ્પ' ૨૦૨૪નું સુંદર આયોજન કરવામાં આવ્યું. બે મહિના અગાઉથી સૌ યુવાનોએ ભેગા મળી ઑનલાઈન મીટિંગ દ્વારા કેમ્પના વિવિધ કાર્યક્રમોનાં આયોજન કર્યાં. આ સમગ્ર આયોજનમાં સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શન પણ પ્રાપ્ત થયાં. કેમ્પનો મુખ્ય વિષય 'આહાર, વિહાર, વિચાર, આચાર તથા સફળતા અને આનંદ' હતો. ધવલભાઈ, વિશાલભાઈની આગેવાની હેઠળ ૮૦ જેટલાં શિબિરાર્થી યુવાનો-યુવતીઓએ અપાર ભક્તિભાવે આ કેમ્પનો લાભ લીધો. અત્યંત પ્રસન્નતાની બાબત એ હતી કે, સૌને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સાથે સાધુ પૂ. કૌશિકદાસજી, પૂ. જયેશદાસજી અને પૂ. અરવિંદદાસજીના આશીર્વાદ પણ પ્રાપ્ત થયા.

૩ ઑગસ્ટના રોજ સ્વાગતસભા અને દીપપ્રાગટ્ય દ્વારા 'યોગી યૂથ કેમ્પ'નો આરંભ થયો. મંદિરના પ્રાંગણમાં યોજાયેલી ઉદ્‌ઘાટન સભામાં સર્વે યુવાનોને શિબિર અંગે માર્ગદર્શન અને આવકાર મળ્યાં તેમજ પૂ. અશ્વિનદાદાના આશીર્વાદ પ્રાપ્ત થયા. સમગ્ર કેમ્પમાં શિબિરાર્થીઓની ઉંમર પ્રમાણે બે વિભાગ પાડવામાં આવ્યા. શિબિરનાં વિવિધ સત્રો દરમિયાન સમર્થ, ક્રિશ, નેવીબહેન, સાત્વીબહેન, અમેરિકાથી પધારેલ મિહિરભાઈ, રિધમ, હિતેશભાઈ તેમજ નિધિબહેન, મેઘાબહેન, સોનલબહેન અને કેયાબહેન દ્વારા વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યાં.

અલગ અલગ ગ્રંથોના આધારે ગ્રુપ ચર્ચા દ્વારા શાસ્ત્રોક્ત બોધને રોજિંદા જીવનનાં આચરણમાં લાવી સુખમય જીવન જીવી શકાય તેની ખૂબ સુંદર સમજણ આપવામાં આવી. સંતો સાથે સુંદર પ્રશ્નોત્તરી સત્ર, ક્વિઝ, સાંસ્કૃતિક કાર્યક્રમનાં આયોજન કરવામાં આવ્યાં. રોજ સાંજે



કેનેડામાં યોગી યૂથ કેમ્પનો દીપપ્રાગટ્ય દ્વારા શુભારંભ





કેનેડા ખાતે યોજિત યોગી યૂથ કેમ્પમાં સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવાની ભક્તિ અદા કરનાર શિબિરાર્થી યુવાનો અને યુવતીઓ

રમતગમતના કાર્યક્રમમાં વિવિધ રમતો રમી યુવાનોએ ખૂબ આનંદ કર્યો. નિત્ય પૂજા, ધૂન, આરતીમાં જોડાઈ સૌ શિબિરાર્થીઓ સત્સંગ-સંસ્કારને પામ્યા. ૧૩ વર્ષથી નાનાં બાળકોના ગ્રુપના સર્વ કાર્યક્રમોનાં આયોજન અને સંચાલન મનીષાબહેન મોદી દ્વારા કરવામાં આવ્યાં.


સાધુ પૂ. અરવિંદદાસજીએ શિબિરના વિષયને સેવા કરતી વખતે યાદ રાખવા અને જીવનમાં ઉતારવાની સમજ આપી. સાધુ પૂ. જયેશદાસજીએ સેવા-ભક્તિ કરવાની અને યુવાનીને જીતવાની સમજ આપી. સાધુ પૂ. કૌશિકદાસજીએ શિબિરના વિષય પર બાળકોને આનંદ થાય તે રીતે સુંદર વાતો કરી.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સર્વે શિબિરાર્થીઓ તેમજ યુવા આયોજકો પર ખૂબ રાજીપો વ્યક્ત કરી આશીર્વાદ વરસાવ્યા અને સૌને આજ્ઞા કરી કે, 'સૌએ અઠવાડિક સત્સંગસભા ભરવી, અડધો કલાક ધૂન કરવી, 'વચનામૃત', 'સ્વામીની વાતો' અને 'શિક્ષાપત્રી'નાં નિયમિત વાંચન કરવાં.

શિબિર દરમિયાન અનુપમ મિશન-કેનેડા પરિવારના સૌ યૂથ લીડરોએ સંપ, સુહૃદભાવ અને એકતા રાખી, હળીમળીને આયોજનને અનુરૂપ સેવાઓ કરી સાહેબદાદાનો રાજીપો પ્રાપ્ત કર્યો.

## 'ઉપાસના ધામ', ટોરોન્ટો મંદિરનો પ્રથમ પાટોત્સવ

૫ ઑગસ્ટના રોજ સવારે 'ઉપાસના ધામ', ટોરોન્ટો મંદિરનો પ્રથમ પાટોત્સવ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યમાં ભક્તિભાવે ઉજવાયો. યુવાનોએ સુંદર સુશોભન અને સઘળી સેવા-વ્યવસ્થાઓ કરી ભક્તિ અદા કરી. પાટોત્સવની મહાપૂજામાં ૪૫ જેટલા યજમાનોએ ભાગ લીધો. અમેરિકાના મિહિરભાઈએ આચાર્યપદે બિરાજી અત્યંત ભાવવાહી ઢબે પાટોત્સવ વિધિ કરાવી. સાધુ પૂ. અરવિંદદાસજી, પૂ. કૌશિકદાસજી અને પૂ. જયેશદાસજીએ શ્રી ઠાકોરજીની મૂર્તિ સમક્ષ ઉપસ્થિત રહી પાટોત્સવ પૂજા કરી. ત્યારબાદ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપી સર્વને ધન્ય કર્યાં. મંદિરને સમર્પિત ભક્તોને પૂ. અશ્વિનદાદાએ સ્મૃતિભેટ આપી અભિવાદન કર્યાં. સાંજે યેશાબહેનની



શિબિરાર્થીઓને નિત્ય પ્રાતઃ પૂજા દરમિયાન સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન




સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોનાં સાંનિધ્યે યોગી યૂથ કેમ્પના યુવા શિબિરાર્થીઓ

આગેવાની હેઠળ સુંદર ભજનસંધ્યા થઈ અને તે દરમિયાન સતીશભાઈની દોરવણી મુજબ સૌએ સુંદર ગરબા કરી આનંદ માણ્યો. આ પ્રસંગે પૂ. અશ્વિનદાદા અને સંતોએ રક્ષાબંધનના દિવ્ય પર્વ નિમિત્તે સૌને રક્ષાસૂત્ર બાંધી આશીર્વાદ આપ્યા.

૬ ઑગસ્ટના રોજ સવારે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ મંદિરે પધારી સૌને પ્રાતઃ પૂજાનો લાભ આપી આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ મંદિરેથી વિદાય લઈ તરુણભાઈ-સપનાબહેન, જતીનભાઈ તેમજ રિધમભાઈના ઘરે પધરામણી કરી. બપોરે જશુદાદા અને ત્યારબાદ રોહિતભાઈ, ચિંતનભાઈ અને યશના ઘરે પણ પધરામણી કરી. સાંજે પૂ. અશ્વિનદાદા અને સંતો કિંગ્સ્ટનમાં રાજેશભાઈ-કૌશિકાબહેનના ઘરે પધાર્યા અને રાત્રે ઘરસભા કરી સત્સંગ-સમાગમનો લાભ આપ્યો.

૭ ઑગસ્ટના રોજ સવારે રાજેશભાઈના ઘરમંદિરમાં પૂ. અશ્વિનદાદાએ પ્રાતઃ પૂજા કરી સ્થાનિક ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. મનહરદાદા દર્શનાર્થે પધાર્યા, તેઓને સમાગમનું સુખ આપ્યું. સાંજે ધ્રુવભાઈ-મેઘાબહેનના ઘરે પધરામણી કરી શ્રી ઠાકોરજીને ધૂન-આરતી અર્પણ કરી. ત્યારબાદ પૂ. અશ્વિનદાદા અને સંતોએ રાજેશભાઈની બંને મૉટેલ પર પધરામણી કરી. પરત રાજેશભાઈના નિવાસસ્થાન પર પધારીને રાત્રિ ઘરસભા કરી, જેમાં સાધુ પૂ. જયેશદાસજી અને પૂ. કૌશિકદાસજીએ આશીર્વાદ અને માર્ગદર્શન આપ્યાં.

૮ ઑગસ્ટના રોજ સવારે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ પ્રાતઃ પૂજાનો લાભ આપ્યો અને સૌને આશીર્વાદ આપીને ઍલનટાઉન જવા માટે સંતો સાથે વિદાય લીધી. રસ્તામાં સંતભગવંત સાહેબજીનો ફોન આવ્યો અને તેઓની આજ્ઞાથી સુસ્કહેન્નામાં રહેતા ડૉ. ભૂપેન્દ્રભાઈના ઘરે પધરામણી કરી ધૂન-પ્રાર્થનાઓ કરી. સાંજે ઍલનટાઉન મંદિરે પધાર્યા, જ્યાં સાધુ પૂ. નરેન્દ્રદાસજી તથા સૌ સંતો-ભક્તોએ ભાવભીનાં સ્વાગત કર્યાં. ત્યારબાદ ઍલનટાઉનમાં ચંદ્રેશભાઈ-ધારણાબહેનના ઘરે પધરામણી કરી ઘરમંદિરના શ્રી ઠાકોરજીનાં પૂજન કરી, મંત્ર પુષ્પાંજલિ, થાળ, આરતી, ધૂન, પ્રાર્થનાઓ અર્પણ કર્યાં.


૯ ઑગસ્ટના રોજ બપોરે સૌ સંતો-હરિભક્તો સાથે ઍલનટાઉનમાં મનહરભાઈ-મિન્તુબહેનના ઘરે પધારી ઘરમંદિરના શ્રી ઠાકોરજીનાં પૂજન કરી મંત્ર પુષ્પાંજલિ, થાળ, આરતી, ધૂન, પ્રાર્થનાઓ અર્પણ કર્યાં અને ગોષ્ઠિ-સમાગમનો લાભ આપી પરત મંદિરે પધાર્યા. સાંજે ન્યૂજર્સીમાં ડૉ. અલ્પેશભાઈ-નેહાબહેનના નૂતન આવાસમાં પધારી મહાપૂજામાં પ્રાર્થનાઓ કરી અને ન્યૂજર્સી મંડળની સભામાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા. ૧૦ ઑગસ્ટની સાંજે ઍલનટાઉન મંદિરે યોજાયેલ શ્રાવણ માસની સમૂહ મહાપૂજામાં પધારી સૌને રૂડા આશીર્વાદ આપ્યા.

૧૧ ઑગસ્ટે સવારે સૌ સંતો-ભક્તો સાથે લૅન્સડેલમાં કેતનભાઈ-પીનલબહેન અને દિગીશાના ઘરે પધાર્યા. ઘરમંદિરના શ્રી ઠાકોરજીનાં પૂજન કરી મંત્ર પુષ્પાંજલિ, થાળ, આરતી, ધૂન, પ્રાર્થનાઓ અર્પણ કર્યાં બાદ ગોષ્ઠિ કરી સત્સંગનું સુખ આપ્યું. સાંજે લૅન્સડેલ મંડળની સભામાં સમૂહ ધૂન કરી અને ત્યારબાદ સાધુ પૂ. નરેન્દ્રદાસજીએ માહાત્મ્યગાન કર્યાં. પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ વરસાવ્યા.

૧૨ ઑગસ્ટે મંદિરજીમાં મંગલ પૂજા કરી ઉપસ્થિત યુવાનોને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો. ત્યારબાદ સૌ સંતો-ભક્તો સાથે ઍલનટાઉનમાં સ્નેહલભાઈ-શિલ્મીબહેનના ઘરે પધારી આરતી-ધૂન-પ્રાર્થનાઓ કરી સત્સંગસુખ આપ્યું. સાંજે ભદ્રેશભાઈ-ખ્યાતિબહેનના ઘરે મહાપૂજામાં પધારી પ્રાર્થનાઓ કરી. ત્યારબાદ ઍલનટાઉન મંડળની સત્સંગસભામાં આશીર્વાદ વરસાવી સુખ આપ્યું.



કૅનેડા મંદિરના પ્રથમ પાટોત્સવે મૂર્તિઓની પૂજનવિધિ કરતા સંતો



પાટોત્સવ પૂજનવિધિનો લાભ લેતા કૅનેડાના અક્ષરમુક્તો

૧૩ ઑગસ્ટના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, સાધુ પૂ. મૂકેશદાસજી, પૂ. ઉત્પલદાસજી, મહેન્દ્રભાઈ રાય અને વત્સભાઈ સવારે ફ્લાઇટમાં ફ્લૉરિડા પધાર્યા. ઍરપૉર્ટ પર નીલેશભાઈ-મંજુબહેન, ગિરીશભાઈ-રેખાબહેન, મનુભાઈ-સુધાબહેન, ડૉ. રાહુલભાઈ આદિ ભક્તોએ ભાવથી સ્વાગત કર્યાં. ઍરપૉર્ટથી ગજરાબા અને દિનેશભાઈ-નયનાબહેનના ઘરે પધાર્યા. ત્યાં રવિભાઈ, સુધીરભાઈ આદિ ભક્તોને સમાગમ-ગોષ્ઠિનો લાભ આપ્યો. બપોરે ગિરીશભાઈ-રેખાબહેનના ઘરે પધરામણી કરી પ્રાર્થનાઓ કરી. સાંજે ટેમ્પા મંડળની સત્સંગસભામાં દૂરદૂરથી પધારેલા ભક્તોને કીર્તનભક્તિ, દર્શન-સમાગમનું સુખ આપી સૌને ધન્ય કરી પૂ. અશ્વિનદાદાએ અદ્‌ભુત આશીર્વાદ પ્રદાન કર્યા.

૧૪ ઑગસ્ટના રોજ સવારે ગિરીશભાઈ-રેખાબહેનના ઘરમંદિરમાં મંગલપૂજા કરી, મનુભાઈ-ઉષાબહેનના ઘરે સંતોએ પધારી આરતી-ધૂન કરી સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. બપોરે લૅન્ડ ઑફ લૅકસમાં રહેતાં ડૉ. રસિકભાઈ-લીનાબહેન, સુધાકરભાઈ-કનકબહેનના ઘરે પધરામણી કરી. સાંજે ડૉ. જિતુભાઈ-દક્ષાબહેનના ઘરે પધારી સભામાં ઉપસ્થિત ભક્તો અને ડૉ. જિતુભાઈના આમંત્રિત મહેમાનોને અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો.

૧૫ ઑગસ્ટના રોજ સવારે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ મનુભાઈ-સુધાબહેનને ગોષ્ઠિનો લાભ આપ્યો. તેઓના દીકરા ભાવિનભાઈનાં ધર્મપત્ની ડૉ. મયૂરીબહેનના ડૅન્ટલ ક્લિનિક પર પધરામણી કરી પ્રાર્થનાઓ કરી. બાજુમાં ડૉ. મયૂરીબહેનના પિતાશ્રીના પ્લૉટ પર પધારી ધૂન-પ્રાર્થના કરી. ત્યાંથી વસંતભાઈના ઘરે પધરામણી કરી પરત લૅકલૅન્ડ પધાર્યા. સાંજે સંતો-ભક્તો સાથે ઉપાસના ધામ, લૅકલૅન્ડ મંદિરે પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં. અહીં યુવાનો-વડીલોએ ખૂબ સુંદર 'ચરણ કમલ ધ્યાન હિંડોળો' તૈયાર કર્યો હતો, શ્રી ઠાકોરજી મહારાજના ગર્ભગૃહને માટીકામની પૃષ્ઠભૂમિ સાથે સુશોભિત કર્યું હતું તથા સમગ્ર મંદિરમાં સત્સંગનાં અદ્‌ભુત સૂત્રો સંકલિત કરીને ખૂબ સુંદર રીતે સુશોભિત કર્યાં હતાં, તેનાં દર્શન કરી પૂ. અશ્વિનદાદાએ અપાર રાજીપો દર્શાવ્યો. ત્યાથી સંદીપભાઈ-ચાંદનીબહેનના ઘરે પધારી થાળ-આરતી-ધૂન-પ્રાર્થનાઓ કરી પધારેલ સૌ ભક્તો સાથે ગોષ્ઠિ કરી સત્સંગનું સુખ આપ્યું.

૧૬ ઑગસ્ટના રોજ નીલેશભાઈ-મંજુબહેનના સુંદર ઘરમંદિરમાં સંતોએ પૂજા કરી ધૂન-પ્રભાતિયાંનાં ગાન કરી આરતી અર્પણ કરી. સાંજે ઉપાસના ધામ મંદિરે સભામાં પધારેલ લૅકલૅન્ડ મંડળના સૌ ભક્તોએ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોનું ઉમળકાભેર સ્વાગત કર્યું. સભામાં સાધુ પૂ. ઉત્પલદાસજીએ મહિમાગાન કર્યું અને પૂ. અશ્વિનદાદાએ ખૂબ રૂડા આશીર્વાદ વરસાવ્યા. સભા પશ્ચાત્ ભક્તોને પૂ. અશ્વિનદાદાએ ગોષ્ઠિનો અદ્‌ભુત લાભ આપ્યો.

૧૭ ઑગસ્ટની સવારે નીલેશભાઈ-મંજુબહેનના ઘરના વિશાળ હૉલમાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની પ્રાત: પૂજાનાં આયોજન થયાં, જેમા લૅકલૅન્ડ મંડળના યુવાનો અને ગૃહસ્થ ભક્તોએ પધારી, દર્શન-સમાગમનો લાભ લીધો. સાંજે મંદિરે સભા યોજાઈ, જેમાં ભક્તોએ મહિમાગાન કર્યાં અને પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવ્યા.

૧૮ ઑગસ્ટના રોજ બપોરે હમીશભાઈ-મીતાબહેનના ઘરે પધરામણી કરી ધૂન-પ્રાર્થનાઓ કરી. સાંજે લૅકલૅન્ડ મંદિરે યોજિત શ્રાવણી મહાપૂજામાં યજમાનો અને ઉપસ્થિત ભક્તોને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોએ આશીર્વાદ પાઠવ્યા. સાધુ પૂ. ઉત્પલદાસજી



કૅનેડા મંદિરે પ્રથમ પાટોત્સવની આરતી અર્પણ કરતા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા



લૅકલૅન્ડ, ફ્લૉરિડાના ઉપાસના ધામ ખાતે સંતોની સંનિધિમાં સમૂહ મહાપૂજા

અને પૂ. મૂકેશદાસજીએ સુંદર મહાપૂજા કરાવી. લોયા ધામના મહંત તથા વડતાલ ટેમ્પલ બૉર્ડ કમિટીના ભૂતપૂર્વ અધ્યક્ષ પૂ. ઘનશ્યામપ્રકાશદાસ સ્વામી સંતમંડળને લઈને પધાર્યા, જેઓનાં ભાવથી સ્વાગત કર્યાં. તેઓએ પણ મહાપૂજામાં બિરાજમાન સૌને આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ સભામાં ક્રિષા અને સાયોનીએ મહિમાગાન કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવ્યા અને રક્ષાબંધન પર્વ નિમિત્તે સૌને રક્ષા બાંધી આશીર્વાદ પાઠવ્યા.

૧૯ ઑગસ્ટના રોજ સવારે નીલેશભાઈ-મંજુબહેનના ઘરેથી વિદાય લઈને તેઓની ફાર્મસી અને ત્યારબાદ મૉટેલ પર પધારી પ્રાર્થનાઓ કરી. ત્યાંથી બ્રેડેન્ટનમાં જયદીપભાઈ-ચેતનાબહેનના નૂતન આવાસમાં પધારી ગૃહપ્રવેશની મહાપૂજા કરી, ગંગાજળ અને પુષ્પો પધરાવી આશીર્વાદ વરસાવ્યા. બપોરે સરસોટામાં ભાવેશભાઈ-રોમાબહેનના ઘરે પધરામણી કરી. ત્યાં સંતોએ કીર્તનો ગાઈને સૌને ભક્તિરસમાં તરબોળ કર્યાં.

૨૦ ઑગસ્ટની સવારે ટેમ્પા ઍરપૉર્ટથી ફ્લાઇટમાં પિયોરિયા જવા માટે પ્રસ્થાન કર્યું. આ યાત્રામાં શેરલૉટથી સાધુ પૂ. કૌશિકદાસજી અને પૂ. અરવિંદદાસજી જોડાયા. પિયોરિયા ઍરપૉર્ટ પર અને નૂતન મંદિરે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતો-ભક્તોએ ભાવભર્યાં સ્વાગત કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ 'ઉપાસના ધામ' સ્થિત નૂતન મંદિરજી અને ઉત્સવ સ્થળ 'શાંતિ ધામ'ની મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન આપ્યાં. ત્યારબાદ યોજિત સ્વાગતસભામાં આશીર્વાદ પાઠવ્યા.

૨૧થી ૨૭ ઑગસ્ટ દરમિયાન સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે પિયોરિયામાં યોજિત શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થયા અને સંતો-ભક્તોને વિવિધ સેવામાં જરૂરી માર્ગદર્શન-આશીર્વાદ આપી બળ પૂર્યાં. મહોત્સવ દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં લાભ આપી સૌને માહાત્મ્યમાં રસતરબોળ કર્યાં, આશીર્વાદ આપ્યા.

૨૮ ઑગસ્ટે સાંજે સંતભગવંત સાહેબજી સાથે શિકાગો પધારી ડૉ. જિતુભાઈ-રીટાબહેનના ઘરે પધારી નૂતન ઘરમંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાની મહાપૂજામાં આશીર્વાદ આપ્યા. ૨૯ ઑગસ્ટે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતો શિકાગોથી ફ્લાઇટમાં ઍલનટાઉન પધાર્યા. સ્થાનિક ભક્તોને ગોષ્ઠિ-સમાગમનો અદ્‌ભુત લાભ આપ્યો. ૩૦ ઑગસ્ટના રોજ સંતો-ભક્તો સાથે રાજાભાઈ-સુનિતાબહેનના ઘરે પધરામણી કરી ધૂન-આરતી અર્પણ કર્યાં. ૩૧ ઑગસ્ટના રોજ સાંજે ઍલનટાઉન મંદિરની અઠવાડિક સત્સંગસભામાં સૌ સંતો-ભક્તોનાં સ્વાગત થયાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સુંદર લાભ આપી રૂડા આશીર્વાદ આપ્યા.

૧ સપ્ટેમ્બરે સવારે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ ઍલનટાઉન મંદિરે પ્રાતઃ પૂજામાં સૌ યુવાનો-સ્થાનિક ભક્તોને આશીર્વાદ આપ્યા. બપોરે બંકિમભાઈ-સુજાતાબહેનના ઘરે અને સાંજે અ.નિ. મૂકેશભાઈ-ચેતનાબહેન કઢીવાલાના ઘરે સંતો-ભક્તોને લઈને પધરામણી કરી, ધૂન-પ્રાર્થનાઓ કરી સત્સંગલાભ આપ્યો.

૨ સપ્ટેમ્બરે બપોરે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા ઈંગ્લૅન્ડ પધારતા હોઈ મંદિરજીમાં સ્વાગત-મિલન સભા યોજાઈ. પૂજન-પુષ્પમાળા અર્પણ થયાં બાદ પૂ. અશ્વિનદાદાએ સૌને રૂડા આશીર્વાદ આપ્યા. ન્યૂયૉર્ક-JFK ઍરપૉર્ટથી સાંજની ફ્લાઇટમાં નીકળી તેઓ ૩ સપ્ટેમ્બરે સવારે ઈંગ્લૅન્ડ હિથ્રો ઍરપૉર્ટ પધાર્યા. ◆



ઍલનટાઉન મંદિરે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોનાં ભાવપૂર્ણ સ્વાગત



ઈંગ્લૅન્ડ પધારતા પૂ. અશ્વિનદાદાને ઍરપૉર્ટ પર સંતો-ભક્તો દ્વારા ભાવભરી વિદાય



# સત્સંગ સમાચાર



## શ્રાવણી સમૂહ મહાપૂજા

**સાઠંબા :** સાઠંબા સ્થિત શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરે ૪ ઑગસ્ટ ૨૦૨૪, રવિવારે સુંદર હિંડોળા મહોત્સવ અને શ્રાવણ માસની સમૂહ મહાપૂજાનાં આયોજન થયાં. પ્રાદેશિક સંત સાધુ પૂ. નરેન્દ્રદાસજી, પૂ. નિખિલદાસજી તથા પૂ. પુનિતદાસજી, પૂ. રવિદાસજી અને પૂ. જયદાસજીનાં સાંનિધ્યમાં હિંડોળા મહોત્સવનું ઉદ્‌ઘાટન થયું અને દર્શન માટે ખુલ્લા મૂકવામાં આવ્યા. ત્યારબાદ સાધુ પૂ. પુનિતદાસજીના આચાર્યપદે સમૂહ મહાપૂજા કરવામાં આવી. સમૂહ મહાપૂજામાં મોટી સંખ્યામાં સ્થાનિક યુગલ યજમાનોએ બિરાજી લાભ લીધો. પ્રાસંગિક મહિમાગાન અને સભાસંચાલન આશુતોષ પટેલ દ્વારા કરવામાં આવ્યાં. સાધુ પૂ. નિખિલદાજીએ સૌની ભક્તિને બિરદાવી અને સૌ માટે પ્રાર્થનાઓ કરી. સાધુ પૂ. રવિદાસજીએ પ્રવચનમાં જુદાં જુદાં ઉદાહરણ આપી યુવકપ્રવૃત્તિનાં પોષણ અને સંવર્ધનની વાતો કરી. સાધુ પૂ. નરેન્દ્રદાસજીએ સૌ ભક્તોની ભક્તિને બિરદાવી અને સાહેબદાદાને ગમતું કાર્ય, ભેગાં મળીને કરવા માર્ગદર્શન અને આશીર્વાદ આપ્યાં. આ ઉત્સવમાં સાઠંબા ઉપરાંત અન્ય મંડળોના અનેક ભક્તોએ લાભ લીધો. સભાના અંતે ગૌરવભાઈ દ્વારા આભારવિધિ કરવામાં આવી. ◆

**જૂનાગઢ :** જૂનાગઢમાં અનુપમ અક્ષરમુક્ત મોરીસાહેબના જૂના આવાસના હૉલમાં સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી સરસ મંદિર કરીને સંતોએ શ્રી ઠાકોરજી પધરાવ્યા છે. ભક્તો દરરોજ ત્યાં ધૂન, આરતી, સત્સંગસભા કરી ભક્તિનો આનંદ માણે છે. તે હૉલમાં ૧૦ ઑગસ્ટ ૨૦૨૪, શનિવારે જૂનાગઢ મંડળની શ્રાવણ માસની સમૂહ મહાપૂજા યોજાઈ. સાધુ પૂ. ભરતદાસજી, પૂ. અશોકદાસજીનાં સાંનિધ્યમાં મોટી સંખ્યામાં ભક્તોએ મહાપૂજા ને સંતોના સમાગમનો લાભ લીધો. પવિત્ર દિવસોમાં અંતરથી પ્રભુભક્તિ અદા કરી સૌએ ધન્યતા માણી. ◆

**ઍલનટાઉન-યુ.એસ.એ. :** ૧૦ ઑગસ્ટ ૨૦૨૪, શનિવારના પવિત્ર દિવસે ઍલનટાઉન મંદિરે પવિત્ર શ્રાવણ માસની સમૂહ મહાપૂજા ખૂબ ભક્તિભાવથી સંપન્ન થઈ. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, સાધુ પૂ. નરેન્દ્રદાસજી, પૂ. જયેશદાસજી તથા ઍલનટાઉન મંદિરના સૌ સ્થાનિક સંતોનાં દિવ્ય સાંનિધ્યમાં લગભગ ૫૦ જેટલા યુગલ યજમાનોએ આ દિવ્ય મહાપૂજાનો લાભ લીધો. સાધુ પૂ. ઉત્પલદાસજી અને મિહિરભાઈએ આચાર્યપદે બિરાજી અત્યંત ભક્તિભાવ સાથે મહાપૂજા વિધિ સંપન્ન કરાવી અને સૌ ભક્તોએ પણ અત્યંત શ્રદ્ધા સાથે તેમાં જોડાઈ ભક્તિ અદા કરી. સંકલ્પનાં પઠન કરી સૌનાં જીવનમાં તે સંકલ્પ ચરિતાર્થ થાય તે માટે સમૂહ જપયજ્ઞ કર્યા. સાધુ પૂ. કૌશિકદાસજીએ ટૉરોન્ટો-કૅનેડા મંદિરે યોજાયેલ યૂથ કૅમ્પ અને પ્રથમ પાટોત્સવનો વિસ્તૃત અહેવાલ આપ્યો. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી મહાપૂજામાં બિરાજમાન અતિ ભાગ્યશાળી યજમાનો અને સમગ્ર ભક્તમંડળ તન, મન, ધન તથા સંતોના સંબંધથી સંસ્કારે સમૃદ્ધવાન બને તેવી પ્રાર્થના શ્રી ઠાકોરજી અને સાહેબજીનાં શ્રી ચરણોમાં ધરી. અંતે ગુજરાતી અભ્યાસવર્ગના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહન અને આશીર્વાદ પાઠવ્યાં. ◆

**ઉપાસના ધામ, ખારઘર :** રવિવાર, ૧૧ ઑગસ્ટ ૨૦૨૪ના રોજ ઉપાસના ધામ, ખારઘર-નવી મુંબઈ ખાતે સાધુ પૂ. દિનેશદાસજી, પૂ. હરિકૃષ્ણદાસજી, પૂ. ઉમેશદાસજીનાં સાંનિધ્યમાં સુંદર સમૂહ મહાપૂજા સંપન્ન થઈ. આ પ્રસંગે સાધુ પૂ. પરેશદાસજી, પૂ. કેયૂરદાસજી, પૂ. અનિલદાસજી, પૂ. તુષારદાસજી અને યુવકો લાભ લેવા અને સેવા કરવા માટે પધાર્યા. મુંબઈ અને નવી મુંબઈના ખૂબ મોટી સંખ્યામાં અક્ષરમુક્તોએ યજમાનપદે બિરાજવાનો લાભ લીધો. સાધુ પૂ. તુષારદાસજીએ ખૂબ ભાવથી મહાપૂજા કરાવી. મહાપૂજામાં સૌની સુખાકારી માટે અને ચાતુર્માસના નિયમો પાળવાનું બળ મેળવવા માટે ખાસ ધૂન-પ્રાર્થના કરવામાં આવી.

મહાપૂજા બાદ મુંબઈ પ્રદેશના તેજસ્વી તારલાઓને 'પ.પૂ. સોનાબા અને સંતભગવંત સાહેબજી કેળવણી કૌશલ્ય પુરસ્કાર' આપવામાં આવ્યા. પારસભાઈ દેસાઈએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં તથા મૌલિકભાઈ અધ્વર્યુએ સભાસંચાલન સંભાળ્યું. અંતે સાધુ પૂ. પરેશદાસજી અને પૂ. દિનેશદાસજીએ આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

**અંકલેશ્વર :** ૧૧ ઑગસ્ટ ૨૦૨૪, રવિવારના રોજ અંકલેશ્વર ખાતે રુદ્ર બ્રહ્મસમાજની વાડીમાં શ્રાવણી સમૂહ મહાપૂજા યોજાઈ. આ પ્રસંગે સાધુ પૂ. સતીશદાસજી, પૂ. મણિદાસજીએ પધારી સૌને કૃતાર્થ કર્યાં. વેમારથી પધારેલ દીકરીઓ રિમા, વેદાંગી, શૈલીએ અત્યંત ભાવથી મહાપૂજા કરાવી. સ્થાનિક મંડળના મોટી સંખ્યામાં ભક્તોએ યજમાન સ્વરૂપે બિરાજી મહાપૂજાનો દિવ્ય લાભ પ્રાપ્ત કર્યો. સંતો અને વડીલોએ આશિષવર્ષા કરી. મહાપૂજા બાદ સભામાં મેહુલભાઈ, ઉમેશભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા મહિમાનાં ગાન કર્યાં. સાધુ પૂ. મણિદાસજી

અને પૂ. સતીશદાસજીએ આશીર્વાદ વરસાવ્યા. અંતે મંડળના તેજસ્વી તારલાઓને 'પ.પૂ. સોનાબા અને સંતભગવંત સાહેબજી કેળવણી કૌશલ્ય પુરસ્કાર' આપી પુરસ્કૃત કર્યા. સભા બાદ સંતો મંદિરે પધાર્યા અને યુવાનો દ્વારા કલાત્મક રીતે તૈયાર કરાયેલ હિંડોળાની આરતી ઉતારી સૌનાં દર્શનાર્થે ખુલ્લા મૂક્યા. ◆

**卐 વડોદરા :** રવિવાર, ૧૧ ઑગસ્ટ ૨૦૨૪ના રોજ વડોદરા ખાતે અનુપમ અક્ષરમુક્ત શંકરકાકાના નિવાસસ્થાને બાળ-યુવા શ્રાવણી મહાપૂજા અને યૂથસભાનું અદ્ભુત આયોજન થયું. શંકરકાકા અને પરિવારની પ્રાર્થનાથી સાધુ પૂ. ઘનશ્યામદાસજી (બિરલા) અને પાર્ષદી સંતો આ પ્રસંગે પધાર્યા. વડોદરા મંડળના વડીલો-ગૃહસ્થોનાં સાંનિધ્યે ૪૦ જેટલા બાળ-યુવા યજમાનો સમૂહ મહાપૂજામાં બિરાજ્યા. સાધુ પૂ. સરજુદાસ અને પૂ. હાર્દિકદાસે મહાપૂજા કરાવી સૌને ભક્તિમાં જોડ્યા. ત્યારબાદ યૂથ સભામાં સૌ સંતોના આશીર્વાદ પામ્યા અને તેજસ્વી તારલાઓને 'પ.પૂ. સોનાબા તથા સંતભગવંત સાહેબજી કેળવણી કૌશલ્ય પુરસ્કાર' એનાયત કરાયા. યુ.કે.થી ફોન દ્વારા સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના સુંદર આશીર્વાદ પ્રાપ્ત થયા. ભક્તિવંતા શંકરકાકા અને પરિવારે પધારેલ સૌને સ્મૃતિભેટ અર્પણ કરી. ભક્તિ અને સમાગમના પવિત્ર સમન્વયને માણી સૌ વિસર્જિત થયાં. ◆

**卐 દહેગામ :** ૧૧ ઑગસ્ટ ૨૦૨૪, રવિવારના રોજ 'સાયોમૃત' મંદિરે બિરાજમાન શ્રી ઠાકોરજીની દિવ્ય નિશ્રામાં શ્રાવણી સમૂહ મહાપૂજાનું આયોજન કરાયું. આ નિમિત્તે બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ પૂ. રવિદાસજી, પૂ. નીરવદાસજી અને પૂ. નિખિલદાસજીએ પધારી સૌ ભક્તોને સમાગમનો લાભ આપ્યો. સાધુ પૂ. નીરવદાસજીએ ખૂબ ભાવથી મહાપૂજા કરાવી. સ્થાનિક ભક્તોએ યજમાન સ્વરૂપે બિરાજી પ્રભુચરણે ગુરુસ્મૃતિ સાથે સંકલ્પ-પ્રાર્થનાઓ કરી. સાધુ પૂ. રવિદાસજી અને સાધુ પૂ. નિખિલદાસજીએ પ્રાસંગિક માહાત્મ્યગાન કરીને સત્સંગલાભ આપ્યો. ◆

**卐 મોટા દડવા :** શ્રાવણ સુદ દશમ, ૧૫ ઑગસ્ટ ૨૦૨૪ના મંગલદિને સંતભગવંત સાહેબજીના આશીર્વાદ સાથે મોટા દડવા ગામે અનુપમ અક્ષરમુક્ત ધીરુભાઈના ઘરે ખૂબ જ ભક્તિભાવે શ્રાવણી સમૂહ મહાપૂજા સંપન્ન થઈ, જેમાં મોટી સંખ્યામાં અક્ષરમુક્તોએ લાભ લીધો. આ પ્રસંગે માણાવદરથી સાધુ પૂ. અશોકદાસજી અને પૂ. જિજ્ઞેશદાસજી પધાર્યા. ફૂલઝર, પીપળિયા, જસદણ, માંડવા આદિ મંડળના ભક્તો પણ પધાર્યા. સાધુ પૂ. જિજ્ઞેશદાસજી અને ચેતનભાઈ નાદપરાએ અત્યંત ભક્તિભાવે મહાપૂજા કરાવી. યજમાનોએ શ્રદ્ધાપૂર્વક મહાપૂજા વિધિમાં જોડાઈ ભક્તિ અદા કરી. શ્રાવણી મહાપૂજા સંપન્ન થયા બાદ હિંમતભાઈ (જસદણ), ચેતનભાઈ અને સાધુ પૂ. અશોકદાસજીએ મહિમાગાન કરી સૌને દિવ્યતાના આનંદની અનુભૂતિ કરાવી. ◆

**卐 નાની વાવડી, મોરબી :** શ્રાવણ સુદ બારસ, ૧૭ ઑગસ્ટ ૨૦૨૪, શનિવારના મંગલદિને મોરબી નજીક નાની વાવડી ખાતે હરિમંદિરના હૉલમાં ખૂબ જ ભક્તિભાવે શ્રાવણી સમૂહ મહાપૂજા યોજાઈ. આ પ્રસંગે અમદાવાદથી સાધુ પૂ. ગૌતમદાસજી, બ્રહ્મજ્યોતિ-મોગરીથી સાધુ પૂ. દિનેશદાસજી અને માણાવદરથી સાધુ પૂ. અશોકદાસજી, પૂ. જિજ્ઞેશદાસજી પધાર્યા. સમૂહ મહાપૂજામાં ૯૦થી વધુ યુગલોએ યજમાનપદે બિરાજી લાભ લીધો. તેમજ નાની વાવડી, મોરબી અને અન્ય મંડળોના મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોએ સંતોની સન્નિધિ અને સમાગમને માણ્યાં. સાધુ પૂ. જિજ્ઞેશદાસજી અને ચેતનભાઈએ અત્યંત ભાવ સાથે મહાપૂજા કરાવી. સભાસંચાલન કરતાં શૈલેશભાઈ તેમજ મહેશભાઈએ માહાત્મ્યદર્શન પ્રવચન દ્વારા અંતરની ભાવનાઓ વ્યક્ત કરી. સાધુ પૂ. અશોકદાસજી અને પૂ. ગૌતમદાસજીએ આશીર્વાદ વરસાવ્યા. આ પ્રસંગે અમેરિકાથી સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ ફોન દ્વારા રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. સાંજે બાળસભામાં તેજસ્વી બાળકોને સાધુ પૂ અશોકદાસજીના વરદ હસ્તે 'પ.પૂ. સોનાબા અને સંતભગવંત સાહેબજી કેળવણી કૌશલ્ય પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યા. ◆

**卐 રાજકોટ :** ૧૫ ઑગસ્ટ ૨૦૨૪, શ્રાવણ સુદ દશમ, ગુરુવારના મંગલદિને સંતભગવંત સાહેબજીના આશીર્વાદ સાથે રાજકોટ નગરે પામ વૅલી ખાતે ખૂબ જ ભક્તિભાવે યોજાયેલ શ્રાવણી સમૂહ મહાપૂજામાં સૌ અક્ષરમુક્તોએ ભક્તિભાવે લાભ લીધો. આ પ્રસંગે માણાવદરથી સાધુ પૂ. અશોકદાસજી અને પૂ. જિજ્ઞેશદાસજી પધાર્યા. પૂ. જિજ્ઞેશદાસજી અને ચેતનભાઈ નાદપરાએ અત્યંત ભક્તિભાવે મહાપૂજા કરાવી. મહાપૂજા સંપન્ન થયા બાદ મુકુંદભાઈ, ગણેશભાઈ અને ચેતનભાઈએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં. સાધુ પૂ. અશોકદાસજીએ આશીર્વાદ પ્રદાન કર્યા. સૌ માટે આ પ્રસંગ જીવનનું સંભારણું બની ગયું અને સૌને દિવ્ય આનંદની અનુભૂતિ થઈ. ◆

**卐 શિણાય (કચ્છ) :** શ્રાવણ સુદ ચૌદશ, ૧૮ ઑગસ્ટ ૨૦૨૪, રવિવારના મંગલદિને સંતભગવંત સાહેબજીના આશીર્વાદ સાથે ઉપાસના ધામ, શિણાય ખાતે ખૂબ જ ભક્તિભાવે શ્રાવણી સમૂહ મહાપૂજા સંપન્ન થઈ. આ પવિત્ર અવસરે માણાવદરથી સાધુ પૂ. અશોકદાસજી અને પૂ. જિજ્ઞેશદાસજી તથા બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ

પૂ. નિખિલદાસજી પધાર્યા. ખૂબ મોટી સંખ્યામાં અક્ષરમુક્તોએ યજમાનપદે બિરાજીને લાભ લીધો. શિણાય, અંજાર, આદિપુર મંડળના ભક્તોની ઉપસ્થિતિમાં સાધુ પૂ. જિજ્ઞેશદાસજી અને ચેતનભાઈ નાદપરાએ અત્યંત ભાવપૂર્વક મહાપૂજા કરાવી. મહાપૂજા બાદ સભામાં વિરલભાઈ, કશ્યપભાઈ, ચેતનભાઈ, સાધુ પૂ. નિખિલદાસજીએ સત્સંગની દિવ્યતાનાં મહિમાગાન કર્યાં, સાધુ પૂ. અશોકદાસજીએ આશીર્વાદ આપ્યા. મહાપૂજામાં ઉપસ્થિત રહેનાર સૌને અલૌકિક આનંદ અને શાંતિની અનુભૂતિ થઈ. ◆

**卐 ગુરુસભા :** ૨૯ ઑગસ્ટ ૨૦૨૪, ગુરુવારના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે યુવાનોની અઠવાડિક સભામાં શ્રાવણી સમૂહ મહાપૂજા, સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના ૮૩મા અને વડીલ સાધુ પૂ. દિલીપદાસજીના ૭૫મા પ્રાગટ્યદિનની ઉજવણીનો ત્રિવેણી ઉત્સવ ઉજવાયો. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા અને પૂ. હર્ષદદાદાના દિવ્ય સાંનિધ્યે ૧૦૦ યુવાનોએ યજમાનપદે બિરાજી શ્રદ્ધા સાથે મહાપૂજા-ભક્તિ અદા કરી. સાધુ પૂ. સરજુદાસ અને સાધુ પૂ. તુષારદાસે અત્યંત ભાવવાહી ઢબે મહાપૂજા વિધિ કરાવી. અમેરિકાથી ફોન દ્વારા સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજીએ આશીર્વાદમાં અનુપમ મિશનની સેવામાં દેશ-પરદેશમાં સક્રિયપણે પ્રવૃત્ત સૌ યુવાનોની સેવાને બિરદાવી, સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા અને સાધુ પૂ. દિલીપદાસજીના મહિમાને દૃઢ કરાવ્યો અને યુવાનોને આશીર્વાદ પ્રદાન કર્યા. આ પ્રસંગે મોગરી, વલ્લભવિદ્યાનગર અને આણંદ મંડળના ભક્તોએ ઉપસ્થિત રહી, જે-તે મંડળના પ્રતિનિધિઓએ પૂજન-પુષ્પહાર અર્પણ કરી સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા અને સાધુ પૂ. દિલીપદાસજીને પ્રાગટ્યદિનની ભાવવંદના ધરી. અંતે સાધુ પૂ. દિલીપદાસજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવ્યા. સૌ યુવાનોએ પોતાની કમાણી અને બચતમાંથી એકત્ર કરેલ સેવારાશિ મહાપૂજાની દક્ષિણાસ્વરૂપે પ્રભુચરણે અર્પણ કરી વિશિષ્ટ ભક્તિ અદા કરી. ◆

**卐 ઉપાસના ધામ, વેમાર :** રવિવાર, ૧૮ ઑગસ્ટ ૨૦૨૪ના રોજ ઉપાસના ધામ, વેમાર ખાતે કાનમ અને વડોદરા પ્રદેશના ભક્તોની શ્રાવણી સમૂહ મહાપૂજા, માસિક કીર્તન આરાધના અને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના પ્રાગટ્યદિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે બ્રહ્મજ્યોતિ-મોગરીથી સાધુ પૂ. સતીશદાસજી, પૂ. અશ્વિનદાસજી, પૂ. ગોરધનદાસજી, પૂ. નરેન્દ્રદાસજી, પૂ. સુરેશદાસજી અને પૂ. મણિદાસજી પધાર્યા અને પૂ. શંકરકાકા, પૂ. ચંદ્રકાન્તભાઈ આદિ વડીલો પણ ઉપસ્થિત રહ્યા. વેમારની દીકરીઓ રીમા, વેદાંગી અને શૈલીએ ખૂબ જ સુંદર ભાવ અને સમજણ સાથે મહાપૂજા કરાવી. આ પાવન પ્રસંગે આશિષભાઈ, ચંદ્રકાંતભાઈએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં. સાધુ પૂ. મણિદાસજી, પૂ. સતીશદાસજીએ આશીર્વાદ પ્રદાન કર્યા. આમ, કાનમ અને વડોદરા પ્રદેશના સૌ મુક્તોએ ભેગા મળી ત્રિવેણી પર્વનો આનંદ માણ્યો. સમગ્ર ઉત્સવનું સભાસંચાલન ઉમેશભાઈએ કર્યું. ◆

**卐 ઉપાસના ધામ, અમદાવાદ :** ૧ સપ્ટેમ્બર, રવિવારના રોજ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે ૩૧ ઋષિકન્યાઓ દ્વારા શ્રાવણ માસની સમૂહ મહાપૂજાવિધિ કરાવવામાં આવી. ૫૪ યુગલોએ યજમાન તરીકે મહાપૂજાનો લાભ લીધો. આ પ્રસંગે સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. મણિદાસજી, પૂ. પ્રિયકાન્તદાસજી અને નરસિંહદાદા, ધનજીમામા, ડૉ. પાર્થિવભાઈ મહેતા, રશ્મિનભાઈ આદિ વડીલોની ઉપસ્થિતિ પ્રેરક રહી. શ્રુતિબહેન પાઠકે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. સાધુ પૂ. સતીશદાસજી ૪ સપ્ટેમ્બરે ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડની ધર્મયાત્રાએ પધારી રહ્યા હોઈ તેઓને ભાવભરી વિદાય આપવામાં આવી. આશીર્વાદ પ્રવચન કરતાં સાધુ પૂ. સતીશદાસજી અને પૂ. ગૌતમદાસજીએ સૌની સેવાને બિરદાવી. સભા બાદ સત્સંગી પરિવારોનાં તેજસ્વી બાળકોને 'પ.પૂ. સોનાબા અને સંતભગવંત સાહેબજી કેળવણી પુરસ્કાર' અર્પણ કરવામાં આવ્યા. સમગ્ર ઉત્સવનું સભાસંચાલન ચેતનભાઈ વ્યાસે કર્યું. ◆

**卐 ચરોતર પ્રદેશ :** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે ૧ સપ્ટેમ્બર ૨૦૨૪-બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજી મહારાજના પ્રાગટ્યદિનના રોજ ચરોતર પ્રદેશનાં આણંદ, વલ્લભવિદ્યાનગર, મોગરી, કરમસદ, ખંભાત, નડિયાદ આદિ મંડળોના ભક્તોએ શ્રાવણી સમૂહ મહાપૂજા અને 'પ.પૂ.



પૂ. રતિકાકા અને પૂ. હર્ષદદાદાનાં સાંનિધ્યે ચરોતર પ્રદેશના ભક્તોની સમૂહ મહાપૂજા

સોનાબા અને સંતભગવંત સાહેબજી કેળવણી પુરસ્કાર' અર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા, પૂ. હર્ષદદાદા અને સાધુ પૂ. દિલીપદાસજીની સન્નિધિમાં આ ઉત્સવ ઉજવાયો. ચરોતર પ્રદેશના મોટી સંખ્યામાં અક્ષરમુક્તોએ મહાપૂજામાં યજમાનપદે બિરાજી ભક્તિ અદા કરી. સાધુ પૂ. સરજુદાસ અને પૂ. તુષારદાસે આચાર્ય સ્વરૂપે અત્યંત ભાવથી મહાપૂજા કરાવી. મહાપૂજા બાદ સત્સંગ પ્રદેશના વડીલ ભક્તો-સંતોના વરદ હસ્તે ચરોતર પ્રદેશના તેજસ્વી તારલાઓને 'પ.પૂ. સોનાબા અને સંતભગવંત સાહેબજી કેળવણી પુરસ્કાર' અર્પણ કરવામાં આવ્યા. અંતે સાધુ પૂ. દિલીપદાસજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી સૌને ધન્ય કર્યાં. ◆

## ઉપાસના ધામ, અમદાવાદ ખાતે વડીલવંદના કાર્યક્રમ

સંતભગવંત સાહેબજી હંમેશાં તેઓના આશીર્વાદમાં જણાવે છે કે, 'આપણા જીવનમાં માતા-પિતા અને ગુરુજનોના અનંત ઉપકાર છે. તેઓનું ઋણ કદી ચૂકવી શકાય તેમ નથી. આપણે આજે જે સુખ ભોગવી રહ્યાં છીએ તે આપણાં માતા-પિતા અને આપણા ગુરુનાં અનંત ત્યાગ, પ્રાર્થના અને આશીર્વાદને પરિણામે છે.' આ ભાવનાને કેન્દ્રસ્થાને રાખી સંતભગવંત સાહેબજીની જ પ્રેરણાથી અમદાવાદ ખાતે વડીલ માવતર અ.નિ. એન. આર.દાદાના જન્મદિનને નિમિત્ત બનાવી સત્સંગના વડીલો પ્રત્યે ઋણ અદા કરવા અને પૂજ્યભાવ વ્યક્ત કરવા તેઓનાં પૂજન કરી, આશીર્વાદ પ્રાપ્ત કરવાના ભાવ સાથે વડીલવંદના કાર્યક્રમનું આયોજન કરાયું. આ વર્ષે વડીલવંદના કાર્યક્રમ બે તબક્કામાં ઊજવવામાં આવ્યો.

પ્રથમ ૧૦ ઑગસ્ટ ૨૦૨૪, શનિવારના રોજ સવારે સૌએ પોતાના ઘરે માતા-પિતા, વડીલ ભાઈ-ભાભી, બહેન આદિ સર્વે વડીલોને સોફા કે ખુરશી પર બેસાડી તેમનાં ચરણોનું ચંદનથી પૂજન કરી, નીચે બેસી તેમના ચરણોમાં વંદન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. સાંજે ઉપાસના ધામ ખાતે મંદિરમાં અઠવાડિક સત્સંગસભામાં અ.નિ. એન. આર.દાદા-ઈલાબા અને અમદાવાદ મંડળનાં વડીલોનાં મહિમાગાન કરી વંદના ધરી.

બીજા તબક્કામાં ૧૭ ઑગસ્ટ ૨૦૨૪, શનિવારના રોજ તમામ વડીલોને એક વિશિષ્ટ સ્મૃતિભેટ અર્પણ કરી તેઓનાં સન્માન કરવામાં આવ્યાં. સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. મણિદાસજી, પૂ. હર્ષદદાસજી, પૂ. પ્રિયકાન્તદાસજી, પૂ. ચંદ્રેશદાસજી અને અનેક આબાલવૃદ્ધ ભક્તોનાં સાંનિધ્યમાં વડીલ વંદના કાર્યક્રમ અત્યંત આદરભાવે ઉજવાયો. ◆

## સ્વતંત્રતા પર્વની ઉજવણી

**પ્રજ્ઞાનતીર્થ, મોગરી :** અનુપમ મિશન સંચાલિત 'યોગી વિદ્યાપીઠ'ની વિવિધ વિદ્યાશાખાઓ 'આનંદ બાલવાડી', 'મિત્ર પુનર્વસન કેન્દ્ર', 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય', 'ઇન્ફર્મેશન ટૅકનોલૉજી સૅન્ટર', 'અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ' અને 'સહજાનંદ કલાસાધના તીર્થ' દ્વારા પ્રજ્ઞાનતીર્થ - સર્વાંગી શિક્ષણ સંસ્થાન ખાતે ભારતનો આઝાદી દિવસ ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો.

સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા અને પૂ. હર્ષદદાદાની નિશ્રામાં અનુપમ મિશનના સંતો, સુવર્ણાબહેન, ભદ્રેશભાઈની ઉપસ્થિતિમાં અતિથિવિશેષ ગરિમા હૉસ્પિટલ-આણંદનાં સ્ત્રીરોગ વિશેષજ્ઞ ડૉ. રમાબહેન શ્રીવાસ્તવ દ્વારા તિરંગાને ગગનમાં ફરકાવવામાં આવ્યો ત્યારે સૌએ રાષ્ટ્રગીતનાં ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી. ડૉ. રમાબહેને ઉપસ્થિત સૌને અભિનંદન-શુભકામનાઓ પાઠવી પ્રેરક પ્રવચન કર્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ પ્રાસંગિક આશીર્વાદ પ્રદાન કર્યા અને દેશને



ઉપાસના ધામ, અમદાવાદ મંદિરમાં 'વડીલ વંદના' કાર્યક્રમ



પ્રજ્ઞાનતીર્થ, મોગરીમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી

આગળ લઈ જવા ગૌરવ થાય તેવાં કાર્યો કરી, સદાચાર, શિસ્ત, સ્વચ્છતા અપનાવી જીવન ઉજ્જ્વળ કરવા માર્ગદર્શન આપ્યાં. ધોરણ-૮ના વિદ્યાર્થી ભવ્ય રાવલે રાષ્ટ્રભક્તિથી સભર પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય'ના સૂરવૃંદ દ્વારા 'અપની ધરતી અપના અંબર...' સુંદર રાષ્ટ્રગૌરવ ગીતગાન પ્રસ્તુત કરવામાં આવ્યું.

આ ખાસ અવસર પર 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય'ના ધોરણ ૭-૮ના વિદ્યાર્થીઓએ પ્રસ્તુત કરેલ 'હે તિરંગા શાન અપની...'ની અનન્ય નૃત્યપ્રસ્તુતિ અને 'મિત્ર શાળા'નાં દિવ્યાંગ ભૂલકાંઓની અદ્‌ભુત રજૂઆત 'ઈટ હૅપન્સ ઑન્લી ઈન ઈન્ડિયા...' નૃત્યસંયોજન નિહાળી સૌ અભિભૂત થયાં. ધોરણ-૭નાં જાનવી પ્રજાપતિ તેમજ હર્ષવર્ધન ચૌહાણે સુંદર સભાસંચાલન કર્યું. ડૉ. રમાબહેનને સ્મૃતિચિહ્ન અર્પણ કરી અભિવાદન કરાયું. શ્રીમતી પ્રતિભાબહેન પુરાણિકે કાર્યક્રમની સફળતામાં સહભાગી સૌ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. ◆

**નડિયાદ :** અનુપમ મિશન સંલગ્ન તથા યોગી વિદ્યાપીઠ પ્રેરિત, નડીઆદ વિદ્યોત્તેજક મંડળ સંચાલિત શારદા મંદિર : અનિતાબેન દેવાંગભાઈ પટેલ (ઈપ્કોવાળા) ડે સ્કૂલ, નડીઆદ ખાતે ભારતના ૭૮મા સ્વાતંત્ર્યદિનની ભવ્ય ઉજવણી ૧૫ ઑગસ્ટના રોજ મુખ્ય અતિથિ ડૉ. નિયતિ કે. સોલંકી (ભૂતપૂર્વ વિદ્યાર્થિની, શારદા મંદિર) તથા સમારંભપ્રમુખ સાધુ પૂ. સુનીલદાસજીની ઉપસ્થિતિમાં કરવામાં આવી. કાર્યક્રમનો શુભારંભ ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓએ પ્રાસંગિક નૃત્ય સંયોજન 'મૈં નયે ભારત કા ચહેરા હૂં...' દ્વારા કરાયો. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓએ પિરામિડની અદ્‌ભુત પ્રસ્તુતિ દ્વારા સૌને રોમાંચિત કર્યાં.

ડૉ. નિયતિબહેનના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું અને ત્યારબાદ રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું. આ પ્રસંગે શાળામાં જુદી જુદી સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા. ડૉ. નિયતિબહેને પ્રાસંગિક પ્રવચનમાં સદાય સકારાત્મક, પ્રવૃત્તિમય રહી દેશની પ્રગતિમાં સાથ આપવા જણાવ્યું. ત્યારબાદ શાળાની વિદ્યાર્થિનીઓ શાહ તૃષ્ટિ ભાવિનકુમાર (ધોરણ-૮) તથા જાદવ એન્જલ અશોકકુમાર (ધોરણ-૯) દ્વારા દેશદાઝભર્યું વક્તવ્ય આપવામાં આવ્યું. ધોરણ ૫થી ૭ના વિદ્યાર્થીઓ દ્વારા 'બોલો... જય જય ભારતી...'નું સુંદર સમૂહગાન પ્રસ્તુત કરવામાં આવ્યું.

ઉપસ્થિત મહેમાનશ્રીને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી. સાધુ પૂ. સુનીલદાસજીએ દેશની પ્રગતિમાં ઉમદા કાર્ય કરવા માટે પ્રેરણા આપી. રાષ્ટ્રગીતનાં ગાન બાદ કાર્યક્રમનું વિસર્જન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કંસારા વંશ હેમંતભાઈ (ધોરણ-૯) તથા જોષી ભવ્યા મયૂરભાઈ (ધોરણ-૯)એ કર્યું. ◆

**ધારી :** ભારતના સ્વતંત્રતાદિનની ઉજવણીના ભાગ રૂપે ૧૪ ઑગસ્ટના રોજ યોગીજી મહારાજ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, ધારીના જનપ્રતિનિધિઓ, આચાર્યો તેમજ વહીવટી તંત્રના સૌ અધિકારીશ્રીઓ દ્વારા ભવ્ય તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. આ યાત્રા ધારીના મોટા બસ સ્ટેન્ડથી લાઈબ્રેરી સુધી યોજાઈ. યાત્રા દરમિયાન ડૉ. આંબેડકરજીની પ્રતિમા પર ફૂલહાર અર્પણ કરી વંદના ધરવામાં આવી. આ રેલીમાં લોકજાગૃતિ માટે અનેક નારા બોલાવવામાં આવ્યા. આ રેલીનું આયોજન ધારી માટે પ્રેરણારૂપ ઉદાહરણ બની રહ્યું.

૧૫ ઑગસ્ટ ૨૦૨૪ના રોજ સવારે યોગીજી મહારાજ મહાવિદ્યાલયના પ્રાંગણમાં ધ્વજવંદન કરવામાં આવ્યું. યોગીજી મહારાજ મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. આર. કે. દવેએ ધ્વજને મુક્ત ગગનમાં ફરકાવી સલામી આપી. આ કાર્યક્રમમાં સમગ્ર સ્ટાફ અને



શારદા મંદિર, નડિયાદમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી



યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારીમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી

વિદ્યાર્થિનીઓ હાજર રહ્યાં. ધ્વજવંદન બાદ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં દેશભક્તિ ગીત પર વિદ્યાર્થિનીઓ દ્વારા નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું. દેશભાવનાના ધબકાર અને ઉત્સવ આનંદનાં સ્પંદનો સાથે સૌ વિસર્જિત થયાં. ◆

**શિણાય :** ૧૫ ઑગસ્ટ ૨૦૨૪, ગુરુવારના રોજ ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણીના પ્રસંગે ધ્વજવંદન સમારોહ અને દેશભક્તિસભર કાર્યક્રમ શ્રી નીલકંઠવર્ણી વિદ્યાલયના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા યોજાયો. શાળાની વિદ્યાર્થિનીઓ ખુશી પ્રજાપતિ (ધોરણ-૯) અને ભૂમિ વાઘમશી (ધોરણ-૧૦) દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું અને સાથે જ 'વંદે માતરમ્...' અને 'જન ગણ મન...' રાષ્ટ્રગીતનાં ગાન કરાયાં. ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ 'આઓ બચ્ચોં તુમ્હેં દિખાયેં ઝાંખી હિન્દુસ્તાન કી...' ગીત રજૂ કર્યું. તે પછી ધોરણ-૭ અને ૮ની વિદ્યાર્થિનીઓએ 'સારે જહાં સે અચ્છા...' ગીતનું ગાન કર્યું. ધોરણ-૧૦ની વિદ્યાર્થિનીઓએ 'એ મેરે વતન કે લોગોં...' તથા શાળાના ગુજરાતી શિક્ષક વિરલભાઈએ 'ધરતી સુનહરી અંબર નીલા...' ગીતનું અદ્ભુત રીતે ગાન કર્યું. ધોરણ-૪ની વિદ્યાર્થિની ભૂમિ વાઘમશીએ અંગ્રેજીમાં દેશભક્તિસભર વક્તવ્ય આપ્યું. ધોરણ-૭ના વિદ્યાર્થીઓએ વાદ્ય પર રાષ્ટ્રગીત વગાડ્યું. શાળાનાં આચાર્યા અમીબહેને દેશભક્તિ અંગે ઉદ્બોધન કરી સૌને પ્રેરણા પૂરી પાડી. ◆

**ઉપાસના ધામ, અમદાવાદ :** ભારત દેશના ૭૮મા સ્વાતંત્ર્યદિનને ઉપાસના ધામ, અમદાવાદ ખાતે ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો. આ પ્રસંગે સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. હર્ષદદાસજી, પૂ. પ્રિયકાન્તદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. મણિદાસજી, પૂ. ચંદ્રેશદાસજીની દિવ્ય સંનિધિ પ્રાપ્ત થઈ. સ્વતંત્રતા પર્વ નિમિત્તે યુવાનો દ્વારા દેશભક્તિની થીમ આધારિત વિશિષ્ટ ડેકોરેશન કરવામાં આવ્યું. ધ્વજવંદન કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સ્ટેન્ડિંગ કમિટીના ચૅરમૅન શ્રી દેવાંગભાઈ દાણી તેમજ સામાજિક કાર્યકર ડૉ. રામભાઈ પધાર્યા. દુષ્યંતભાઈ બ્રહ્મભટ્ટે પૂજન તથા નંદલાલભાઈએ પુષ્પથી સંતો અને મહાનુભાવોનાં સ્વાગત કર્યાં. ડૉ. પાર્થિવભાઈ મહેતા અને શ્રી દેવાંગભાઈ દાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કરી સૌમાં દેશભક્તિની ભાવના ઉજાગર કરી. ધ્વજવંદન વિધિનું સંચાલન યુવા સ્વયંસેવક એન.સી.સી. કૅડેટ અભિલાષ સથવારાએ કર્યું. સભાસંચાલન ચેતનભાઈ વ્યાસે સંભાળ્યું. સંતો અને નરસિંહદાદા ઉપરાંત અનેક વડીલો અને યુવાન ભાઈઓ-બહેનો, બાળકો સહિત મોટી સંખ્યામાં પધારેલ મુક્તો ધ્વજવંદન કાર્યક્રમમાં સહભાગી થયાં. ◆

## બ્રહ્મજ્યોતિ, મોગરીમાં રક્ષાબંધન પર્વ

પવિત્ર ચાતુર્માસમાં આવતા અનેકવિધ તહેવારો પૈકી ભાઈ-બહેનના દિવ્ય સંબંધ અને પ્રેમ-સુરક્ષાનું પર્વ-રક્ષાબંધનનું પર્વ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે ૧૯ ઑગસ્ટ ૨૦૨૪, સોમવારે '*પારમિતા*' સભાગૃહમાં ઉજવાયું. સદ્ગુરુ સંતો પૂ. રતિદાદા અને પૂ. હર્ષદદાદાનાં સાંનિધ્યે સૌ સંતો-ભક્તોની હાજરીમાં રક્ષારૂપી રાખડી લઈને શ્રી ગુણાતીત જ્યોતનાં સંત બહેનો પૂ. ડૉ. વીણાબહેન-ડૉ. ભાવનાબહેન અને સંતમંડળ પધાર્યાં. દીપ્તિબહેન અને સીમાબહેન દ્વારા તેમનાં પૂજન-પુષ્પાર્પણ દ્વારા અભિવાદન થયાં. મધુબા અને ઉમીફોઈએ બ્રહ્મજ્યોતિનાં સર્વે બહેનો વતી સંતોને રાખડી અર્પણ કરી. શ્રી ગુણાતીત જ્યોતમાંથી પધારેલ બંને સંત બહેનોએ પ્રાસંગિક પ્રવચન કર્યાં અને આભાર વ્યક્ત કર્યો. અક્ષરજ્યોતિ, દિલ્હીથી પૂ. આનંદીદીદી



નીલકંઠવર્ણી વિદ્યાલય, શિણાયમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી



ઉપાસના ધામ, અમદાવાદમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી

અને સંત બહેનો, પવઈ મંદિર અને હરિધામ-સોખડાથી સંત બહેનોએ ખાસ રાખડી અને પ્રાર્થનાપત્ર મોકલાવ્યાં હતાં, તેનાં વાંચન થયાં તથા સંતોએ સૌના ભાવ સ્વીકાર્યા. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિદાદાએ આશીર્વાદ પાઠવતાં કહ્યું કે, 'આવાં પર્વો ગુણાતીત સમાજના સંતો-ભક્તોમાં એકતા પ્રગટાવી પોષક બને છે.' આ ભાવ સાથે સૌ ભેગાં મળી ભગવાનનું કામ કરતાં રહીએ તેવી પ્રાર્થનાઓ ધરી. સૌ રાખડી રૂપે રક્ષા બંધાવી વિસર્જિત થયાં. ◆



તપોભૂમ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સદ્‌ગુરુ સંતોનાં સાંનિધ્યે રક્ષાબંધન પર્વ

## શ્રાવણ માસ નિમિત્તે પારાયણ ભક્તિ


*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે પવિત્ર શ્રાવણ માસમાં યુવાન સંતો દ્વારા અદ્‌ભુત પારાયણ ભક્તિ અદા થઈ. સંતોએ દરરોજ સૌને સત્સંગનો અદ્‌ભુત સમાસ કરાવ્યો. સાધુ પૂ. રવિદાસજીએ 'સત્સંગી જીવન' ગ્રંથનાં નિરૂપણ કર્યાં. સાધુ પૂ. હાર્દિકદાસજીએ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની માહાત્મ્યગાથા પ્રસ્તુત કરી. સાધુ પૂ. ગૌરવદાસજીએ માયાને પ્રભુબળે પરાભવ કરવાની વાતો કરી. સાધુ પૂ. સરજુદાસજીએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોને સ્પષ્ટ કર્યા. સાધુ પૂ. હરમિતદાસજીએ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, બ્ર.સ્વ. ભગતજી મહારાજ, બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજ, બ્ર.સ્વ. યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીનાં દિવ્ય જીવન, કાર્યો અને વેઠેલાં ભીડા-ભક્તિને વર્ણવી તેમજ સાધુ પૂ. જયદાસજીએ સાહેબજીના દૈનિક જીવન પ્રસંગોને વ્યક્ત કરી મહિમા ગાયો. સંતોના શ્રીમુખે સરેલ કથામૃતનાં પાન કરી સૌ સ્થાનિક સંતો - અક્ષરમુક્તોએ શ્રાવણભક્તિનો અલૌકિક આનંદ માણ્યો. ◆

*** માણાવદર :** ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણકમળથી પાવન થયેલી અને બ્રહ્મસ્વરૂપ પ.પૂ. યોગીજી મહારાજની પ્રસાદીભૂત શ્રી અક્ષર દેરી માણાવદર ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ૨૪થી ૨૬ ઑગસ્ટ ૨૦૨૪ શતાનંદ મુનિકૃત 'શ્રી સત્સંગી જીવન' ગ્રંથનું પારાયણ બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ પૂ. રવિદાસજી દ્વારા કરવામાં આવ્યું. તેઓએ ખૂબ અદ્‌ભુત કથા કરી. શ્રી ઘનશ્યામ મહારાજના પ્રાગટ્ય પૂર્વની કથાથી શરૂ કરીને શ્રીજી મહારાજ માણાવદર પધાર્યા ત્યાં સુધીના અદ્‌ભુત પ્રસંગો દૃષ્ટાંતો સાથે સમજાવ્યા. કથા બાદ જન્માષ્ટમીના દિવસે બપોર પછી 'સમૂહ મહાપૂજા'નું આયોજન કરવામાં આવ્યું. અને રાત્રે શ્રી કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ભજનસંધ્યા અને સમૂહ મહાઆરતી કરી. આ પ્રસંગે માણાવદરના સંતોએ સુંદર માહાત્મ્યગાન કર્યાં. સંતોનાં સાંનિધ્યે સૌ ભક્તોએ ભક્તિનો અપાર આનંદ માણ્યો. ◆

## સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના ૮૩મા પ્રાગટ્યદિન ઉજવણી

**બ્રહ્મજ્યોતિ, મોગરી :** સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના પ્રાગટ્યદિનની ઉજવણી ૨૭ ઑગસ્ટ ૨૦૨૪ના રોજ તપોભૂમિ





તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના ૮૩મા પ્રાગટ્યદિનની ભક્તિસંપન્ન ઉજવણી

બ્રહ્મજ્યોતિ પર સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા અને પૂ. હર્ષદદાદાનાં દિવ્ય સાંનિધ્યમાં કરવામાં આવી. આ પ્રસંગે મોગરી, વલ્લભવિદ્યાનગર, આણંદ મંડળના મોટી સંખ્યામાં અક્ષરમુક્તો અને સ્થાનિક સંતો માહાત્મ્યમાં તરબોળ થયા. સભાસંચાલન કરતા સાધુ પૂ. સરજુદાસજીએ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના દિવ્ય જીવન અને ગુણાતીતભાવનાં સુંદર દર્શન કરાવ્યાં. ઈંગ્લૅન્ડની ધર્મયાત્રા સંપન્ન કરીને ભારત પરત પધારેલા અમિતભાઈ ઠક્કર અને દીપ્તિબહેન દેસાઈએ આ પ્રસંગે અદ્‌ભુત મહિમાગાન કર્યાં. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યાં. ◆

**અમદાવાદ** : ૩૧ ઑગસ્ટ, શનિવારના રોજ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાનો ૮૩મો પ્રાગટ્યદિન ઉજવાયો. પૂજન અને પુષ્પહાર રૂપી ભાવવંદન ધર્યા બાદ એશ્વિબહેન, પ્રજ્ઞેશભાઈ, અસ્મિતાબહેન, દ્યુતિબહેન અને ચુનીદાદાએ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના મહિમાનાં હૃદયસ્પર્શી ગાન કર્યાં. અંતે સાધુ પૂ. સતીશદાસજીએ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના જીવનપ્રસંગો વર્ણવી તે દ્વારા પ્રશસ્ત આધ્યાત્મિકભાવને સમજાવી ખૂબ સુંદર આશીર્વાદ આપ્યા. ભેગાં મળીને સૌએ અંતરની ભક્તિ સાથે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાને ભાવવંદના ધરી. તેઓની દિવ્ય સ્મૃતિમાં ગરકાવ બની સૌએ ધન્યતાની અનુભૂતિ કરી. ◆

**ઈંગ્લૅન્ડ** : ઈંગ્લૅન્ડની અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ સ્થિત મંદિરજીમાં સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના પ્રાગટ્યદિનની ભક્તિભાવે ઉજવણી ૨૭ ઑગસ્ટ ૨૦૨૪ના રોજ કરવામાં આવી. આ પ્રસંગે સાધુ પૂ. હિંમતદાસજી સહિત સંતોએ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના જીવનની ખૂબ સુંદર વાતો કરીને સૌને મહિમામાં ગરકાવ કર્યાં. આ ઉપરાંત, ઘણાં યુવાનો અને યુવતીઓએ તેઓનાં જીવનમાં સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાએ વાવેલાં સત્સંગનાં બીજ અને તે થકી આવેલાં હકારાત્મક જીવન-પરિવર્તનની અને જીવનઘડતરની સુંદર વાતો કરી ભક્તિવંદના ધરી. આ પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ પધારીને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા પ્રતિના પ્રેમભાવનું દર્શન કરાવ્યું. આ સભામાં હૃદયના ભાવથી સરેલી પુનિત માહાત્મ્યગાથાને પરિણામે પ્રગટેલી સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની સાધુતાના પરમ સંસ્પર્શની ધન્યતા સૌએ માણી. ◆



ઈંગ્લૅન્ડમાં સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના પ્રાગટ્યદિને ભાવવંદના

## જન્માષ્ટમી પર્વ

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાના સાંનિધ્યે ભગવાન શ્રી કૃષ્ણની પ્રાગટ્ય અષ્ટમી-જન્માષ્ટમીનું પર્વ ભક્તભાવે ઉજવાયું. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી કાર્યરત સહજાનંદ કલાસાધના તીર્થના નિયામક સાધુ પૂ. તુષારદાસજી તથા તેમાં પ્રશિક્ષણ મેળવતા કલાસાધકો દ્વારા અદ્‌ભુત કીર્તનભક્તિ પ્રસ્તુત થઈ. વળી ઈંગ્લૅન્ડની ધર્મયાત્રા સંપન્ન કરી પરત પધારેલા વડીલ સાધુ પૂ. દિલીપદાસજીનું સ્વાગત કરાયું. આ પ્રસંગે પૂ. દિલીપદાસજીએ યાત્રાનુભૂતિ તથા પ્રાસંગિક આશીર્દાન આપી સૌને કૃતાર્થ કર્યાં. આણંદ, વલ્લભવિદ્યાનગર, મોગરી મંડળના મોટી સંખ્યામાં અક્ષરમુક્તોએ ઉત્સવલાભ લીધો. ◆

## સંતોની દક્ષિણ ભારતની સત્સંગ વિચરણ યાત્રા

સાધુ પૂ. પીટરદાસજી, પૂ. પંકજદાસજી અને પૂ. હરેશદાસજી દક્ષિણ ભારતનાં ચેન્નઈ, સેલમ, કોઈમ્બતુર, કાલીકટ, બૅન્ગ્લોર, વિજયવાડા, હૈદરાબાદ આદિ નગરોની ૨૫ દિવસની શ્રાવણી વિચરણ યાત્રામાં પધાર્યા અને ભક્તોને સત્સંગ-સમાગમનો લાભ આપ્યો.

૧૦ ઑગસ્ટના રોજ સવારે સંતોએ ચેન્નઈ પહોંચી પાંચ દિવસનાં રોકાણ દરમિયાન મયૂરભાઈ-પૂજાબહેન, ઝવેરીભાઈ-રક્ષિતાબહેન, પ્રોમિસભાઈ-નીતાબહેન, દીપકભાઈ-માલતીબહેન, મનીષભાઈ-નિવૃત્તિબહેન, કલ્પેશભાઈ-રુચિબહેનના ઘરે અત્યંત ભક્તિભાવે મહાપૂજાઓ થઈ, જેમાં સ્થાનિક મંડળના અનેક ભક્તો પણ જોડાયા. સાધુ પૂ. પંકજદાસજી મહાપૂજા કરાવે, પૂ. હરેશદાસજી કીર્તન-ભક્તિનો આનંદ અપાવે અને પૂ. પીટરદાસજી મહિમાગાન કરી સૌને આશીર્વાદ અર્પણ કરે. સાધુ પૂ. પંકજદાસજી અને પૂ. હરેશદાસજી

મહાપૂજાનાં દરેક પગથિયાં ઉપર અટકીને મહાપૂજાવિધિની ભાવના અને તેમાં રહેલા વિજ્ઞાનની વાત કરે તેથી સૌ ભક્તોને મહાપૂજામાં અને ત્યારબાદ થતી કથાવાર્તામાં ખૂબ આનંદ આવતો.

પુરુષોત્તમભાઈ સોની-પ્રિયાબહેનના ઘરે તેમજ લલિતભાઈ-સરોજબહેનના ઘરે ચેન્નઈ મંડળના અક્ષરમુક્તોની ખૂબ સરસ સભા થઈ. સંતોએ ભરતભાઈ પરીખના ઘરે પધરામણી કરી. ત્યારબાદ સ્થાનિક ભક્તો સાથે વેલુર ગૉલ્ડન ટૅમ્પલમાં દર્શનાર્થે પધાર્યા. મનસુખભાઈના ઘરે અંબાજી મંદિરમાં ચઢાવવાની ધજાનાં સ્વાગત થયાં તેમજ કીર્તન-ભક્તિ અર્પણ થઈ. વિદાય-મિલન સભામાં યુવાનોએ સત્સંગ-અનુભૂતિની અદ્ભુત વાતો કરી. વિશેષ, ઘણા મુક્તોએ નિયમિત નિત્યપૂજા કરવાના સંકલ્પ સાથે પૂજાનો સ્વીકાર કર્યો. આમ, સંતોની ચેન્નઈની યાત્રા અદ્ભુત ભક્તિસભર બની. સૌને સત્સંગનો ખૂબ લાભ મળ્યો.

સંતો ચેન્નઈથી સેલમ પધાર્યા. છેલ્લાં ઘણાં વર્ષોથી સેલમમાં આવેલ જલારામ મંદિરમાં સમૂહ મહાપૂજાનાં આયોજન થાય છે. અ.નિ. સદ્ગુરુ સાધુ પૂ. પૂનમદાદા અને સાધુ પૂ. કૌશિકદાસજીએ સેલમમાં તેઓના વાત્સલ્યસભર પ્રેમથી એક અદ્ભુત સત્સંગમંડળની રચના કરી હતી. તેમાં પાયાની ઈંટ સમાન રણછોડભાઈનો ફાળો મહત્તમ રહ્યો છે. તેવી જ રીતે રાકેશભાઈ પટેલ પણ હોનહાર ને સાહસિક યુવક છે. તેઓના સંપર્કમાં જે કોઈ આવે તેઓને મદદરૂપ થવાની ભાવના રાખે છે. નાની ઉંમરે ગુજરાતી સમાજના પ્રમુખપદે ચુંટાયા છે. આ વખતે સંતો જ્યારે સેલમ પધાર્યા ત્યારે રાકેશભાઈએ તમામ યુવા અક્ષરમુક્તોના ઘરે સંતોની પધરામણી કરાવી સત્સંગનો યોગ કરાવ્યો. જલારામ મંદિરમાં સમૂહ મહાપૂજા ખૂબ સરસ રીતે સંપન્ન થઈ. તેમાં ૮૦થી વધુ મુક્તોએ લાભ લીધો. રાકેશભાઈના ઘરે યોજેલ સત્સંગસભામાં સંતોએ સુંદર લાભ આપ્યો. સેલમમાં નિવાસ કરતાં મૂકેશભાઈ-દક્ષાબહેનના ઘરે, મૂકેશભાઈની આર્કિટેક્ટ ફર્મમાં પધરામણી કરી પ્રાર્થનાઓ કરી. ભગવાનનું કામ હોય એટલે આગળ આગળ પ્રભુ હોય અને પાછળ આપણે નિશ્ચિંતતાપૂર્વક ડગ ભરવાનાં રહે તેવો અનુભવ સંતોને થયો. અને સંતો સાથે સમય ઓછો પડ્યો એવું સેલમના ભક્તોએ અનુભવ્યું.

સેલમથી સંતો કોઈમ્બતુર પધાર્યા. રક્ષાબંધનના પવિત્ર દિને ઉદયનભાઈ-નયનાબહેનના ઘરે મહાપૂજા કરી. ત્યાંના ઘણા ભક્તોનાં ઘરે, દુકાને પધરામણી પણ કરી. દીપકભાઈ જૈનના ઘરે પધારી ગોષ્ઠિનો લાભ આપ્યો. તેમજ પૂરણભાઈ-તૃપ્તિબહેનના ઘરે નિર્મિત રૅકોર્ડિંગ સ્ટુડિયોમાં મહાપૂજા કરી. કોઈમ્બતુરથી સંતો કાલીકટ પધાર્યા. ત્યાં કમલેશભાઈ-મયૂરીબહેનના ઘરે મહાપૂજા કરીને તેઓની દુકાને તેમજ કારખાના પર ધૂન-પ્રાર્થના કરી. દરિયા કિનારે રહેતા રાધાકૃષ્ણભાઈ-નિયતિબહેનના ઘરે પધરામણી કરી ગોષ્ઠિનો લાભ આપ્યો અને પરત કોઈમ્બતુર પહોંચ્યા.

કોઈમ્બતુરની યાત્રા સંપન્ન કરી સંતો બૅન્ગ્લૉર પધાર્યા. બૅન્ગ્લૉરમાં ટ્રાફિકની સમસ્યાને કારણે સમૂહ મહાપૂજાના બદલે ઘરે ઘરે મહાપૂજાનાં આયોજન થયાં. આ માટે અંજનીકુમાર, નૂતનભાઈ આદિ ભક્તોએ ટ્રાન્સપોર્ટની સેવા કરી. સંતોનાં ૪-૫ દિવસનાં રોકાણ દરમિયાન રોજ બેથી ત્રણ મહાપૂજા યોજાઈ. ૨૪ ઑગસ્ટની સવારથી સત્સંગવિચરણ, મહાપૂજા, પધરામણી શરૂ થઈ. જોગેશભાઈ-સોનલબહેન, આશિષભાઈ-સ્નેહલબહેન, મૂકેશભાઈ-સૌમ્યાબહેન, પાર્થભાઈ-ઋત્વિબહેન, કૌશિકભાઈ-દિવ્યાબહેન, સંજયભાઈ-અનિતાબહેન, જુહુલભાઈ-રુહીબહેન આદિના ઘરે મહાપૂજા કરવામાં આવી. દર વર્ષે શ્રાવણ માસમાં સંતો પધારતા હોય છે તેથી સૌ ભક્તો સંતોની તેમજ તેઓ દ્વારા થતી મહાપૂજાની રાહ જોતા હોય તેવું સહજ અનુભવાયું. ૨૬ ઑગસ્ટના રોજ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની મહાપૂજા અને ઉત્સવ જુહુલભાઈ-રુહીબહેનના ઘરે ઊજવ્યો. ૨૮ ઑગસ્ટના રોજ મૂકેશભાઈ સક્સેનાના ઘરે સાધુ પૂ. હરેશદાસજી દ્વારા કીર્તન આરાધના પ્રસ્તુત થઈ. ઉપસ્થિત સૌએ દિવ્ય આનંદની અનુભૂતિ કરી.

બૅન્ગ્લૉરથી સંતો ૨૮ ઑગસ્ટની રાત્રે વિજયવાડા પધાર્યા. બીજા દિવસે સવારે કેવલભાઈના શૉ રૂમમાં યોજેલ શ્રાવણ માસની મહાપૂજા કરી. મહાપૂજામાં સ્થાનિક ગુજરાતીઓ-ભક્તો પધાર્યા, તે સૌને પરમ આનંદ આવ્યો. ત્યારબાદ નવીનભાઈ અને સાગરભાઈની અલગ અલગ ફોરમાઈકા વેચાણના શૉ રૂમ પર જઈને ધૂન-પ્રાર્થના કરી. વિજયવાડામાં અન્ય કેટલીક પધરામણી સંપન્ન કરી સાંજે બી.એ.પી.એસ. મંદિરે દર્શનાર્થે પધાર્યા. સભામાં સાધુ પૂ. પીટરદાસજીએ અનુપમ મિશનની પ્રવૃત્તિઓ વિશે સૌને વાત કરી. સાધુ પૂ. હરેશદાસજીએ સરસ ભજન ગાઈ કીર્તન-ભક્તિનો આનંદ કરાવ્યા બાદ સંધ્યા આરતીનો લાભ લીધો. ત્યારબાદ નવીનભાઈના ઘરે, સ્થાનિક વડીલ હરિભક્ત જગતભાઈ શેઠના ઘરે, સ્થાનિક ભક્તો વિમલભાઈ રતનપરા અને શૈલેશભાઈ મારડિયાની દુકાને તેમજ તેલુગુ પરિવારનાં મુમુક્ષુ દુર્ગાઆન્ટીના ઘરે પધરામણી કરી. આમ સૌને ભગવાનનો સંબંધ આપી, નિઃસ્વાર્થભાવે ધૂન-પ્રાર્થનાઓ કરી, સત્સંગસુખ આપી સંતોએ હૈદરાબાદ પ્રતિ પ્રયાણ આદર્યું.

હૈદરાબાદમાં સંજયભાઈ-સરસ્વતીબહેન, નવીનભાઈ-અમિતાબહેન, અરુણભાઈ તુલસ્યાન તથા સંજયભાઈના મારવાડી સમાજના મિત્રો આદિનાં ઘરે પધરામણી કરી સત્સંગલાભ આપ્યો. તેમજ સંજયભાઈ-સરસ્વતીબહેનના નૂતન આવાસના હૉલમાં અત્યંત ભક્તિભાવે સમૂહ મહાપૂજા સંપન્ન થઈ. ૧ સપ્ટેમ્બરે સવારે અમીરપેઠમાં ઈશ્વરભાઈના ઘરે તેઓના દીકરા હિતેનનાં લગ્ન નિમિત્તે સર્વ પરિવારના ભક્તોની ઉપસ્થિતિમાં પ્રાર્થનાઓ કરી. બંઝારા હિલમાં સંજયભાઈના મોટા દીકરા અંકુરભાઈની નિર્માણાધીન નૂતન ઑફિસમાં અને શમશાબાદમાં મૂકેશભાઈ-રીટાબહેનના નૂતન આવાસમાં પધારી પ્રાર્થના અને પુષ્પાંજલિ અર્પણ કરી. રાત્રે યોજેલ કીર્તન આરાધનામાં સાધુ પૂ. હરેશદાસજીએ ભજનોનાં ગાન કરી સૌને કીર્તન-ભક્તિમાં તરબોળ કર્યાં. હૈદરાબાદની યાત્રા સંપન્ન કરી દક્ષિણ ભારતના ભક્તોને ૨૫ દિવસ સુધી અલભ્ય સત્સંગલાભ આપી સંતો પરત બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા. ◆

## સંતોની ન્યૂઝીલૅન્ડની સેવાયાત્રા

પ્રશાંત મહાસાગર પર સ્થિત એક સુંદર દેશ ન્યુઝીલૅન્ડના રળિયામણા નગર ઑકલૅન્ડમાં પૂ. જસાણીસાહેબ-રાધામાસીનાં દીકરી અને જમાઈશ્રી અમિતાબહેન અને જહોનુભાઈ છેલ્લાં લગભગ ૨૫ વર્ષોથી નિવાસ કરી રહ્યાં છે. પૂ. અમિતાબહેનને તો ગુરુહરિ સંતભગવંત સાહેબજીમાં ભગવદ્ સ્વરૂપના ભાવની પ્રતીતિ અને સદ્‌ગુરુઓ પૂ. શાંતિદાદા અને પૂ. અશ્વિનદાદાની પ્રાર્થના અને આધ્યાત્મિક જતને સત્સંગના રંગ-ઉમંગ અને આનંદ સહજ પ્રાપ્ત થયા. જહોનુભાઈ ખૂબ જ તેજસ્વી, કુશળ વહીવટની ક્ષમતાયુક્ત, કવિહૃદય અને અધ્યાત્મપંથી મુમુક્ષુ અક્ષરમુક્ત. ગુરુહરિ સંતભગવંત સાહેબજીનાં દિવ્ય દર્શન, સત્સંગ અને માહાત્મ્યના યોગથી સદ્‌ગુરુઓ પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદાનાં અપાર દિવ્ય પ્રેમ અને પ્રાર્થનાથી તથા સાધુ પૂ. સતીશદાસજી, પૂ. ઉત્પલદાસજીના સમાગમથી સત્સંગના મહિમા અને આનંદની અનુભૂતિ વધતી રહી છે.

આ વર્ષે ગુરુહરિ સાહેબજીની આજ્ઞાથી લગભગ પ્રતિવર્ષની જેમ સાધુ પૂ. સતીશદાસજી અને પૂ. ઉત્પલદાસજીની સાથે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી પ્રથમ વખત ન્યૂઝીલૅન્ડની સેવાયાત્રામાં જોડાયા.

૭ સપ્ટેમ્બરે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સાધુ પૂ. ઉત્પલદાસજી સાન ફ્રાન્સિસ્કોથી ઑકલૅન્ડ પહોંચ્યા, જ્યાં સાધુ પૂ. સતીશદાસજી ભારતથી યાત્રા કરી એક દિવસ અગાઉ પહોંચ્યા હતા. ૭ સપ્ટેમ્બરના શુભ દિને શ્રી ગણેશ ચતુર્થી અને સંવત્સરી મંગલ પર્વોના સંગમે ઑકલૅન્ડમાં ઍક્સ-સર્વિસમૅન મૅમોરિયલ હૉલમાં આશરે ૧૭૦ હરિભક્તો અને મુમુક્ષુઓએ સત્સંગસભાના લાભ પ્રાપ્ત કર્યા.

અમિતાબહેન-જહોનુભાઈનાં કુશળ આયોજન હેઠળ ડૉ. નીલિમાબહેન, ડૉ. વિપુલભાઈ, અતુલભાઈ, તીર્થ, ધ્રુવી, દર્શન, હૃદય સહિત સૌ યુવાનો અને ગૃહસ્થ અક્ષરમુક્ત ભાઈ-બહેનોએ શ્રી ગણપતિ વંદના કરતાં સ્વાગત ભાવનૃત્ય પ્રસ્તુત કર્યાં. ડૉ. નીલિમાબહેનના મધુર અને ભાવસમૃદ્ધ સભાસંચાલનમાં યોજિત સત્સંગસભામાં સાધુ પૂ. ઉત્પલદાસજી તથા પૂ. સતીશદાસજીએ સત્સંગના મહિમા તથા મંદિર અને સાધુના યોગનાં માહાત્મ્ય સમજાવતાં પ્રવચનો કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ પણ અઠવાડિક સત્સંગસભા, નિયમિત ધૂન-પ્રાર્થના તથા સૌના ગુણ-મહિમા ગ્રહણ કરવાનાં મહત્ત્વ સમજાવ્યાં. આરતી અર્પણ કરી સૌએ ભેગાં મળી શ્રી ઠાકોરજી મહારાજના મહાપ્રસાદ ગ્રહણ કર્યા.

૮ સપ્ટેમ્બરે જહોનુભાઈ-અમિતાબહેનના નિવાસસ્થાને શ્રી મહાપૂજામાં પણ સૌ સ્થાનિક ભક્તોએ લાભ લીધા. ◆



ન્યૂઝીલૅન્ડ-ઑસ્ટ્રેલિયાની ધર્મયાત્રાએ પધારતા સંતોને સાહેબજીનાં આશીર્દાન





ન્યૂઝીલૅન્ડના ભક્તોને સત્સંગસભામાં આધ્યાત્મિક લાભ પ્રદાન કરતા પૂ. મનોજદાસજી

## શ્રદ્ધાંજલિ



**પૂ. શાંતિભાઈ ટાંક :** અનુપમ મિશનના દિવ્ય સત્સંગ પરિવારના આત્મીય અક્ષરમુક્ત પૂ. શાંતિભાઈ ટાંક (પૂ. શાંતિમામા) યુ.કે.માં ૮ ઑગસ્ટ ૨૦૨૪ના રોજ અક્ષરનિવાસી થયા. ભારતીય મૂળના પૂ. શાંતિમામા ઈસ્ટ આફ્રિકાથી ઈંગ્લેન્ડ આવી સ્થાયી થયા. ગુરુદેવ યોગીજી મહારાજના આશીર્વાદ અને સંતભગવંત સાહેબજીની આજ્ઞાનુસાર ભક્તિમય જીવન જીવી તેઓએ તથા પૂ. રંજનમામીએ સંતો અને ભક્તોની પ્રભુના ભાવથી સેવા કરી. પૂ. શાંતિમામાએ પોતાનાં કૌશલ્ય અને બાગાયતના હુન્નરને અનુપમ મિશનના મંદિરજીમાં શ્રી ઠાકોરજી મહારાજ અને સંતો-ભક્તોની સેવામાં સમર્પિત કરી જીવન સત્સંગપરાયણ અને ધન્ય બનાવ્યું અને ગુરુહરિ સાહેબદાદા અને સદ્ગુરુ સંતોની કૃપાશિષ પ્રાપ્ત કરી. પૂ. શાંતિમામાના અક્ષરધામગમન પ્રસંગે તેઓને ભાવસભર શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અનુપમ મિશન, યુ.કે. સ્થિત તપોભૂમિ બ્રહ્મજ્યોતિના મંદિરજીમાં પ્રાર્થનાસભાનું આયોજન થયું. આ સભામાં પૂ. શાંતિમામાનાં સૌ પરિવારજનો, સગાં-સ્નેહીઓ તથા સત્સંગના અક્ષરમુક્તોએ તેઓના આત્માની શાંતિ માટે તથા પરિવારજનોની સમતા-સ્થિરતા માટે કીર્તનભક્તિ અને પ્રાર્થનાસુમન અર્પણ કર્યાં. સંતભગવંત સાહેબજીએ જીવનમાં સત્સંગ અને પ્રભુભક્તિના મહિમા અને લાભને સમજાવી આશીર્વાદ રૂપે કૃપા પરાવાણી દ્વારા સૌને કૃતાર્થ કર્યાં. ◆



**પૂ. અરવિંદ સિંગ :** મુંબઈના નિષ્ઠાવાન સમર્પિત અક્ષરમુક્ત કે. સી. સિંગસાહેબ-લતાબહેનના સુપુત્ર અને સેવાભાવી યુવાન અરવિંદ સિંગ ૨૩ ઑગસ્ટ ૨૦૨૪ના રોજ ૫૦ વર્ષની ઉંમરે અક્ષરધામ સિધાવ્યા. અરવિંદ સિંગ સક્રિય રીતે નવી મુંબઈના ખારઘર સ્થિત મંદિરજીની સેવામાં સંતોનાં વચને હોમાયા હતા. ઓછા ખર્ચે સારામાં સારું મટિરિયલ વપરાય અને કૉન્ટ્રાક્ટર પણ મંદિરનું કામ સેવાના ભાવથી કરે તેવી ભાવના રાખી છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી ખારઘર સ્થિત મંદિરજીના મેઇન્ટેનન્સ માટે તેઓ ખૂબ જહેમત ઉઠાવતા. તેઓ યુવાપ્રવૃત્તિમાં સઘન રીતે સહભાગ આપી વિવિધ આયોજનોમાં સેવાપ્રવૃત્ત હતા. સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોમાં અપાર નિષ્ઠા, અનુપમ મિશનના વ્રતધારી સંતો સાથે પ્રીતિ અને સૌ ભક્તો સાથે સુહૃદભાવથી જોડાયેલા રહીને તેઓએ જીવતર ધન્ય કરી તેમજ ભક્તિનો આદર્શ પૂરો પાડી માતા-પિતાના સંસ્કારનો ઉત્તમ ગુણવારસો દિપાવ્યો. તેઓની ભક્તિયાત્રામાં તેઓનાં ધર્મપત્ની મનુબહેનનો પણ અદ્ભુત સહકાર પ્રાપ્ત થયો. નમ્રભાવે મહિમાથી સેવા-ભક્તિ કરવાના સંસ્કાર તેઓએ તેઓના બંને સંતાનો પરમ અને ગોપેશનાં જીવનમાં પણ સીંચ્યા. નાની ઉંમરે અરવિંદ સિંગની વિદાયના સમાચારે સ્વાભાવિક જ પરિવારજનોને દુઃખ થાય, પરંતુ આવા વિકટ સમયે પણ પ્રભુના કર્તાપણાનો સ્વીકાર કરી સૌએ જે સમતા દાખવી છે તે પ્રેરણાદાયી છે. સત્સંગમાં કે. સી. સિંગસાહેબનાં પ્રદાન તથા મંદિર અને સંતોના પક્ષે રહેવાની ભાવના અદ્ભુત છે ! તેથી જ આવા સમયે પરિવારજનો સાથે સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી સદ્ગુરુ સાધુ પૂ. હર્ષદદાદા અને સંતોએ ઉપસ્થિત રહી બળ પૂર્યાં. અરવિંદ સિંગની ખોટ મુંબઈ મંડળ અને સમગ્ર સત્સંગ સમાજને પડશે ત્યારે પ્રભુ સર્વને સર્વ પ્રકારનું બળ અર્પે તેવી પ્રાર્થના સાથે સદ્ગતને ભાવભરી શ્રદ્ધાંજલિ ! ◆



**પૂ. અશ્વિનભાઈ પટેલ :** વડોદરાનિવાસી પૂ. અશ્વિનભાઈ પટેલ ૪ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યા. સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતો સાથે અપાર પ્રીતિથી જોડાયા. યુવાનવયે વલ્લભવિદ્યાનગરમાં કૉલેજમાં ભણવા આવ્યા ત્યારે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આજ્ઞાથી સંતભગવંત સાહેબજી યુવાનોની અઠવાડિક સભા શ્રી રામકૃષ્ણ મિશન હૉલમાં કરતા ત્યારથી તેઓ સત્સંગમાં જોડાયા અને જીવનપર્યંત અતૂટ ભાવે જોડાયેલા રહ્યા. અનુપમ મિશન પ્રેરિત વડોદરા પ્રદેશ સત્સંગના પાયામાં તેઓએ ખૂબ સેવા-ભક્તિ કરી. વડોદરા પ્રદેશના ભક્તોનાં જતન અને સંભાળ કરી માવતર તરીકેની ભૂમિકા ખૂબ દાસત્વભાવે નિભાવી. મંડળના ભક્તોનાં સુખ-દુઃખમાં તેઓની પડખે ઊભા રહીને સૌને બળ આપતા. વડોદરા મંડળના અઠવાડિક સત્સંગસભા, સમૈયા-ઉત્સવ અને યુવાપ્રવૃત્તિને વેગ આપવા અદ્ભુત માર્ગદર્શન આપ્યું. યુવાનો પર વિશ્વાસ દાખવી સત્સંગમાં સક્રિય કર્યા. તેથી જ તેઓ અશ્વિનભાઈ 'પ્રમુખ'ના હુલામણા નામે સત્સંગમાં જાણીતા થયા. તેઓની આ સઘળી સેવાયાત્રામાં તેઓનાં ધર્મપત્ની વર્ષાબહેને ખૂબ સહકાર આપ્યો. સેવાભક્તિની આવી જ ભાવના અને સત્સંગના સંસ્કાર તેમના સુપુત્ર પ્રણવભાઈને આપ્યા. સત્સંગના પાયાના આવા વડીલ અક્ષરમુક્ત અશ્વિનભાઈએ ભક્તિમાર્ગે આદર્શ પૂરો પાડ્યો. તેમની સેવા અને ભક્તિસભર સમર્પણને અંતરથી વંદન ! ◆



**Ronak Vijay Thakkar (06.06.88–16.08.24) :** The son of extremely devout aksharmukto, Pujya Vijaybhai and Darshanaben Thakkar, concluded his journey of this lifetime at the young age of 36 years. As the great-grandson of the great Saint Param Pujya Shantaben Popat, the spiritual legacy was his birth-right. He grew up under the umbrella of his devout grandparents, Pujya Shantilal and Lalitaba, nurtured by his parents Pujya Darshanaben and Vijaybhai. He was extremely intelligent, charismatic, witty and funny and also received the immense family inheritance of kindness, compassion and generosity.

Recapitulating a cherished memory, it takes me back many years to a conversation between Guruhari Sahebdada and Ronak. It was about ten years ago in Mogri. Guruhari Sahebdada remarked, 'Ronak *algari chhe*.' It was extremely surprising to hear this, as this word is only used to describe an elevated state of a Sadhu. The word *algari* means to live in the world but be internally detached from it. At that time, Ronak was a dashing young man in his prime, living life to the fullest. However, Guruhari Sahebdada's words rang true, for while he lived amidst everyone, he was also aloof from it.

During the same conversation with Guruhari Sahebdada in Mogri, Guruhari Sahebdada teased him and said, 'Ronak if you don't get married, I will have to make you a Sadhu!' Dada slapped his hand and they laughed heartily. On another occasion, Guruhari Sahebdada casually remarked, 'Ronak *sadhu jevo chhe*.' He was referring again to Ronak's inner state of being.

In 2020, Ronak and his younger brother Rahkesh both came to India with Pujya Vijaybhai and Darshanaben to attend the Murti Pratishtha Mahotsav in Mogri. Although Ronak may not be seen at the mandir often, that is where his heart was. He sent pictures and spoke to those closest to him about it. During the Mahayagna for the murti pratishtha, he sent photographs to his cousin Pujya Rajshreeben in Dubai. He asked her to come and Pujya Rajshreeben came for a period of twenty-four hours! Ronak connected her to Guruhari Sahebdada. After spiritually seeking for many years, her soul found its source and she came home to Guruhari Sahebdada.

Ronak purposefully did everything that he wanted to in this lifetime. He arrived in Canada in August 2023 to attend the Murti Pratishtha of Anoopam Mission's Toronto mandir. He spent some incredible quality time with Guruhari Sahebdada at Niagara Falls. In the morning pooja, Guruhari Sahebdada spoke addressing Ronak directly and explained the importance of daily half an hour dhun. He told Ronak that God will show you the way in everything. Ronak did half an hour dhun every single day.

On Friday the 16 August, it was the UK Mandir's patotsav. In the evening there were kirtans, and at the end Guruhari Sahebji asked everyone to do dhun for Ronak. Collectively all bhakto chanted and here in Leicester too, the whole family was watching online and this was playing live in Ronak's room – everyone was chanting at 10.10 pm. At exactly 10.22pm, Pujya Ronak took his leave and returned to Akshardham. On his face was a smile, and an indescribable peace. Guruhari Sahebji arrived at 1.00am from London, prayed and performed the rites. Guruhari Sahebji said, 'He is already in Akshardham, seated with Maharaj.'

Ronak decided to take his leave in the month of Shraavan, which is the most sacred month of the Hindu calendar. It was Pavitra ekadashi on that day and it was the patotsav of the murti's at our London mandir. There could not have been a more auspicious date or time. The prarthana sabha that took place a few days later on Tuesday 20 August was an occasion filled with divinity, in the divine presence of Guruhari Sahebdada - and that peacefulness continued to radiate out. Guruhari Sahebji's presence and blessings provided the calm strength of Pujya Vijaybhai, Darshanaben, Rahkesh and Janki and is testament to the devotion they carry within, and the height of their devotional surrender to God's will. On Friday 23rd August, Pujya Himat Swamiji, with Sadhu Pankajdasji and Pujya Maheshbhai carried out the final *vidhi.* It was befitting the great soul that Ronak was. Filled with family and friends, with so many people flying in from all over the world – Ronak was celebrated. The occasion was sad, but it was filled with light, after all, the word *ronak* means light, bright, luminous – it is everything that Ronak was. ◆



સંતભગવંત સાહેબજી દ્વારા ભગવાન શ્રી રાધાજી-કૃષ્ણજી યુગલ મૂર્તિનાં પૂજન



શ્રી ઠાકોરજીને અત્યંત ભાવથી અન્નકૂટ અર્ઘ્ય અર્પણ





પિયોરિયાના નૂતન મંદિરે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા દ્વારા શ્રી નીલકંઠ વર્ણીજી અભિષેક મૂર્તિનાં પૂજન-અભિષેક



મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સંતભગવંત સાહેબજીનાં સાંનિધ્યમાં વ્રતધારી સંતો



સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં સાંનિધ્યમાં બિમલભાઈ શેઠ અને પરિવાર



શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનાં સ્વયંસેવક યુવકો-યુવતીઓને સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ



પિયોરિયાના નૂતન મંદિરે સંતભગવંત સાહેબજી અને સંતો દ્વારા શ્રી મુક્ત–અક્ષર–પુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત સ્વરૂપોની પ્રાણપ્રતિષ્ઠા



સંતભગવંત સાહેબજી દ્વારા મૂર્તિઓનાં પૂજન



સંતભગવંત સાહેબજી અને સંતો દ્વારા આરતી અર્પણ


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 23-09-2024 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**